કુમાર

અંક ૨૧

વર્ષ : ૨
અંક : ૯

ઉગતી · પ્રજાનું · માસિક

ભાદરવો
૧૯૮૧



કુમાર કાર્યાલય
રાયપુર · અમદાવાદ

તંત્રી
રવિશંકર રાવળ

પ્રસાદ

તમને ગાળ દેનારા સાથે પણ હસીને બોલશો, તેની સાથે હૃદયથી તમે પ્રેમ કરશો તો એનું પાપ ચાલ્યું જશે. પ્રેમથી જ સામાને જીતી શકાય છે. મારપીટથી મળેલું દુનિયામાં નભી નથી શકવાનું. અને એ જમાનો આવતો મારી આંખે જોઇ રહ્યો છું, કે જ્યારે મારપીટથી કશું જ સાધી ન શકાય.

રાષ્ટ્રભાવના એટલે રાષ્ટ્રની ઉન્નતિની સાધના—જગતના કલ્યાણના ધ્યેયને માટે સાધના.

હીંદુસ્તાનની સ્વતંત્રતા ઇંગ્લંડ અથવા અંગ્રેજોને નેસ્તનાબૂદ કરીને જ મેળવી શકાતી હોય તો મને તે નથી જોઇતી. મારો દેશ સ્વતંત્ર એ કાજે થાય કે બીજા દેશો મારા સ્વતંત્ર દેશ પાસેથી કાંઇક શીખે, કાંઇક બોધ લે. મારો દેશ સ્વતંત્ર એ કાજે થાય કે મારા દેશનાં સાધનોના જગતના કલ્યાણ અર્થે ઉપયોગ થાય. . . .

એટલે મારી રાષ્ટ્રભાવના—મારા રાષ્ટ્રપ્રેમનો અર્થ એ છે કે મારો દેશ બીજા દેશોના કલ્યાણ અર્થે સ્વતંત્ર થાય, કે જેથી કોઇ વાર જરૂર પડયે જગતને અર્થે તે મરી ફીટી શકે.


ખુશામત અને ક્રોધ એ એક જ વસ્તુની—નબળાઇની—બે બાજુ છે. એક બાજુએ ક્રોધ છે. નબળો માણસ ખુશામત કરે, અથવા પોતાની નબળાઇ ઢાંકવા ક્રોધ કરે.

સફાઇ કરવાનું કામ એ કેવું પુણ્યકાર્ય છે! એ કામ કાં તો બ્રાહ્મણ કરી શકે, કાં તો ભંગી કરી શકે. બ્રાહ્મણ એ જ્ઞાનપૂર્વક કરે, ભંગી અજ્ઞાનપૂર્વક કરે છે. મને બંને પૂજ્ય છે, આદરણીય છે. બેમાંથી એકેનો લોપ થાય તો હીંદુ ધર્મનો લોપ થવાનો છે.

ભારેમાં ભારે કામ કરતાં તમારા આગ્રહને ન છોડજો, સત્યને ન છોડજો. તેમજ વિનય અને મૃદુતાને ન છોડજો.

ખાદીનું કપડું તમને જાડું લાગે છે. તમને ખાદી ખુંચે એમ તમે કહો એટલે તમને આ દેશ ખુંચે છે એવો અર્થ થયો. અને જેને દેશ ખુંચે તે સ્વરાજ શું મેળવે?

કોના વાણીનો આ પ્રસાદ છે? જુઓ પાછળ



એમની પ૭મી જન્મજયન્તિના પુણ્યસ્મરણમાં



ભા ર તી

અંબે ! સંસ્કૃતિઓની તું જનેતા છે, માતાઓની તું માતામહી છે, સૃષ્ટિની તું મહાસંન્યાસિની છે. કુદરત તો આજ્ઞાંકિત રહી અહર્નિશ તારી સેવા કરે છે.

કલ્યાણી ! આ નિરાધાર અવકાશમાં તું અમને ધરી રહી છે, અને રસવિધાત્રી કામધેનુ સરખી તારાં વિવિધ અન્નજળથી પોષે છે — વસ્ત્ર વડે ઢાંકે છે.

નીલમરંગી વસ્ત્રોવાળી ધુમ્મસમૂર્તિ શી ક્યારેક તું સમુદ્રવિહાર કરે છે, ક્યારેક રણભૂમિમાં મૂર્છિત પડેલા વીરને ખોળામાં લઈ બેસે છે, તો કદિક મહત્ત્વાકાંક્ષી યુવકના જીવનનું નવું જ પાન ઉઘાડે છે.

મૈયા ! જુગજુગથી તું ‘ ઝુંપડીનો ધર્મ ’ જાળવતી આવી છે; ત્યાં પણ કેટલાક તને લુટે છે; કોઈકોઇ ઝુંટે છે . . . . પણ હવે અમે એ જોઇજાણી રહેવાના તો નથી જ.

મતિહીણાં તને ભલે ‘ માટી ’ માનો; પણ તારા એકેએક અણુપરમાણુમાં નિરતિશય પ્રાણ ભર્યો છે. તારી ચરણરજ અમે મસ્તક ચડાવીએ છીએ ત્યાં તો દરેક ધુળકણ ફુલફુલ બની જાય છે !

તારી આરતીની ઝાલર સાથે દિશદિશના શબ્દ ગાજે છે. અને જે વેળ એક ભેરીનાદ થશે ત્યારે તારો વિજયધ્વજ અમે હિમધવલ ધ્રુવચોક વચ્ચે રોપીશું.

માડી ! તારા અખંડ કૌમારમાંથી જન્મ પામી, તારે ખોળે ઉછરી સદૈવ અમે તારા જ અંતરમાં શમીશું.

આત્મા જેટલી અનાદિ અને જગત જેટલી અનંત ઓ ભગવતી ! આખી અવની એકદા તારો પ્રકાશ પીશે ત્યારે તું સાચી ‘ વિશ્વભારતી ’ કહેવાશે . . . .

. . . પણ છેલ્લી ઘંટા વાગે છે અને અમે કુચ કરવા સજ્જ થયા છીએ.



વિજ્ઞાનનો જમાનો

આ જમાનો આખો યે વિજ્ઞાનના બળ ઉપર જ નભી રહ્યો છે. કોઇ પણ દેશ અત્યારે વિજ્ઞાનની શોધો વિના એક ક્ષણભર પણ ચલાવી શકે એ બનવું અશક્ય જેવું છે. વરાળ, વીજળી તથા ધાતુઓ અને બીજાં રસાયણોના સંયોગથી જે જે બનાવટો દુનીઆ ઉપયોગમાં લેતી થઇ છે તેમાંની કેટલીક જતી કરવા આજનો માણસ તૈયાર છે ? ઉંડો વિચાર કરતાં જણાશે કે આજના વિજ્ઞાનનો ઉપયોગ સાવ અનિવાર્ય થઇ પડયો છે. એના વિના ચલાવી લઇ શકાય એમ નથી એ ચોક્કસ છે, તો પછી એ વિજ્ઞાનના પ્રયોગ, ઉપયોગ અને અભ્યાસ તરફ બેદરકારી અને ઢીલ રાખનારી પ્રજા પોતાનો આત્મઘાત કરી રહી છે, એ પણ એટલું જ ચોક્કસ છે.

એક જ દાખલો

હીંદુસ્તાનમાં ગળીનો જંગી ઉદ્યોગ ચાલતો હતો. ગળીનાં વાવેતરથી ઘણા લોકોને નિર્વાહનું સાધન મળતું હતું. પણ જર્મનીના એક રસાયણશાસ્ત્રીએ કૃત્રિમ ગળી બનાવવાની શોધ કરી. વીસ વર્ષના અખતરા પછી તેણે ગળી બનાવી તો ખરી, પણ તે બજારમાં પોસાય એટલી સોંઘી પડતી ન હતી, એટલે બીજાં પંદર વરસ લગી ફરી પાછા ચાલુ પ્રયોગો કરી, આખરે એવી ગળી બનાવી કે જે બજારમાં મળતી વાવેતરની ગળી કરતાં કીંમતે સસ્તી અને ગુણમાં ચડીઆતી હતી. બસ ખલાસ ! હીંદુસ્તાન માટે ગળીની પેદાશ સદાકાળ માટે બંધ થઇ. ગળીનું વાવેતર કરનારા કાં તો બીજા ધંધા શોધે, અથવા ભુખે મરે.

તમે પોતે

કેટલે દરજ્જે ખરાબ છો એ જાણો એટલે સજ્જન બનવાનું પહેલું ગથીઉં શરૂ થયું.

આપણે ક્યાં છીએ ?

યુરોપમાં તો વિજ્ઞાનના અભ્યાસ અને અખતરા પાછળ દરેક દેશ અનગળ દ્રવ્ય ખર્ચી મોટી પ્રયોગશાળાઓ ચલાવે છે. તેમાંથી રોજ કંઇકંઇ શોધો અને પરિણામો બહાર આવે છે અને એની મદદથી જ તે દેશો પોતાની ખેતી, ધંધા, વેપાર, રહેણીનાં સાધનો વગેરેમાં કરકસર કરી અને બચત વધારી એ રીતે દેશની સંસ્કૃતિ અને સંપત્તિમાં વધારો કરી ઉન્નત થવા લાગ્યા છે. ધાન્યના એક દાણાને બદલે બે દાણા ઉગાડી શકનાર રસાયણી દેશની દોલત બમણી કરે તેમાં કાંઇ પાપ નથી. જે દેશ વધારે અનાજ પકવી શકે, પોતાના વપરાશના પદાર્થો વધારે સગવડવાળા અને સસ્તા બનાવી શકે, જરૂરીઆતની ચીજો ઓછી મહેનતે ઓછા વખતમાં ઉત્પન્ન કરી શકે તે દેશ કુદરતી રીતે જ આબાદ થવાનો. પણ હીંદુસ્તાનને માટે એ નસીબ નથી દેખાતું. આપણા શ્રીમાનો પૈસા એકઠા કરવા મહેનત કરે છે; પણ એ પૈસા વધારવાનાં સાધનો માટે જરા યે મહેનત નથી લેતા. હુન્નરશાળાઓ અને પ્રયોગશાળાઓ— નાની કે મોટી, ગામેગામ ચાલતી હોય તો કેંક બુદ્ધિશાળી છોકરાઓ ત્યાં નાનપણથી જ હાથકામની તાલીમ મેળવે, રસાયણોના સાદા પ્રયોગો સમજી કરી શકે અને વખત આવ્યે તેમાંથી એકાદ વિરલ પુરુષ એવો પણ નીકળી આવે જેનાથી આખા દેશને કોઇ સંગીન ફાયદો થાય; અને એ એક જ માણસની એક જ સફળ શોધ કે પ્રયોગથી એ બધી શાળાઓ પાછળ કરેલો ખર્ચ ઉગી આવે.

પારકી આશા

પરંતુ શ્રીમાનો કંઇ કરે એવી આશા પણ ઉગતી પ્રજા તો હવે છોડી જ દે. જે ઉગતું ઉછરતું લોહી કરશે તે કોઇ નથી કરી શકવાનું. ગામેગામ વિદ્યાર્થીઓ અને યુવકો ભેગા થઇ પરસ્પરની સહાય અને સંપથી એકાદ મકાન રોકી તેમાં કંઇકંઇ રસાયણી ઉદ્યોગોના અખતરા કરવાનું, તે વીશે પુસ્તકો એકઠાં કરવાનું, વાંચવાનું, અનુભવોની આપલે કરવાનું—ભલેને નાના પાયા ઉપર પણ—શરૂ કરી દે એના જેવું બીજું કશું અસરકારક નહિ નીવડે.

રસાયણનાં મુળ તત્ત્વો સમજાવનારા ગ્રેજ્યુએટો તો અત્યારે ઘણા મળી આવે છે. તેમને આવાં મંડળોમાં ખેંચી લાવી તેમનું જ્ઞાન વાતચીતના રૂપમાં મેળવી લેવું; તેઓ કૉલેજમાં જે ક્રિયાઓ અને હકીકતો શીખ્યા હોય તેમાંથી બને તેટલીના પ્રયોગો રૂબરૂ કરાવી જોવા;—આ જાતની સક્રિય શરૂઆત થોડા જ વખતમાં અજબ જેવું પરિણામ લાવશે.

નવા ધંધા

નીશાળ છોડી વરસ બે વરસ નાકરી કે ધંધો શોધવાને ગાંઠના રોટલા ખાઈ ભટકતા કેંક જુવાનો નજરે પડે છ. પણ તેમાંથી કોઇ એક કલાક પણ નવા ધંધાની તાલીમ શિક્ષણ કે અનુભવ લેવાને તૈયાર નથી હોતો. તેમની માન્યતા એવી હોય છે કે તેઓએ નીશાળનો અભ્યાસ પુરો કર્યો એટલે તેઓ પગાર કે કેળવણીને લાયક થઈ ગયા ! આ ક્રમ સેંકડે નવ્વાણું ટકા

વિદ્યાર્થીઓના હોય છે.

વીજળી, ફોટોગ્રાફી, તારખાતાં, સંચાઓથી ચાલતું દરેક ખાતું વગેરે અનેક બાબતો એવી છે કે જેમાં વિજ્ઞાનનું જ્ઞાન ધરાવનાર માણસ સરળતાથી પ્રવેશ કરી ફાવી શકે. પણ નવાઈની વાત તો એ છે કે કૉલેજમાં સાયન્સના વર્ગોમાં વર્ષો સુધી ભણ્યા પછી પણ વિદ્યાર્થીઓ નોકરી જ શોધ્યા કરે છે. તેઓ ધારે તો રસાયણી જ્ઞાન અને ચોકસાઇથી, લખવાની અને છાપવાની વિવિધરંગી શાહીઓ, તેલો, વારનીશો, તેજાબો, જાતજાતના પદાર્થોના ડાઘ કાઢવાના, ધાતુઓ સાફ કરવાના, કલાઇઓ ચડાવવાના વગેરે ચાલુ ધંધાઓ અભણ કામદારો કરતાં ઘણા સારા અને સુધારાવાળા કરી શકે. જે અભ્યાસબુદ્ધિથી તેઓ કૉલેજના પ્રયોગો શીખે છે એટલી જ ચીવટથી શહેરમાં ચાલતા ધંધાઓમાં નજર નાખે તો તેમના જોગું ઘણું કામ નીકળી આવે અને જાતે સારી કમાણી કરવા ઉપરાંત દેશને લાભ કરી શકે. કૉલેજના એક વર્ષના ખર્ચ જેટલી મુડીમાંથી તો તેઓ કામ કરવાનાં સાધનો પણ ઉભાં કરી શકે અને પોતાને ઘેર બેઠાં નિર્વાહ ચલાવી શકે. ધંધો ચલાવતા જાય અને સાથેસાથ નવાં ચોપાનીઆં અને પુસ્તકો વાંચી જ્ઞાન વધારતા જાય તો એકકાળે તેઓના હાથમાં સમૃદ્ધિની અને દેશહિતની અનેક કુંચીઓ આવી પડે. અલબત્ત, ધંધો ચલાવતાં ધંધાના ગુણો પણ ખીલવવા જોઇએ. સાચી ગણત્રી, નિયમિતતા, ઉદ્યમ વગેરે ગુણો તો જોઇએ જ. પણ જેઓ નોકરી કરે છે તેમને પણ એટલી જ મહેનત નથી પડતી શું ? તો જાતજોખમે એટલી મહેનત પોતાના ઘર માટે લેનારને નોકરી જેટલું તો મળી રહે.

જુવાનો ! ભવિષ્યપર નજર નાખતાં શીખો, આસપાસથી મળી આવતી વસ્તુઓના ઉપયોગ શીખો, અને તમારા દેશની વહી જતી સંપત્તિનું રક્ષણ કરવા કેડ બાંધો. તમે પ્રમાદ કરશો તો તમારૂં કુટુંબ, તમારા બાંધવો, તમારાં માનઆબરૂ ટકી રહેવાની આશા છોડજો.

હજી પણ

ફોટોગ્રાફીની હરીફાઇ માટે શું માગ્યું છે તે મોકલનારાઓ સમજતા નથી. દેખાવો અથવા માણસોનાં ટોળાંના ફોટોગ્રાફો નહિ પણ એક જ માણસનું સુંદર ગોઠવણીનું પૉર્ટ્રેટ જોઇએ.

તમે તમે તમે

એક મહાવાક્ય છે કે જેણે પોતાની જાતને નથી જાણી તે જીવતો મુઓ છે. . . . તમે જ તમારી જાતને પુછી જુઓને, કે તમે કોણ છો, તમારી શક્તિ શી છે, તમારા પર કોનો કેટલો આધાર છે એનું તમને પોતાને ભાન છે ?

જેની નસોમાં તાજું કસુંબલ ધગધગતું લોહી વહે છે, જેની આંખોમાં ઉજળા ભાવિનો ચમકાર છે, જેના કંઠમાં વિજયધનુષના ટંકાર છે એવા— શક્તિના દંડ સમા બાહુ અને અભેદ્ય દુર્ગ જેવા હીંમતબાજ સીનાઓવાળા ઓ નવજુવાનો, તમે કોણ છો, તમારામાં કેટલું સામર્થ્ય છે એની તમને ભાળ છે ?

તમે તો દેશની આશાનું હૃદય છો. એના પ્રાણની પ્રતિમા તમે છો, ચેતનની મૂર્તિ તમે છો; તમે જ દેશના જીવનની જાગતી જ્યોત છો.

કોઇપણ દેશનો, કોઇપણ સમયનો ઇતિહાસ તપાસો, અને તમે જોશો કે એમાં સફળતાનો ભાગ ઉગતી પ્રજાએ જ ભજવ્યો છે. વિજયમાળ હમેશાં ઉગતી પ્રજાના જ ગળામાં પડી છે. અણીના ટાંકણે તેણે જ દેશને દોર્યો છે અને તાર્યો છે.

થાકેલા બળદે કદિ ધુંસર ખેંચી જાણી છે ? આપણા સંસાર-રથના ભાર વહનાર અત્યારે થાકેલા છે. એનું દરેક પાસું તપાસો : સમાજ કે રાજકારણ, વેપાર કે ઉદ્યોગ, સાહિત્ય કે કલા — બધે થાકેલા વૃદ્ધોના ખભા ઉપર રહેલી ધુંસર ભારથી પડુંપડું થઈ રહી છે. દરેક ક્ષેત્રમાં દરેક જણ એ ભાર ઝીલતો તારણહારની રાહ જોઇ રહ્યો છે. એ તારણહાર તમે — ઉગતી પ્રજા છો.

એ દરેક ક્ષેત્ર તમારે માટે ખુલ્લું પડ્યું છે. ત્યાં જોબનથી ફાટફાટ થતા જુવાનોની જરૂર છે; દેવના દૂત જેવા દુગ્ધમલ કુમાર-કુમારીઓની ત્યાં રાહ જોવાય છે. ત્યાં અદમ્ય ઉત્સાહની અગત્ય છે; ત્યાં પ્રાણનાં પુર જોઇએ છે. . . . અને એ તમારામાં છે.

અમેરિકાનો અત્યારનો ઉત્કર્ષ તેની ઉગતી પ્રજાને આધારે છે; જાપાનનો જયવારો તેની ઉગતી પ્રજાએ જ જાગીને માત્ર પચાસ વરસમાં કર્યો; મુછનો દોરો સરખો પણ નથી ફુટ્યો એવા જર્મન જુવાનો અત્યારે પોતાના થાકેલા દેશને પાંગરતો કરવા મથી રહ્યા છે.

એશીઆની સંસ્કૃતિ પણ ઉગતી પ્રજાને જ સાદ દઈ રહી છે. હજી ગઈ કાલે જ ઇજીપ્તની ઉગતી પ્રજા નિદ્રા ખંખેરી ખડી થઇ ગઇ છે; હજી આજ સવારે જ ચીનના જુવાનો જાગીને પોતાના દેશની જંજીરો તોડવા મથી રહ્યા છે.

દુનીઆની દિશાએ દિશામાં ઉગતી પ્રજાના આગમનનો ડંકો વાગે છે; જુવાનોની હાકલ ગર્જે છે; આવતી પ્રજાનો સંદેશ ગાજે છે; — એ વેળા, ઓ હીંદના જુવાનો, તમે ક્યાં છો ?

તમે, **તમે**, **તમે** — ક્યાં છો ?

સર સુરેન્દ્રનાથ બૅનરજી

જ્યારે કોઈ ભાવનાશાળી પુરુષ મૃત્યુ પામે છે ત્યારે તેનો આત્મા આખી પ્રજામાં પ્રસરી જાય છે. એ આત્માના



સર સુરેન્દ્રનાથ બૅનરજી

અંશ રૂપ ભાવનાઓ અને સંસ્કારો ઝીલવાનું કામ ધબકતા હૃદયવાળી ઉગતી પ્રજાનું છે.

બહુરત્ના વસુંધરા ભારતીમાં બંગાળ મુળથી વધુ આગળ વધેલું છે. એના અનેક મહાન પુરુષોમાં સ્વ. સુરેન્દ્રનાથ બૅનરજીનું સ્થાન સહજે પહેલી પંક્તિમાં આવે છે.

સર સુરેન્દ્રનાથ હીંદી રાષ્ટ્રીય મહાસભા(તે વખતની ઇન્ડીઅન નૅશનલ કૉંગ્રેસ)નો પાયો નાખનારાઓમાંના એક હતા. હીંદમાં જ્યારે રાજદ્વારી વાતાવરણ નહિ જેવું — આછોતરૂં હતું, અને થોડા ગણ્યાગાંઠયા કેળવાએલા સીવાય દેશ પોતાની કંગાલ દશા વીશે અજ્ઞાનાંધકારમાં સબડતો હતો, તે વેળા પોતાની સિંહ સમી ત્રાડથી આખા બંગાળ અને હીંદને ખળભળાવી સતેજ કરનાર એ બંગાળકેસરી સુરેન્દ્રનાથ. ઇંગ્લંડમાં હીંદને કોઈ પીછાનતું યે નહોતું તે વખતે ઠેઠ પાર્લામેન્ટ સુધી હીંદનો સાદ પહોંચાડનાર એ દેશનેતા સુરેન્દ્ર બાબુ.

—અને સરકારી જેલના પહેલા રાજદ્વારી કેદીનો અને અંતે સરકારી ધારાસભાના કેળવણી તથા સ્વરાજ્યખાતાંના પ્રધાનપદનો દરજ્જો મેળવનાર પણ એ જ સર સુરેન્દ્રનાથ.

૭૭ વર્ષની ઉતરતી અવસ્થામાં પણ એક જુવાનથી યે વધુ પ્રાણવાન રહી કાર્યમાં મચેલ સુરેન્દ્ર બાબુ હીંદી પ્રજાને હમેશના આદર્શ રૂપ છે. એ એક કામ હાથ પર લે, એટલે એની પાછળ એટલો પરિશ્રમ લેતા કે એને સિદ્ધ કર્યા સિવાય જંપે જ નહિ. એ રીતે મેળવેલી ઘણીઘણી સિદ્ધિઓ એ સંઘરી ગયા છે.

સર સુરેન્દ્રનાથ સમયમૂર્તિ ઉપરાંત વિભૂતિ હતા. એમની ગુણવત્તા અનેકશિખ પ્રગટી હતી. જાતમહેનત પર ઉભનાર જુવાન, હીંમતબાજ લડવૈયા, રાજકારણના અભ્યાસી, અડગ રાજદ્વારી નેતા, યુવકગણના આચાર્ય, અપૂર્વ અને પ્રબળ વક્તા, સમર્થ પત્રકાર, પ્રખર પ્રચારક અને સૌથી વિશેષ તો એ શ્રમજીવી—પોતાની

જ જાતમહેનત પર જીવીને દેશસેવા કરનાર રાષ્ટ્રભક્ત હતા.

ઓગણીસમી સદીના એ અર્વાચીન ઋષિ, સ્વરાજ્યના આદિ દ્રષ્ટા તેમ જ શક્તિસંપન્ન સિદ્ધિનાથ તરીકે સદાકાળ સંસ્મરણીય રહેશે.

ઉગતી પ્રજાને પ્રિય અને પ્રેરક એવા એ સુરેન્દ્ર બાબુના સમગ્ર જીવનમાંથી આછું છાયાચિત્ર આ નીચે આપીએ છીએ.

ઇ. સ. ૧૭૫૭ની પ્લાસીની લડાઇને એક સૈકો પુરો થવા આવ્યો હતો. કંપની સરકારની સત્તા સ્થિર જામી હતી. મોગલ સલ્તનતના છેલ્લા શ્વાસ જેવો અંધ — અપંગ બાદશાહ શાહઆલમ અંગ્રેજ સત્તાધીશ લૉર્ડ વેલેસ્લીનો પેટીઆંખાઉ બની ગયા પછીનો અરધો સૈકો વીતતો હતો. લૉર્ડ વિલિયમ બેન્ટિંકે અંગ્રેજી ભાષાને રાજભાષા બનાવી હતી તેને અનુસંધાને હવે તો અંગ્રેજી કેળવણી પાછળ ખાસ ખર્ચ અને ખાસ ઉત્તેજન ચાલુ થયાં હતાં. આ વેળા, એ પેલા ખાલસા-શૉખીન લૉર્ડ ડેલહાઉસીનો રાજ્યકારોબાર શરૂ થયો તે નામીચી ઇસવી સન ૧૮૪૮. આ સઘળી બીનાઓ અને અંગ્રેજોની આ બધી રાજનીતિનું કેન્દ્ર હતું બંગાળ: અને બંગાળમાં યે કલકત્તા — એક સમયનું 'કાલિઘાટ.'

રાજભાષા અંગ્રેજીની કેળવણી લેનારને એ વેળા ઉંચી નોકરીઓ અને હોદ્દાઓ મળતા. બંગાળી માબાપોને એ રાજભાષાનો મોહ લાગ્યો હતો, અને પોતાનાં સંતાનોને અંગ્રેજીની નહેર વાટે જ બધું શીખવતા હતા.

પણ જે તરુણ વર્ગ એ કેળવણી લેતો થયો તેની મનોદશા કેવી હતી? બંગાળની નવાબી નાબુદ થયા બાદ આ નવી રાજ્યસ્થાપનાથી એમના મનમાં નવી મહત્ત્વાકાંક્ષા જન્મી, કરમાએલી આશાઓને અંકુર ફુટ્યાં અને હણાએલા પ્રાણને ફુલ બેઠાં. નવીનતા મળી અને જુનો કંટાળો ગયો. અંગ્રેજી કેળવણી દ્વારા નવી દિશા ને નવું કામ દેખી તેઓ ધસતા. તેમનું લોહી ચટકા લેતું અને તેમના હાથ ચળવળતા. આજ લગી માર્ગ ન મળેલો તેથી આ નવો લાભ ઉઠાવવા તેઓ તલસી રહ્યા. આ નવા રાજ્યમાં પદાધિકાર મેળવવા એમનો જુવાન પ્રાણ કુદી ઉઠ્યો.

એ તેજસ્વી કુમાર

એવા એક તરુણ આત્માનો અવતાર, ઇ. સ. ૧૮૪૮ (વિક્રમ સંવત ૧૯૦૪)માં દુર્ગાચરણ બૅનરજી નામના એક બંગાળી દાક્તરને ત્યાં થયો. જુવાનીઆઓનો મોવડી થનાર એ બાળક સુરેન્દ્ર બાળપણથી જ અતિશય ચપળ, તેજસ્વી ને હોશીઆર હતો.

એક નાની નીશાળના તદ્દન નાના નીશાળીઆ તરીકેનો નીચલો પ્રસંગ નોંધવા જેવો છે. પિતાપુત્ર વચ્ચે ઘરમાં એકવાર વાતચીત ચાલતી હતી:

'પણ એમાં થઇ શું ગયું?'

'ના, પણ માસ્તર મને 'ભામટો' કહે જ કેમ? મારે ભણવા જવું નથી.'

'એ તો મશ્કરીમાં કહ્યું હશે; તેમાં આવડું માઠું શું લગાડે છે?'

'પણ એ પોતે એટલું ન જાણે કે છોકરાઓને કેમ બોલાવવા જોઇએ? ત્યારે માબાપ નામ શા સારૂ પાડતાં હશે? હું તો ત્યાં ભણવા જનાર નથી.'

'હું એમને કહીશ, અને હવે બીજી વખત કહે તો પછી વાત.'

'ના, મારે બીજી વાર 'ભામટો' થવું હોય તો ને? તમે મને બીજી નીશાળે મોકલો તો જ હા. અહીં તો હું નહિ જ જાઉં.' કહેવાની કશી જરૂર છે કે આ વાતચીતમાં સ્વમાની અને હીંમતવાન સુરેન્દ્રની હઠ જીતી અને પિતાની હાર થઇ?

આ પછી થોડે વરસે નાનો ચબરાક સુરેન્દ્ર અંગ્રેજ છોકરાઓ માટેની ડવટન કૉલેજના મેદાનમાં હાથમાં ચોપડીઓ લીધેલ વિદ્યાર્થી તરીકે આવતો જતો દેખાય છે. એ વિચક્ષણ છોકરાને ઓળખવો છે કે? કૉલેજના વાર્ષિક મેળાવડાઓમાં દર વરસે જે પેલો હીંદુ વિદ્યાર્થી ફરીફરીને ગંભીર ગૌરવથી ઇનામો જીતી લઇ જાય છે તે જ આ સુરેન્દ્ર.

બંગાળના અજબ કુદરતી દેખાવ જોતો, સરોવર કાંઠે નાના છોડવાઓથી રમતો છતો ધ્યાનમગ્ન ને ઉઘાડા માથાવાળો વીસ વરસનો કુમાર પેલો સુરેન્દ્ર બેઠો છે. એ બી. એ. માં તાજો જ પાસ થયો છે. 'હવે શું કરવું'નો સવાલ તેના ચિત્તમાં જોસથી ઘોળાય છે ને મનમાં એ મોટા મનોરથો ઘડે છે.

આઇ. સી. એસ.નો અભ્યાસી

જે વેળા જુવાન સુરેન્દ્ર નવી જીંદગીના તરંગ ઉછાળતો હતો અને મોટી મોટી આકાંક્ષાઓ પરીઓની પેઠે તેની આંખ આગળ ગોળાકાર નાચી ઉઠી હતી ત્યારે જગતનો વિધાતા તેના જીવનનો નવો અને જુદો જ ઘાટ ઘડી રહ્યો હતો.

ડવટન કૉલેજના તે વેળાના પ્રિન્સિપાલ સાઇમ સાહેબ આ યુવકનો જાજ્વલ્યમાન સ્વભાવ અને વયથી વિશેષ બુદ્ધિશક્તિથી મોહ પામી તેના પિતાને મળ્યા. ચકોર, પ્રજ્ઞ અને તેજસ્વી સુરેન્દ્રનાથનાં વખાણ કરી તેણે સુચવ્યું કે એને 'સિવિલ સર્વિસ'ની પરીક્ષા આપવા વીલાયત મોકલવો. દાક્તર દુર્ગાચરણ પોતાના પુત્રને મહાન જોવા તૈયાર હતા. તેણે સાઇમ સાહેબની સુચના માનીને સુરેન્દ્રનાથની નવી કારકીર્દિ શરૂ કરી, અને એક દિવસ 'કોટ-હૅટ-પૅન્ટ'માં સજ્જ થએલો સુરેન્દ્રનાથ ઈંગ્લંડ જતી સ્ટીમરમાં ઉપડયો ને આઇ. સી. એસ. નો અભ્યાસી થયો.

લંડનના એક મકાનમાં આપણો જુવાન સુરેન્દ્રનાથ મોટી આશાઓ બાંધી એકચિત્તે અભ્યાસ કરવા મંડયો. ઈંગ્લંડના નવીન અને ઉત્તેજક વાતાવરણમાં જે કૈં બંગાળી આળસાઇ હતી તે પણ ઉડી ગઇ. મહાન ગૌરવભર્યું પદ મેળવવાની મહત્ત્વાકાંક્ષાએ અને ભાવિ જીવનનાં સુખી સ્વપ્ને એને અત્યંત કાર્યમગ્ન કરી દીધો. ઈંગ્લંડનો સ્વતંત્ર અને માદક પવન એના મગજમાં ઘુમવા લાગ્યો. સાથે સાથે રાજનીતિઓના અભ્યાસથી તેનામાં સ્વમાની નર તરીકેનાં હીંમત અને અભિમાન સ્ફુર્યાં.

પણ આઇ. સી. એસ. ની રમત તે વેળા અજબ હતી. મુળ તો, વેપારી બુદ્ધિના અંગ્રેજ યુવકો કેળવાઇને રાજ્યના તંત્રીઓ બને તે સારૂ સિવિલ સર્વિસની યોજના બંધાઇ હતી; પરંતુ જે દેશ ઉપર અમલ ચલાવવાનો છે તે દેશની પ્રજાને પણ નામનો હક મળે તેટલા માટે તેઓને સિવિલ સર્વિસમાં જવાની છુટ દીધી હતી. પણ હીંદી યુવકોને સારૂ એ અનેકધા વસમી હતી. એક તો કેળવણીમાં પ્રજા જ પાછળ. બીજું અભ્યાસનું ધોરણ અંગ્રેજીમાં જ; હીંદી ઉમેદવારોએ અંગ્રેજ અભ્યાસીઓ સાથે તેમની ભાષામાં અને તેમના દેશમાં હરીફાઇ કરવા જવું. ત્રીજું ચારપાંચ વર્ષનો અભ્યાસક્રમ, ને તે ખુબ જ ખર્ચાળ. પરીક્ષકો પણ અંગ્રેજો જ. મનુષ્યના સ્વભાવને સુલભ દાક્ષ્યાં અને પક્ષપાત ઘણો.

પરંતુ નવયુવક સુરેન્દ્ર આ બધી મુશ્કેલીઓ પસાર કરીને, ભવિષ્યમાં અદ્‌ભુત પુરુષ થનાર રોમેશચંદ્ર દત્ત સાથે પરીક્ષામાં બેસી શકયો. એની બુદ્ધિનો રંગ ઝળકી ઉઠયો. એ પાસ થયો; પણ અંગ્રેજ પરીક્ષકોએ એને ઉમરનો બાધ કાઢી હીંદી અમલદાર થવા માટે ચુંટયો નહિ. પણ આપણો ઉમેદવાર નાઉમેદ ન થયો. ડવટન કૉલેજના અંગ્રેજ વિદ્યાર્થીઓના સહવાસથી તેનામાં બોલવાની સુલભતા અને છટા આવ્યાં હતાં. ઈંગ્લંડમાં રહેવાથી તેનામાં કામ કરવાની અજબ શ્રદ્ધા અને સ્વમાન વધ્યાં હતાં. પોતાની વય હીંદુ રીત મુજબ ગણવાથી કાયદેસર છે એ તેણે અદાલતમાં કેસ ચલાવી પુરવાર કર્યું. એક ઉગતા વિદ્યાર્થીના લડત આગળ હરીફોના હાથ હેઠા પડયા, અને સુરેન્દ્રનાથે આસામના સીલહટ નગરના અસિસ્ટન્ટ મૅજિસ્ટ્રેટ તરીકે હીંદુસ્તાનને કાંઠે સગર્વ પગ મુકયો. એ વેળા એના પિતા દુર્ગાચરણ પોતાના સુપુત્રનું મોં જોવા ભાગ્યશાળી નહોતા. થોડાંક જ અઠવાડીઆં ઉપર તે કૈલાસવાસી થયા હતા!

બે ઘા

પરંતુ સરકારની નજર સારી ન હતી. બે વરસના ગાળામાં તો એમની અમલદાર તરીકેની કારકીર્દિમાં અનેક નજીવાં દૂષણો અને પામર આક્ષેપો કાઢયા. અને આ બધી વીગતોની ચોક્કસાઇ કરવા એક 'કમિશન' બેસાડયું. સુરેન્દ્રનાથે આ 'કમિશન'ની બેઠક ખુલ્લે બારણે જાહેરમાં ચલાવવા માગણી કરી પણ સરકારે તે ન માની. તેણે બંધબારણે છુપી રીતે સુરેન્દ્રબાબુને 'અપરાધી' ઠરાવ્યા અને માસિક ૫૦

રૂપીઆનું પેન્શન દઇને 'સિવિલ સર્વિસ'માંથી બરતરફ કર્યા !

પણ સજા ખમી લેવી એ સુરેન્દ્રનાથના સ્વભાવથી વિરૂદ્ધ હતું. એકદમ તે વીલાયત ઉપડ્યા અને થએલો અન્યાય ટાળવા યત્ન કરવા લાગ્યા. બધું ફોકટ ગયું. આજ લગીનું કર્યું કારવ્યું ધુળધાણી થયું જાણી સુરેન્દ્રનાથને જબરો આઘાત લાગે એ સ્વાભાવિક હતું. મોટી મોટી આશાઓનો કોટ આમ ધસી પડે એ દેખી તેમણે ફરીવાર એક બીજો યત્ન આદર્યો. બૅરિસ્ટર બનવાનો મનસુબો કર્યો, અભ્યાસ કર્યો ને પરીક્ષા દીધી. પણ બરતરફ થએલા સરકારી અમલદારોને એ 'કાળો ઝભ્ભો' આપવામાં નથી આવતો એ રૂએ સુરેન્દ્રનાથ બૅરિસ્ટર થઇ શકયા નહિ ! કાળજાંતુટ અભ્યાસ પછીનો આ ઘા કારી નીવડ્યો. પ્રામાણિક યત્નો કરીને પણ મોટું પદ મેળવવાનો આકાંક્ષી હીંદી યુવક સરકારી રાજ્યતંત્રમાં ભાગીદાર થવા કમનસીબ નીવડે છે એ વૃત્તિવાળા સુરેન્દ્રનાથ હીંદ પાછા વળ્યા. આજ એમના પગ ધીમા હતા, મુખના હોશકોશ ઉડી ગયા હતા.

આ બે જબરા આઘાતો ઝીલી હવે કયાં જવું ? જીંદગી કેમ શરૂ કરવી ? સુરેન્દ્રનાથના મિત્રો માંહોમાંહે વાતો કરતા હતા કે હવે સુરેન્દ્ર શું કરશે ? આવા તેજસ્વી જુવાનની કારકીર્દિ ધુળ મળી; એનું ભવિષ્ય ભુંસાઇ ગયું ! તેઓએ વળી સુરેન્દ્રને ખાનગી સલાહ પણ આપી કે અહીં તો આ સરકારી જાળામાં ફાવી શકાય તેમ નથી. પણ તમે નામ બદલી નાખીને ઑસ્ટ્રેલીઆ જાઓ અને ત્યાં નસીબ અજમાવો !

હવે દેશને માટે


પણ સુરેન્દ્રનાથનો જુસ્સો જબરો હતો, એનો આત્મા પ્રાણવાન હતો અને હીંમત અજબ હતી. હીંદીઓને કાયદેસર થતી અડચણોથી એનો પિત્તો ઉછળ્યો. એનો ગર્વ એને ચોરીછુપી કરી ઑસ્ટ્રેલીઆ જવા દે તેમ નહોતો. તદ્દન સાચી સમજથી તેણે વિચાર્યું, કે કદાચ હું ઑસ્ટ્રેલીઆ જઇ યશ અને ધનનો મોટો માલીક બનું તેથી શું ! મારા જેવા અનેક હીંદી જુવાનોની મુશ્કેલીઓ તો મારા જેટલી જ રહેવાની ને ? બસ, આજસુધી જે મેં જાતને માટે કર્યું તે હવે દેશને માટે કરીશ. એમ કરતાં સરકારથી લડવું પડે તો તેમ પણ કરીશ, પણ મારા હીંદની સેવા બજાવીશ, અને જે સરકારે મને છેહ દીધો છે તેની જ ધારાસભાઓમાં હું બેસીશ જ બેસીશ. આ નિશ્ચય કરીને તે મુજબ તેણે પોતાનો જીંદગીનું સુકાન વાળ્યું.

શરૂઆતમાં તેઓ મહાન સંસારસુધારક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની 'મેટ્રોપૉલિટન ઇન્સ્ટીટ્યૂટ'માં બસો રૂપીઆના દરમાયાથી અધ્યાપક નીમાયા. ત્યારબાદ બીજી બે શિક્ષણસંસ્થાઓનો અનુભવ લીધો, અને જ્યારે કેળવણી વીશેના તેમના સિદ્ધાન્તો પરિપક્વ થયા ત્યારે કલકત્તાના બાઉ બજારમાં આવેલી એક નાની શાળાનું આખું તંત્ર પોતાના હાથમાં લઇ તે ચલાવવી શરૂ કરી.

રિપન કૉલેજ

એ વેળા પ્રો૦ સુરેન્દ્રનાથ વિદ્યાર્થીઓમાં એટલા બધા પ્રિય થઇ પડ્યા હતા કે વાતવાતમાં આ નાની શાળા ભવ્ય 'રિપન કૉલેજ' બની ગઇ. સુરેન્દ્ર બાબુ એના પ્રાણ હતા. એમની જોરદાર ભાષા, માર્મિક ભાવ અને સચોટ છટા એવાં અપૂર્વ હતાં કે મોહિત શિષ્યોનાં ટોળેટોળાં એમને વીંટળી વળ્યાં. યુવકપ્રેમી અધ્યાપક સુરેન્દ્રનાથમાં કોણ જાણે કેવું યે લોહચુંબક હતું અને કેવી યે મોહની હતી કે બંગાળનો આખો જુવાનવર્ગ દીપક આગળ પતંગીઆં જેમ એમની તરફ અજબ આકર્ષણે ખેંચાતો.

શરૂઆતમાં માંડ સો વિદ્યાર્થીઓ હતા, તેના વખત જતાં પંદરસો થયા. કેળવણીને ઉત્તેજન દેવા ખાતર સરકાર શિક્ષણના અમુક હક પોતાને હાથ રાખીને ખાનગી શાળાઓને 'ગ્રાન્ટ' (નાણાંની મદદ) આપે છે. પણ એવી કોઇ પ્રકારની સહાય પ્રિન્સિપાલ સુરેન્દ્રનાથે ન લીધી, સરકારી જાપ્તાનીતિ ન સ્વીકારી અને આખી કૉલેજને પોતાના ખર્ચે સ્વતંત્રપણે નભાવી. યુવકોની કેળવણીનું સુકાન વરસો સુધી ચલાવ્યા પછી આચાર્ય સુરેન્દ્રનાથે જ્યારે એ આખી સમૃદ્ધ સંસ્થા આખરે પ્રજાને હાથ સોંપી તે વેળા તેમાં પુસ્તકાલય, પ્રયોગશાળા, ફર્નીચર અને ૨૫,૦૦૦ રૂા. જેટલી રોકડ રકમની સામગ્રીનો



'ગુજરાત'ના સૌજન્યથી] જુવાન સુરેન્દ્રનાથ

પણ સમાવેશ થતો હતો.

એક પ્રબળ અને પંકાએલા કેળવણીકાર તરીકે સુરેન્દ્રનાથનું સ્થાન ઉંચું છે. એ બંગાળાના આર્નોલ્ડ કહેવાય છે. જેવી રીતે ઈંગ્લંડના આર્નોલ્ડે રગ્બીની કૉલેજ સંસ્કારી તે જ રીતે એમણે ત્રીસ વર્ષ સુધી રિપન કૉલેજ ઘડી, રક્ષી અને વિકસાવી.

યુવકપ્રેમી અધ્યાપક

તેઓ કહેતા કે જો વિદ્યાર્થીઓને મેં અવનવી પ્રેરણાઓ કે ભાવનાઓ આપી તેઓનું જીવન ઘડયું છે, તો બીજી બાજુએ વિદ્યાર્થીઓનાં હૃદય-મનના તનમનાટ અને અભિલાષ જોડે એકરસ થવાથી મને પણ કૌમારનો નવો પ્રાણ ને નવો ઉછરંગ મળ્યા કર્યો છે.

આજસુધી શિક્ષણશાસ્ત્રીઓ એમ જ માનતા કે વિદ્યાર્થીઓ આગળ તો અભ્યાસ સિવાય દેશના રાજકારણ સંબંધી કશી જ વાત થાય નહિ; તેમને દેશના રાજકારણમાં નાખવા એ અકલ્યાણ છે. કોઇપણ શિક્ષક કે પ્રોફેસર જુવાન વિદ્યાર્થીઓ આગળ—એ ઉગતી ભાવિ પ્રજાની જોડે રાજનીતિ કે રાજકારણ ચર્ચતા જ નહિ. પરંતુ સુરેન્દ્રનાથનો આત્મા તો દેશનો પ્રાણ જગાડવા તલસી રહ્યો હતો. એમનો તો દૃઢ નિશ્ચય હતો કે ઉગતી પ્રજા સમક્ષ અપૂર્વ આદર્શ પુરો પાડે તેવા પુણ્યચરિત મહાપુરુષોનાં વ્યાખ્યાન કરી એ ધબકતાં હૃદયોમાં ઉંચી દેશદાઝ ઉત્પન્ન કરવી. અને સાચ્ચે જ, જ્યારે વર્ગમાં તે ઇટાલીના વીર પુરુષો મૅઝિની, ગૅરીબાલ્ડી ને કાવુર ઉપર ભાવોદ્રેકવાળાં ભાષણો કરતા, બુદ્ધ, ચૈતન્ય અને કૃષ્ણના જીવનસંદેશ પર બોલતા ત્યારે એકેએક વિદ્યાર્થીને રોમાંચ છુટતો. એમનાં લોહી વેગબંધ વહેતાં અને આંખની કીકીઓ અવનવા ભાવોથી ચમકતી.

અને વિધિયોગે કૈંક બન્યું છે પણ એવું કે આપણા મોટમોટા રાજદ્વારી પુરુષોમાંના ઘણાખરા પ્રથમ શિક્ષકો જ હતા. ગોખલે, તિલક અને શાસ્ત્રી એ સૌએ કેળવણીથી જ પહેલ કરી હતી. પોતાના અંતરનો ઉદ્રેક ઉગતી પ્રજામાં ભરપુર રેડયો હતો, તેને પોતાના હૃદયના રંગે રંગી હતી અને પછી જ રાજદ્વારી ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું. સુરેન્દ્રનાથ પણ ઉગતી પ્રજાના આચાર્યનું સંગીન કામ કરીને પછી જ રાજપુરુષ થયા.

મહાસભાનું મંડાણ

હીંદી રાષ્ટ્રીય મહાસભા સ્થપાઈ તે અગાઉ આઠેક વરસે એટલે ઈ. સ. ૧૮૭૬માં સુરેન્દ્રનાથે પોતાના સાથી આનંદ મોહન બોઝની જોડે મળી પહેલવહેલી 'ઇન્ડીઅન એસોસીએશન' નામની સંસ્થા ઉભી કરી. આ સભાનું મુખ્ય ધ્યેય એ હતું કે દેશનો કારભાર 'માત્ર પરદેશીઓથી' નહિ પણ 'માત્ર દેશીઓને હાથે જ' ચાલવો જોઇએ. ૧૮૮૪માં મહાસભાની સ્થાપના થવાથી એની જોડે ભળી ગયા પછી પણ સુરેન્દ્રનાથ અને તેમની આ સંસ્થાએ એ ધ્યેય પાછળ વીસ વરસ સુધી સખત કામ કર્યું.

અને હીંદી મહાસભાની પણ ઐક્ય પ્રવૃત્તિ સુરેન્દ્રનાથ વિનાની ન હતી. પોતે તેના સ્થાપકોમાંના એક હતા, અને તેની સ્થાપનાના દિવસથી તે ઠેઠ ૧૯૧૭માં પોતે જુદા પડ્યા ત્યાં સુધી એમણે તેમાં હમેશાં આગેવાનીભર્યો જ ભાગ લીધો છે. દર બેઠકમાં તેઓ અગત્યના ઠરાવો રજુ કરતા. એમના ભાષણ માટે તો લોકો તલસતા. ૧૮૯૫માં પુનામાં, અને ત્યાર પછી ફરીથી ૧૯૦૨માં અમદાવાદમાં, એમ બે વાર તેઓ મહાસભાના પ્રમુખ ચુંટાએલા. એ બંને વખતનાં એમનાં ભાષણો મહાસભાના ઇતિહાસના ઉજ્જવળ સ્થંભ સરખાં છે.

પ્રખર વક્તા અને સમર્થ પત્રકાર

એમનાં ભાષણો? એમને બીજી કોઈ રીતે ન પીછાનનાર પણ વક્તા તરીકે તો એમને જરૂર ઓળખે છે. વક્તા તરીકે સુરેન્દ્રનાથનું સ્થાન અજોડ છે. ભાષણની એમની જાદુઈ છટાને લીધે એ હીંદના ડિમૉસ્થિનિસ ગણાયા છે. ઇંગ્લંડ પણ એમનાં વ્યાખ્યાન પાછળ ઘેલું હતું. વિલિયમ પિટનો ઘેરો નાદ, ફૉક્સનું વાણીકૌશલ્ય, બર્કની તાજી ને તેજોમય બાની અને શેરિડનનાં મર્માળાં કટાક્ષ—એ સૌ આ ભાષણકારમાં ભરચક હતાં. એ પોતાનાં ભાષણ અતિશય શ્રમ અને ધ્યાન દઇ તૈયાર કરતા. ઈટાલીના મૅઝિનીની જેમ તેમની ભાષામાંથી મુશળધાર આગ વરસતી. બંદુકની ગોળીની પેઠે સુસવાટ કરતી, લોકોનાં હૈયાં વીંધતી તેમની વાણી, સાંભળનારનાં અંતરને ભેદી આરપાર નીકળતી. નરકેસરીની ત્રાડ સરખી તેમની ઘેરી ગર્જનાઓએ અનેકવાર બંગાળને ને હીંદને ધણધણાવ્યું છે. એમનાં ભાષણો પર તો લોકો આફરીન હતા, મોહિત હતા, વારી જતા.

એમની સ્મરણશક્તિ પણ એટલી જ ગજબ હતી. પુનાની મહાસભાના પ્રમુખ તરીકેનું પોતાનું ભાષણ લખ્યા પછી અલાહાબાદમાં પોતાના જમાઇની પાસે એ આખું યે મોઢે બોલી સંભળાવેલું! અને પત્રકાર પણ એવા. જેટલા પ્રેરક અધ્યાપક, જેટલા સમર્થ વક્તા, તેટલા જ શક્તિવાન એ પત્રકાર હતા. પ્રોફેસર મટીને રાજકારણમાં પડ્યા ત્યારથી જ પત્રકાર તરીકે પણ એમનું જીવન શરૂ થયું. ૧૮૭૯માં એમણે 'બંગાળી' અઠવાડિક સોળસો રૂપીએ ખરીદ્યું. કહેવાય છે કે બંગાળીઓ એમની કલ્પનામાં રાચે, અને દક્ષિણીઓ એમના સંકલ્પબળમાં. શ્રમસેવી પત્રકાર બનીને સુરેન્દ્રનાથે આ વાત ખોટી પાડી. કલ્પના, લાગણી, અખુટ બળ, કામની લગની, તેની પાછળ અત્યંત પરિશ્રમ અને અટળ હીંમત વડે એમણે પોતાના પત્રને ખીલવ્યું અને લોકપ્રિય બનાવ્યું. ૧૯૦૦માં એ અઠવાડિક મટી દૈનિક થયું અને સોળસો રૂપીએ ખરીદેલું એ પત્ર અંતે એક લાખની કીંમતનું બન્યું! વચમાં થોડો વખત એ બિપિનચંદ્ર પાસે ચલાવ્યું, પણ છેવટે હમણાં સુરેન્દ્રનાથે ફરીથી તેનું તંત્રીપદ હાથમાં લીધેલું. એક જુવાનના જોમથી પોતાના ઘડપણની રહીસહી શક્તિઓ એ તેની પાછળ ખરચી રહ્યા હતા; અને તે એટલે સુધી કે છેક પોતાની અંતકાળની માંદગીને બીછાનેથી પણ 'બંગાળી' માટે લેખો લખાવ્યા હતા.

રાજકીય ઝુંબેશ

લૉર્ડ લિટનના આખા યે રાજકારોબાર સામે સુરેન્દ્રનાથે 'બંગાળી'ના તંત્રીસ્થાનેથી પ્રબળ રાજકીય ઝુંબેશ ઉઠાવી હતી. એ ઝુંબેશમાં નીચેનો એક કિસ્સો બની ગયો. 'બંગાળી' પત્રમાં સરકારી રાજનીતિ અને રાજ્યતંત્ર બાબત અનેક કડવી કથાઓ આવતી. એકવાર કલકત્તાની વડી અદાલત વીશે કેટલીક ટીકા 'બંગાળી' પત્રે કરી. તેમા એક એવી ખોટી હકીકત લખાઈ કે અંગ્રેજ ન્યાયાધીશે એક હીંદુ કુટુંબની દેવમૂર્તિ શાલીગ્રામને અદાલતમાં મંગાવી હીંદીઓનાં મન દુભવ્યાં છે. બંને પક્ષોની કબુલત પછી જ આ બીના બની હતી; તેથી વડી અદાલતનો તિરસ્કાર કરવા બદલ સુરેન્દ્રનાથ ઉપર કેસ ચાલ્યો. એમણે લખાણની એ સરતચુક માટે માફી ચાહી, પણ તે ન અપાઇ. એક બંગાળી ન્યાયાધીશે માત્ર દંડ કરવાની દરખાસ્ત કરી, પણ તે સુદ્ધાં ન મનાઈ અને સુરેન્દ્રનાથને બે માસની કેદની સજા મળી. 'બંગાળી'ની એ ટીકા તો એમની પોતાની લખેલી નહોતી; છતાં ઘણા જ આનંદપૂર્વક એ જેલમાં ગયા. છેવટની ઘડી સુધી એમણે કોઇને કહ્યું નથી કે એ લેખ કોનો લખેલો હતો. આ બનાવથી એમની

લોકપ્રિયના અનેકગણી વધી ગઈ.

પણ જેને લીધે સુરેન્દ્રનાથ લોકોના પ્રિયતમ થયા તે વળી એક બીજો—હીંદી જુવાનોના હકનો પ્રસંગ છે. સિવિલ સર્વિસ એટલે સરકારી સનંદી નોકરીમાં દાખલ થવાની વય ૨૧ વર્ષની હતી તે બદલીને લૉર્ડ સૅલિસબરીએ ૧૯ વર્ષની કરી. આ ફેરફારથી કોઇ પણ હીંદી યુવક આઇ. સી. એસ.માં બેસી શકે એ અશક્ય થઇ પડયું. અનુભવી સુરેન્દ્રનાથને એકાએક ભુતકાળ યાદ આવ્યો. જુનું વેર તાજું થયું. તરત જ તેમણે ગામેગામ અને પ્રાંતેપ્રાંત જોસભેર ચળવળ ચલાવી, અને એટલેથી સરકારની આંખ ન ખુલી એટલે એસોસીએશનની મારફત એક મંત્રમંડળ (ડેપ્યુટેશન) ઇંગ્લંડ મોકલ્યું. એમાંના એક સભ્ય લાલમોહન ઘોષના અજબ અસરકારક ભાષણ પછી બરોબર ચોવીસ કલાકે ઇંગ્લંડની સરકારને, હીંદી વિદ્યાર્થીઓને રાજ્યતંત્રની ઉંચી પદવીઓ મળે તેવી અનુકુળતાઓ આપવાની યોજના પાર્લામેન્ટમાં મુકવી પડી! આ ઉપરાંત છાપખાનાનો કાયદો વગેરે બીજા સરકારી સુધારા કરાવવામાં પણ સુરેન્દ્રનાથનો સબળ હાથ હતો. અને આમ તેમણે અતુલ બળ અને અટળ હામ વડે ભાવી મહાસભાનું વાતાવરણ તૈયાર કરી દીધું. આ દરમીઆન તેઓ કલકત્તાની શહેર સુધરાઇના સભાસદ અને બીજી એકના પ્રમુખ નીમાયા.

‘સરેન્ડર નૉટ’

પણ સુરેન્દ્રબાબુનો સૌભાગ્યસૂર્ય મધ્યાહ્ને તો હજુ હવે ચડવાનો હતો. ભોગજોગે એવો વિધિ-ખેલ મંડાયો કે કટ્ટર લૉર્ડ કર્ઝન અને વીર્યવાન સુરેન્દ્રનાથ સમકાલીન થઇ ગયા. ઇ. સ. ૧૮૯૮ના ડિસેમ્બરમાં મદ્રાસની મહાસભામાંથી સુરેન્દ્રનાથે કર્ઝનને ‘સમ્રાટના પ્રતિનિધિ’ તરીકે સત્કાર દીધો. બીજી લાહોરની મહાસભામાં એના અમુક સુધારાઓ સારૂ ધન્યવાદ આપ્યો. પણ એ દિવસો બહુ વાર ન રહ્યા. લૉર્ડ કર્ઝને રાજકારભારનું ધોરણ બદલ્યું. એટલે અમદાવાદની ૧૯૦૨ની મહાસભાના પ્રમુખપદેથી સુરેન્દ્રનાથે કાયદેસર ચળવળનું રણશીંગું ફુંક્યું. તેઓ બોલ્યા કે ‘જ્યારે સરકાર દેશી માલને કાયદાનું રક્ષણ નથી દેતી તો પછી આપણે જ આપણા માલનું જતન કરવું રહ્યું. દેશહિતને સારૂ જે ભોગ આપ્યો હોય છે તેનો ચક્રવૃદ્ધિ વ્યાજે બદલો મળે જ છે.’ પણ લૉર્ડ કર્ઝન પોતાને ધોરણે જ આગળ ચાલ્યા, અને પ્રજાની અરજીઓ કે વીનવણીઓ ન ગણકારી તેણે બંગાળાના બે ભાગલા પાડયા. બસ, ત્યારથી સુરેન્દ્રનાથ બંગભંગની સામે પડી બંગાળાના દેશનેતા અને પ્રબળ પ્રજાનાયક બન્યા.

માતૃભાષા બંગાળીમાં એમણે અસરકારક ભાષણો કરી આખો દેશ ખુંદ્યો. ચળવળથી પણ સરકાર ન સળવળી એટલે ઇતિહાસપ્રસિદ્ધ પેલો ‘બૉયકૉટ’નો પવન એમણે બંગાળને ચારે ખુણે ફુંક્યો. ઇગ્લંડમાં બનેલો કોઇ માલ ન લેવો એવો સખત વિરોધ બંગાળ વટીને બહારના હીંદમાં પણ ફેલાઇ ગયો. હવે સરકાર ચોંકી ઉઠી. એની સત્તા સ્ફુરી. પણ સુરેન્દ્રનાથનો લોકપક્ષ મજબુત હતો. તેમણે પરદેશી માલના બહિષ્કાર માટે ચોકીપહેરા શરૂ કર્યા.

જ્યાં જુઓ ત્યાં દ્વેષ અને ક્રોધનો વડવાનળ ભભુકતો હતો. સુરેન્દ્રનાથનો પ્રાણપ્રવાહ પુરજોસમાં વહેતો હતો. બારીસાલના જુવાનોએ એકવાર એમની આગેવાની હેઠળ સરઘસ કાઢ્યું. ‘વંદેમાતરમ્’ ગીતનો ઘેરગંભીર નાદ ઉઠયો અને પોલીસ છંછેડાઇ. જુવાનો ઉપર ફટકાનો માર પડવા માંડયો. તે વેળા આખા સરઘસનું જોખમ પોતા ઉપર લઇ સુરેન્દ્રબાબુ મોવડી બન્યા અને લશ્કરી અમલદારને સંભળાવી દીધું કે ‘આવો, મને પકડો.’ મૅજિસ્ટ્રેટે તેમનું અપમાન કર્યું તે બદલ તેને યે આકરો જવાબ રોકડો પરખાવી દીધો. સુરેન્દ્રબાબુને માફી માગવાનું કહેવામાં આવ્યું પણ તેની તેમણે સાફ ના પાડી. આ તેજસ્વી પ્રસંગ પછી એમની લોકપ્રિયતાનો પાર ન રહ્યો. લોકોએ ઉમળકા અને લાડથી એમને સુરેન્દ્રનાથને બદલે ‘સરેન્ડર-નૉટ’ (નમતું નહિ આપનાર) કહીને બોલાવ્યા. જુવાનીઆઓના તો તે બીજા પ્રાણ થઇ પડયા. આખરે ઘણી ધમાલ પછી સરકારને બંગભંગ ખેંચી લેવો પડયો અને સુરેન્દ્રનાથને લોકોએ ‘બંગકેસરી’ અને ‘બંગાળાના તાજ વગરના રાજા’ના ઇલકાબથી નવાજ્યા.

ઓસરતો જુવાળ

પરંતુ ધીમેધીમે જુવાનો લગામ છોડી ગયા, તેઓ લાઠીઓની મારફુટ, કાવતરાં અને બૉમ્બ ફેંકવાનો ધંધો લઇ બેઠા તથા સ્વચ્છંદ ને અત્યાચારનો શોખ ઉડાવ્યો. આ જોઇને કાયદેસર લડત ચલાવનાર સુરેન્દ્રબાબુને દુઃખ લાગ્યું. તેમને થયું કે આ બહેકેલા જુવાનીઆઓના પગમાં બેડી નાખવામાં નહિ આવે તો પરિણામ અનિષ્ટ આવશે. એટલે તેમણે બધી હીલચાલ ઠંડી પાડી નાખી. મીદનાપુરની પરિષદમાં જુવાનીઆઓએ તેમની આ નરમાશને ધિક્કારી કાઢી. મહાસભામાં વિનીત અને ઉદ્દામ એવા બે પક્ષ પડી ગયા; અને ૧૯૦૮ની સુરતની કૉંગ્રેસમાં લોકમાન્યની સરદારી નીચે ઉદ્દામ પક્ષ જોરમાં આવ્યો; વિનીતો ને ઉદ્દામો વચ્ચે તોફાન થયું; અને તે દિવસથી વિનીત પક્ષના સુરેન્દ્રનાથની લોકપ્રિયતાનો જુવાળ ઉતરવા માંડ્યો.

સર સુરેન્દ્રનાથ

ત્યાર પછી તો દિલ્હીદરબારમાં બંગભંગ રદ થયો અને હીંદુસ્તાનને 'રાજકીય સુધારાઓ' બક્ષવામાં આવ્યા, એટલે સુરેન્દ્રનાથને સંતોષ થઇ ગયો; એમની રાજદ્વારી લડત પુરી થઇ! તે પછી તો એ બંગાળાની ધારાસભામાં ગયા અને ત્યાં સરકારના કેળવણી અને સ્થાનિક સ્વરાજ્ય ખાતાંઓના પ્રધાન બન્યા. એ હોદ્દો એમણે ૧૯૨૩ સુધી ભોગવ્યો. પ્રધાનપદ આપ્યા પછી સરકારે ૧૯૨૧માં એમને 'સર'ના ઇલકાબથી પણ નવાજ્યા.

પોતાના પ્રધાનપદ દરમ્યાન એમણે એક સુંદર કામ કર્યું છે કલકત્તાની શહેરસુધરાઇનું ધોરણ તેમણે વધુ વિશાળ અને પ્રજાસત્તાક કર્યું અને આ રીતે પોતાની લાંબા વખતની મુરાદ પુરી કરી. એ માનતા કે શહેરસુધરાઇ ખાતું એ સ્થાનિક સ્વરાજનું બીજ છે, અને એમાંથી સંસ્કારાયા પછી જ સ્વરાજની ઢબ, આવડત અને પ્રજ્ઞા મળે છે.

જલીઆંવાલામાં હત્યાકાંડ થવાને પરિણામે પ્રજા જાગી અને વિફરી, નાગપુરમાં અસહકારનો સાદ ઉઠ્યો, સ્વરાજીઓનું જોર જામ્યું, તેમણે ધારાસભાઓ કબજે કરી નિષ્ક્રિય કરી મુકી,—આ બધાંની સામે એક વખતના ઉગ્ર સુરેન્દ્રનાથે વિરોધ કર્યો. પણ સ્વાતંત્ર્યને માર્ગે જોસભેર કુચ કરતી પ્રજાને, ક્યાંય પાછળ પડી ગએલા સુરેન્દ્રનાથનો એ સાદ સાંભળવાની ઇચ્છા નહોતી.

પછીથી જ્યારે ધારાસભામાં પણ એમને જગા ન મળી એટલે પોતે એકાન્તવાસ લીધો, અને એ વાનપ્રસ્થ દશાનાં બે વરસમાં તેમણે 'ઘડાતું રાષ્ટ્ર' નામની પોતાની જીવનકથા લખી.

વંદનીય અને સ્મરણીય

પરંતુ લોકપ્રિયતામાંથી આમ ઓસરી ગયા છતાં એમના અનેક ગુણોને લીધે એ સદા વંદનીય અને સ્મરણીય રહેશે. એમનો અદમ્ય ઉત્સાહ, એમનો અજેય જુસ્સો, એમનો અથોક પ્રાણ કોઇ પણ ચેતનવંતા લોહીમાં થનગનાટ પ્રેરવાને બસ છે. એમની કાર્યનિષ્ઠા કેટલી એકાગ્ર અને અડગ હતી તે નીચેના દાખલા સ્પષ્ટ બનાવી આપે છે. એમની પેલી 'ઇન્ડીઅન એસોસીએશન'ની સ્થાપના થવાની હતી. સુરેન્દ્રનાથ ઉત્સાહપૂર્વક એના કામમાં મચ્યા હતા. એવામાં એકાએક એની સ્થાપનાતિથિને દિવસે જ એમનો પુત્ર ગુજરી ગયો. પણ સુરેન્દ્રનાથનું ફરજ–ભાન એવું તીવ્ર હતું કે તે જ સાંજની એ સભાસ્થાપનામાં ઉત્સાહપૂર્વક હાજર રહ્યા. એમનાં પત્ની મૃત્યુ પામ્યાં અને ત્રણ જ દિવસ પછી, થોડા રોજમાં ભરાનારી મહાસભાની વિચારણાઓમાં એ કામ કરી રહ્યા હતા. એક વખત તો પોતાનો જીવનક્રમ ભાંગી પડતો હતો તે સારૂ સુરેન્દ્રનાથે માસિક ૭૦૦ના પગારની ટીપેરા રાજ્યની દીવાનગીરી પણ જતી કરી હતી!

'સુરેન્દ્રનાથને આ યુગ—આપણે નથી પીછાનતા. સુરેન્દ્રનાથ એટલે અમાપ દેશપ્રેમ, અથાક દેશભક્તિ અને અવિરત દેશસેવા, એ આ જમાનો નથી જાણતો. એ કૉન્ગ્રેસના અવતાર હતા, હીંદના મૅઝિની હતા, ઉગતી પ્રજાને મન સાક્ષાત સ્વદેશની મૂર્તિ હતા. એમનાં બધાં કાર્યો ભુલાઇ જાય તોપણ એમની જીંદગીભરની સેવાના પુરાવા સમી પેલી રિપન કૉલેજ તો અનેક વર્ષો સુધી અચળ ઉભી રહેશે. પોતાની જીંદગીનાં ઉત્તમોત્તમ પચાસ વરસની સેવા તેમણે

પ્રિય માતૃભૂમિને ચરણે ધરી. એમના જેવા પુરુષો ભારતવર્ષમાં બહુ ઓછા પાક્યા છે. અસહકારના યુગમાં તે દેશની સાથે ન રહી શક્યા, એટલે તે ભુલાઇ ગયા. પણુ હમણુંાના ઘણાખરા દેશનેતા સુરેન્દ્રનાથની સરખામણીએ તો હજી આજકાલના કહેવાય. આજે આપણે અસહકાર અને સત્યાગ્રહની વાતો કરીએ છીએ, આજે આપણે સરકારને પડકાર કરી શકીએ છીએ અને આજનો જુવાનવર્ગ સંપૂર્ણ સ્વતંત્રતાની ઘોષણા કરી રહ્યો છે, તે સુરેન્દ્રનાથની સેવાઓનું પરિણામ. હીંદના સ્વરાજ્યમંદિરમાં, સ્વરાજ્યના સાધનામાં જીંદગીની ભેટ ધરી જનારા સેવકોની સ્મરણતસ્વીર મુકવાની ઘડી આવે, ત્યારે સુરેન્દ્રનાથ એ માનના સૌથી પ્રથમ અધિકારી અને એટલી મહાન તેમની સેવાઓ છે. કોઈ પ્રતાપી વિરાટકાય પુરુષ જીંદગીભર લડાઇની સમશેર ધારી ઝઝુમતો હોય તેમ સુરેન્દ્રનાથ જીંદગી સુધી તેમની માન્યતા મુજબની દેશસેવા માટે ઝઝુમ્યા છે.'

કામથી એ કદિ ન કંટાળતા. આરામ લેવો એ ન જાણતા. પોતાની જીવનકથામાં એ કહે છે કે 'મહેનતથી હું ડર્યો નથી; થાક મને લાગ્યો નથી. કામકાજનો વેગ એ મારો ઉલ્લાસ છે. તેથી જ તો હું આવી નિરાશા, હાર અને વિપત વચ્ચે ઉભો છું. આજ ૭૫ વરસની વયે પણ અભંગ કામની એવી તો ધુન છે કે માત્ર એક તબીઅતને કારણે જ હું રોકાઇ રહું છું.'

નિયમિત જીવનને લીધે જ તેઓ વૃદ્ધાવસ્થામાં જુવાની જાળવી શક્યા હતા. દરરોજ સવારે અરધો કલાક અને સાંજે પોણો કલાક એ કસરત લેતા. એક વખત તો સુવાનું મોડું થાય માટે એક મીજબાનીમાંથી સટકી ગયા હતા. બાગબગીચાનો એમને ખાસ શૉખ હતો. ફુરસદનો બધો વખત પોતાના ઘર આગળ બગીચો કરવામાં વીતાડતા. સુરેન્દ્રનાથ પોતાની જીવનચર્યામાં લખે છે કે 'મારા જીવનમાં આજ સુધી જોમ અને ઉલ્લાસ રહ્યાં છે, આવડી વયે પણ એક જુવાન જેટલો વેગ ટક્યો છે, તેનું કારણ એ છે કે મેં ખુબ નિયમિત જીવન ગાળ્યું છે. વખતસર કસરતને કદિ હું ચુક્યો નથી. નાનપણથી મારા ઘરમાં અખાડો કરાવેલો તે હજી પણ છે. તેમાં પ્રથમ હું પહેલવાન પાસે કસરત શીખ્યો, તે હું આજ પણ કરૂં છું. માતૃસેવા અર્થે જીંદગી અર્પી દેનાર દરેક માણસે જુવાની ટકાવી રાખવા હમેશાં કસરત કરવી જોઇએ.' આજના જુવાનોને આ ઓછું અનુકરણીય છે?

'એમનું આખું જીવન 'ઝિંદાદિલી' — એટલે જીવનમાં મઝા માનવા — માં જ ગયું છે. એ ઝિંદાદિલીથી જ તેઓ આટલું આયુષ્ય જીવી શક્યા; એને લીધે જ તેઓ પોતાના જીવનમાં અનેક લડાઇઓ લડ્યા—લડાઇ તો જે દિવસથી તેમને સિવિલ સર્વિસ છોડવી પડી, અને બૅરિસ્ટર થવાને તેમને નાલાયક ઠરાવવામાં આવ્યા ત્યારથી તે દેહાન્ત પર્યંત તેઓ લડતા જ રહ્યા—એને લીધે જ તેમને એ લડાઇના ઘા કદિ જણાયા નહિ; અને એને લીધે જ ૭૭ વર્ષની ઉમરે 'બંગાળી'નું તંત્રીપદ તેમણે માથે લીધેલું. ૧૯૨૧ માં શાહજાદા આવ્યા ત્યારે કલકત્તામાં આપવાના માનપત્રની તરફેણમાં બોલતાં તેમને જે જહેમત વહોરવી પડી તેની કલ્પના કરી શકાય છે. સામેથી હજારો વિદ્યાર્થીઓ તેમની ઉપર 'શરમ' પોકારતા હતા, પથરા-કાંકરા ઉડતા હતા, પણ તે દ્દઢ ઉભા રહ્યા અને પોતાનું ભાષણ આપ્યું. એ તેમના શેરદિલની સાક્ષી પુરે છે. યુવકો એટલો એક ગુણ તેમના જીવનમાંથી શીખે તો યે બસ છે.

તેમનું ઋણ આજે માપી શકાય એમ નથી. તેમના વિના આજે જે જાગૃતિ અનુભવીએ છીએ તે, આજે જે પ્રગતિ લોકજીવનમાં થઇ છે તે, અશક્ય જ હોત. તેમણે જ રાષ્ટ્રીય જીવનનો પાયો નાખ્યો, અને તેમણે જ આપણને સ્વતંત્રતાના સીપાઇ થતાં શીખવ્યું.'

અનેક જમાના જોનાર એ વૃદ્ધ લડવૈયા સુરેન્દ્રનાથને મળવા ગાંધીજી થોડા જ દિવસ અગાઉ ગયા હતા. તરુણ પ્રાણ અને ચકોર ચાંચલ્ય વડે તેમણે વાતચીત કરી ને સોલ્લાસ બોલ્યા કે 'હજુ તો હું નેવું વરસ સુધી જીવવાનો છું.' થોડો સમય થયો ને ઇન્ફ્લુએન્ઝાનો હુમલો થયો, અને એ તેજસ્વી નરપુંગવની ભસ્મ ગંગાજળમાં મળી ગઇ. પણ એમની યશઃકાયનો પ્રાણચંદ્ર એ શ્રાવણ વદ બીજ પછી પણ પ્રજા આગળ હમેશને સારૂ પ્રકાશે છે જ.

જગતની દરેક પ્રજાના પુરાણમાં પ્રલયની વાતો છે. એ પ્રલયકાળનાં વર્ણનો રોમાંચ ઉભાં કરે એવાં છે. બ્રહ્માંડમાં ભ્રમણ કરતી પૃથ્વીના માર્ગમાં કંઇક ફેરફાર થતાં પૃથ્વીના પેટાળમાં ભારે વિક્ષોભ થાય, અને તેના પડ ઉપરનો નકશો બદલાય. પ્રચંડ ઘુઘવતા મહાસાગરમાંથી નવી જમીન બહાર નીકળવા માંડે, અને મોટમોટા ખંડો જેવડી જમીન પાણીમાં ગરક થઇ જાય . . . .

તે વેળા પૃથ્વી પર વસતાં પ્રાણીઓની શી દશા થતી હશે તેના આબેહુબ ખ્યાલ આપતું આ અદ્‌ભુત ચિત્ર ફ્રાન્સના મહાન ચિત્રકાર ગસ્તાવ દોરેની કલ્પનામાંથી નીપજ્યું છે.




પ્રલય

ચિત્રકાર
ગસ્તવ દોરે

પ્રલયનો જુવાળ ચડતો ચડતો આખી દુનીઆને ગરક કરી, છેલ્લી આશા જેવા આ ખડક ઉપરે હુમલો કરી રહ્યો છે. બચવાની કાંઇ આશા નથી, છતાં ખડકનો આશ્રય લેવા ધસતા માનવી, પશુ અને પંખી અત્યારે તો પોતાનો સ્વભાવ ભુલી જઈ ત્યાં જ પહોંચવાનો પુરુષાર્થ કરી રહ્યાં છે. ઉપર ચડવામાં નિષ્ફળ થએલ કોઈ નિભાંગી ડુબતા માણસનો હાથ કેટલી કરુણ રીતે ખડકને વળગે છે ! એક પિતાએ તો છેવટ સુધી પોતાના બાળકને માથા ઉપર ધરી રાખ્યું છે, અને પોતે ડુબી રહ્યો છે ! ખડક પાસેનાં નર અને નારીએ પોતાનાં વહાલાં બાળકોને તો અગાઉથી ઉપર ચડાવી દીધાં છે; પણ હવે તેઓ ચડી શકશે કે નહિ તેની પુરી શંકા છે.

આ દર્દભર્યું ચિત્ર કરનાર ચિત્રકાર દોરે જગતનો એક અદ્વિતીય પુરુષ હતો. તેને ચિત્રો કરવાને કુદરત કે માણસ પરથી આધાર લેવાની કદિ જરૂર પડી ન હતી. ઇશ્વરને ઘેરથી જ પુરી બક્ષિશ લઇને જન્મેલો એ ચિત્રકાર એટલાં બધાં ચિત્રો કરી ગયો છે કે તેના બધા બ્લોક એકઠા કરીએ તો એક મોટું દેવળ બની રહે !



ગરવી ગુજરાત

મીયાંખાન ચિશ્તીની મસ્જિદ (અમદાવાદ)

આ મસ્જિદ ઇ. સ. ૧૪૬૫માં મલિક મકસુદ વઝીર નામના કારીગરે મીયાંખાન ચિશ્તી માટે બાંધી હતી. મીયાંખાન ચિશ્તી જુના વખતમાં અમદાવાદના એક ઉંચા શાહ ફકીરોમાં થઇ ગયા છે.

આ સુંદર મસ્જિદ અમદાવાદની ઉત્તરે બે માઇલ ઉપર શાહીબાગના મહેલની બાજુમાં જ સાબરમતીને કિનારે ઉભી છે.



ઝેરી ફુંફાડા મારતા બે ભયંકર સર્પો તેમના તરફ ધસ્યા.

કિસનનાં માબાપ ગરીબ તેમજ અપંગ હતાં, એટલે તેને અભ્યાસ ચાલુ રાખવાની ઘણી યે ઇચ્છા છતા અઢારમે વર્ષે ધંધે વળગવું પડ્યું. માબાપની મરજી પોતાનું ગામ છોડી છોકરો બીજે નોકરી ન કરે એવી હતી. કિસન પણ માબાપનું મન દુભાય તે જોવા જરા પણ ઇચ્છતો નહોતો. એટલે તેણે થોડા જ મહીનામાં તારનું કામ શીખી લીધું, અને સિફારશથી પોતાના ગામ નુરાબાદમાં તારમાસ્તરની નોકરી મેળવી.

નુરાબાદ જી. આઇ. પી. રેલવેની મેઇન લાઇન ઉપર મુંબાઇ અને દિલ્હી વચ્ચે આવેલું છે. નાનું સ્ટેશન હોવાથી એકસ્પ્રેસ, મેઇલ વગેરે ફાસ્ટ ટ્રેનો ત્યાં નથી ઉભી રહેતી. નાનાં સ્ટેશનો ઉપર બેત્રણ સાંધાવાળા, એક સ્ટેશનમાસ્તર અને એક તારમાસ્તર. એટલા કામદાર હોય છે. સ્ટેશનમાસ્તર દિવસના તાર વગેરે બધું કામ કરે અને તારમાસ્તર દિવસે તેને મદદ કરવા ઉપરાંત રાતનું બધું કામ સંભાળે.

કિસનનો બાળપણનો લંગોટીઓ ને પ્રિય મિત્ર હરી પણ એવો જ ગરીબ હતો. તેને પણ વહેલો અભ્યાસ છોડી રોજી શોધવી પડી હતી. તે સુતારને ત્યાં કામે જતો અને હમેશાં સાંજે ગામથી દૂર આવેલી કિસનની સ્ટેશન ઉપરની ઓરડીએ ફરવા આવતો. બંને મિત્રો સાથે બેસતા અને હરી ગામના નવીન સંભળાવતો.

એક દિવસ સાંજે ઘણી રાહ જોવા છતાં હરી ન આવ્યો એટલે કિસન સ્ટેશનમાં પોતાના કામ ઉપર ગયો. થોડી વાર થઇ ત્યાં તો હરીએ ઑફિસમાં પ્રવેશ કર્યો. કોઈ દિવસ નહિ ને આજ હરીની પાસે એક ખરબચડા દેખાવની નાનીસરખી પેટી હતી. લગભગ બે ફુટ લાંબી અને એકાદ ફુટ પહોળી હશે. ઉંચાઇ પણ એક ફુટ જ. પેટીમાં થોડે થોડે અંતરે નાનાં કાણાં પાડેલાં હતાં. આ ઉપરથી કિસને

અનુમાન કર્યું કે કોઇ જીવતું પ્રાણી એમાં પુર્યું હશે.

'કેમ, આજે કંઇ તબીઅત સારી નથી ?' કિસને સમાચાર પુછ્યા; 'આજે કેમ મોડું થયું ?'

'ના રે! મેં તો એ દિવસની રજા લીધી છે.' હરીએ હસતાં હસતાં જવાબ દીધો. 'તારે કંઇક નવીન જોવું છે ?'

'વળી નવીન તે શું ?'

હરીએ પેટી નીચે મુકી ઢાંકણું ઉઘાડયું. કિસને નીચા વળી નજર નાખી અને તરત ચમકીને એક ડગલું પાછળ હઠી ગયો! પેટીને મથાળે ઢાંકેલી લોઢાની ભારે અને મજબુત જાળી નીચે રેશમની ફેલ જેવું કાળું ને સુંવાળું એક મોટું



ગુંચળું પડયું હતું, તે અંદર પ્રકાશ પડવાથી એકદમ સળવળવા લાગ્યું, અને અંદરથી યુદ્ધનું આવાહન કરતો એક ફુંફાડો સંભળાયો.

'અરે!' કિસન બોલી ઉઠ્યો, 'આ તો બહુ જ મોટો લાગે છે.'

કિસન જેને ઉદ્દેશીને બોલ્યો હતો તે ખરેખર એક મોટો સર્પ હતો. લગભગ પાંચેક ફુટ લાંબો અને દોઢએ ઈંચ જાડો હશે. 'વાહ! ભારે સરસ છે! કેવો કાળો શ્યામ છે! અને આ કંઈ એક નથી લાગતો! આટલા બધા આણ્યા કયાંથી?'

'પેલી ટેકરી ઉપરની ગુફાઓ પાસે રાફડા નથી ?—ત્યાંથી.'

'ને આ બધા એકઠા કરીને કરવું છે શું ? પ્રદર્શન ભરવું છે?'

'પ્રદર્શન તે શું ભરે ?' હરીએ હસીને કહ્યું, 'એ તો મુંબાઇના એક વેપારીને માટે પકડયા છે. મારા કાકાએ આ વીશે તેને વાત કરી હશે, એટલે તેણે દસબાર મોટા ઉંચી જાતના કાળોતરા સર્પો મોકલવા લખ્યું છે. એ પ્રાણીઓનો વેપાર કરે છે અને અહીંથી યુરોપના જુદા જુદા દેશોનાં સંગ્રહસ્થાનો માટે અહીંનાં આવાં પ્રાણીઓ મોકલે છે. અત્યારે તેને સર્પોની ખાસ જરૂર હોય એમ લાગે છે, કારણકે તેણે એકેક સરસ નંગ દીઠ પચીસ પચીસ રૂપીઆ આપવા કબુલ્યું છે.'

'આ કીંમત શું વધારે ગણાય ?'

'મને ખબર નથી. હું તો ખરી કીંમત શી તે પણ જાણતો નથી. પણ મને હમેશ મજુરીનું રોજ મળે છે તેના કરતાં તો વધારે છે જ; એટલે હું એ દિવસની રજા લઇને આ પકડવા ગયો હતો. આજે થોડા પકડાયા છે; બીજા કાલ. મારે આ આજે જ મુંબાઈ મોકલવા છે;—એટલે કે સવારની ગાડીમાં. આ પેટી અહીં મુકતો જાઉં તો કંઈ હરકત નથી ને ?'

'જરા યે નહિ. સવાર સુધી સાંધાવાળા સિવાય અહીં બીજું કોઇ આવે તેમ નથી. અને તેમને તો હું કહી દઇશ.'

'તો બસ. આ ઉપરની જાળીની તકતી જડેલી નથી. એ વજનદાર હોવાથી માત્ર ઉપર છુટી મુકી જ રાખી છે, અને ઉપરનું ઢાંકણું પણ હાલું બંધ કર્યું છે. સવારે આવીને હું બધું ઠીક કરી જઇશ. અંદરથી એમ તો એકકેય નીકળી નહિ શકે. પણ પેટીને કોઇ ઉંધી ન વાળે એટલું ધ્યાનમાં રાખવાનું છે.'

'એની કંઈ ચિંતા નહિ. હું અહીં આખી રાત છું, એટલે બરાબર સાવચેતી રાખીશ.'

'ઠીક ત્યારે,' તેણે જતાંજતાં કહ્યું, 'હું સવારે વહેલો આવીશ.' હરી પોતાના ઘર તરફ વળ્યો અને ફરી એકલો પડેલો કિસન બધા કાગળો ઠીક કરવા અને બધું નોંધવા લાગ્યો. ઘડીએ ઘડીએ તે હરીએ બારણા પાસે મુકેલી ભયંકર પેટી તરફ નજર કર્યા કરતો.

ઉનાળાની સુંદર સાંજ હતી અને સંધ્યાકાળનો મધુર પવન ઑફિસની મોટી બારીઓમાં થઇને આવતો હતો. વચ્ચે વચ્ચે એકાદ પતંગીઉં દીવા પાસે ફફડાટ કરતું ઉડતું અને કિસનના મોઢા ઉપર અથડાતું. ઝાડોનાં ઝુંડમાંથી ગળાઇને આવતા પવનના ધીમા સુસવાટમાં કોઈવાર કાંઇ અવાજ સંભળાતો. એ સિવાય આખા સ્ટેશન પર સુમસામ શાન્તિ હતી. ચંદ્ર વિનાનું ઉનાળાનું આકાશ હજી જરાજરા ઉજળું દેખાતું હતું.

ઑફિસમાં કિસન નીચું ઘાલી પોતાનું કામ કર્યે જતો હતો. દીવાના પ્રકાશમાં કામ કરતા કિસનનો મોટો પડછાયો ઓરડામાં પડતો હતો અને બધે અંધકાર ફેલાવતો હતો. એવામાં દૂરથી ગામના મંદિરમાંથી આવતા આરતીના અવાજે કિસનને બહાર જઇને આ આથમી જતી સંધ્યાનું સૌંદર્ય જોવા લલચાવ્યો. ઘડીવારમાં તો એ રહ્યુંસહ્યું સાંધ્યતેજ પણ રાત્રિના ભવ્ય અંધકારમાં મળી ગયું અને કિસન પાછો અંદર આવી કામે વળગ્યો.

૨

નુરાબાદના સ્ટેશનની પૂર્વે લગભગ બેત્રણ માઇલ ઉપર, એક નાના ગરનાળા પર બાંધેલા પુલ પર થઇને રેલવેની સડક જતી હતી. એ પુલ નીચે ગરનાળાના અંધકારમાં ત્રણ માણસો ધીમે સાદે વાતો કરતા હતા. ક્રૂર અને કડક લાગતા ચહેરાઓ પર બાંધેલાં બુકાનાંમાંથી દેખાતાં અણીઆળાં નાક અને ચમકતી આંખો ઉપરથી તેઓ ભયાનક લાગતા હતા. તેમનાં શરીર મજબુત, દૃઢ અને ચપળ જણાતાં હતાં અને હાથોહાથની લડાઇમાં એ ત્રણેમાંથી ગમે તેની સાથે પણ ઉતરવું એ ભારે કપરૂં લાગતું હતું. પાસે ઉભેલા તેમના ત્રણ ઘોડાઓના હાંફવાના અવાજની સાથે તેમની ધીમી વાતચીત મળી જતી હતી.

'ત્યારે અલી, તું બધું સમજી ગયો કે?' ત્રણમાં મુખી જેવો દેખાતો હતો તે બોલ્યો. 'હું અને મહતાબ સ્ટેશન પર જઇએ છીએ. પ્લૅટફૉર્મને છેડે ઉભા રહીને દૂરથી આવતી એક્સપ્રેસને લાલ બત્તીની મદદથી ધીમી પાડીશું, અને પછી તરત જ અમે બંને ટ્રેન પર ચડી જઇશું. મહતાબ એન્જીનમાં ચડીને ડ્રાઇવર તથા આગવાળાને ધક્કો મારી બહાર પાડી ટ્રેન આગળ ચલાવી મુકશે, અને હું બ્રેક (ગાર્ડના ડબા)માં ચડી ગાર્ડને પુરો કરી, તેની જોડેના તીજોરીના ડબામાંથી પેલી કોથળીઓ કાઢી લઇશ. ટ્રેન આ જગ્યાએ આવી પહોંચશે એટલે મહતાબ ગાડીને ધીમી કરી નાખશે અને અમે બંને ઉતરી જઇશું. દરમ્યાન તું ઘોડા સાચવજે. જોજે, કોઇને વહેમ ન જાય. માર્ગમાં કોઇ કાંટો નડે તો પુરો કરજે. અને ટ્રેન આવતી જોઇ નાસવા માટે ઘોડા બરોબર તૈયાર રાખજે. સમજ્યો બરાબર?'

'હા; પણ મદનલાલે તીજોરીમાં કેટલા હશે એમ કહ્યું હતું?' અલીએ પુછ્યું.

'પચાસ હજારનું તો એક મોટું બંડલ. અને બીજી સાતઆઠ નાનીનાની થેલીઓ મળી સીતેર એંશીનો આંકડો થશે. પણ એમાંથી તો ચાર ભાગ પડશેને?' મુખીએ કહ્યું.

'ચાર ભાગ, ચોધરીજી?' મહતાબ બોલી ઉઠયો.

'હા, કેમ નહિ? મદનનું પણ મોં બંધ કરવું જ પડશેને?' ચોધરીએ સમજાવ્યું. 'પણ એ બધું પછી થઈ રહેશે. ત્યારે અલી, અમે ઉપડીએ છીએ. તારૂં બુકાનું જરા સરખું કરી લે. મહતાબ, જમૈયો વગેરે બરાબર છે?'

'હા ચાલો; અલી, સાવચેત!' મહતાબ અને મુખી ચોધરી ત્યાંથી નીકળી બેત્રણ ખેતર ખુંદી થોડે દૂરથી રેલવેના પાટા પર ચડયા અને નુરાબાદના સ્ટેશન તરફ વળ્યા.

૩

એક્સપ્રેસ ટ્રેન નુરાબાદના સ્ટેશન આગળથી રાત્રે

બરાબર પોણાબાર વાગ્યે પસાર થતી. ઘડીઆળમાં અગીઆરના ટકોરા પડ્યે પંદર વીસ મીનીટ થઇ હશે એટલામાં કિસને બારણા બહાર કંઇક અપરિચિત અવાજ સાંભળ્યો.

લખવાનું અટકાવી કિસને આસપાસ જોયું, પણ કંઈ જણાયું નહિ. દીવા આગળ ચોપડીઓનો મોટો ઢગલો પડ્યો હતો તેનો બારણા પર પડછાયો પડવાને લીધે ત્યાં અંધારૂં પડતું હતું. ચોપડીઓ દૂર કરી કિસને ત્યાં જોયું તો ચમકતો છરો પકડેલો એક હાથ દેખાયો. તેની પાછળ બુકાનું બાંધેલી, ન ઓળખી શકાય એવી એક ક્રૂર આકૃતિ જણાઈ; અને તેની પાછળ તેવી જ એક બીજી આકૃતિ પણ તેણે જોઇ.

આ જોઇને પહેલાં તો કિસન ડરી જ ગયો! પણ તે કાંઇ બાયલો ન હતો; તેમ મૂર્ખ પણ ન હતો. એટલે આ નવા આવનારાઓનું પ્રયોજન સમજવા માટે હીંમતથી સ્થિર બેસી રહ્યો.

'છોકરો લાગે છે તો ડાહ્યો. અમારા કહેવા પ્રમાણે કરીશ તો તારો વાળ વાંકો નહિ કરીએ. પણ જો કંઇ આનાકાની કરી તો પછી—' એમ કહી પેલાએ પોતાના હાથમાંનો છરો ચમકાવ્યો.

'ચાલ, ઉભો થઇ જા; કોટનાં ખીસાંમાંથી હાથ બહાર કાઢી અદ્ધર લઈ લે અને ટેબલ આગળથી ખસી જા.' કિસને હુકમનો બરાબર અમલ કર્યો, એટલે બીજા માણસે પાસે આવી તેના ખીસામાં કંઇ હથીઆર કે જોખમવાળી વસ્તુ છે કે નહિ તેની તપાસ કરી લીધી.

'કંઈ છે તો નહિ. ઠીક; હવે હાથ ઉંચા જ રાખીને પેલી ભીંતને અઢેલી ઉભો રહે.' કિસન ભીંત આગળ જઇ ઉભો.

'હવે લાલ બત્તી ક્યાં છે તે કહે જોઉં.'

આ સાંભળીને કિસન જરા ચમક્યો; તેની આંખો પહોળી થઇ. તે સમજી ગયો કે ચાલતી ટ્રેન પર ધાડ પાડવા માટે જ આ લોકો લાલ બત્તી માગે છે. તેને શરીરે ધ્રામાં કમકમાં આવ્યા.

'તમારાથી થાય તે કરી લો; હું તમને બત્તી નથી બતાવવાનો.'

'વાહ! બહાદુર લાગે છે. કંઇ હરકત નહિ. મહતાબ, તું બહાર જઇને ખોજે ક્યાંય બત્તી હોય તો તપાસ કરી આવ.' કિસન પોતાના પર તુટી પડવાની તૈયારી કરતો હતો એમ લાગવાથી તેના તરફ ફરી તે બોલ્યો, 'સબુર! એ તસ્દી લેવાની કાંઇ જરૂર નથી. અમે કાંઈ તને મારવા નથી ઇચ્છતા. હું કહું તે સાંભળી લે. અમારે ટ્રેનને જરા પણ ઇજા પહોંચાડવી નથી; માત્ર જરા ધીમી પાડી ચડી જવું છે. પછી તો એ પાછી નિર્વિઘ્ને સડસડાટ ચાલી જશે. તું તારે શાંત ઉભો રહે.'

કિસન ધીમો પડી ગયો, પણ મનમાં તે ખુબ ધુંધવાતો હતો. એટલા વખતમાં મહતાબ બત્તીની નિષ્ફળ શોધ કરી રહ્યો.

'ગાડીને આવવાને હવે કેટલી વાર છે?' ચોધરીએ પુછ્યું.

'એક વાગ્યે આવશે.' કિસને લુચ્ચાઇથી જવાબ આપ્યો. 'આજે જરા મોડી છે.'

'ઠીક, મહતાબ; આ ભાઇ લાગ શોધતા જણાય છે. તું અહીં છરો પકડી ઉભો રહે અને એનું ધ્યાન રાખ.' ચોધરીએ આસપાસ નજર ફેંકી અને ટીકીટની બારી આગળ પડેલી નાની તીજોરી જોઇ પુછ્યું, 'આમાં કેટલા છે?'

'મને ખબર નથી.' કિસને કહ્યું.

'એમ? વાહ!' ચોધરી હસ્યો. 'કુંચી ક્યાં છે?'

કિસને જવાબમાં ડોકું ધુણાવ્યું.

'હરકત નહિ.' ચોધરી બોલ્યો અને પોતાની ભેટમાંથી એક અણીદાર સળીઓ કાઢી તે તીજોરીના ચાવીના કાણામાં ખોસી જોરથી આંચકો માર્યો. એક નાનો કડાકો બોલ્યો અને તીજોરી ઉઘડી ગઇ. અંદરથી પૈસા કાઢી તેણે ખીસામાં મુકયા અને સળીઓ પાછો ભેટમાં ખોસી કિસન તરફ જોઇ હસ્યો. 'આ નાનું હથીઆર સરસ છે. મોટી તીજોરીઓ પાસે કાંઈ કામનું નહિ, પણ આવા પતરાના ડબા માટે સારૂં.'

આ બધું ચાલતું હતું તે દરમ્યાન કિસને છુટા થવા માટે પોતાના મગજમાં અનેક યોજનાઓ ઘાળી જોઇ. ધાડપાડુઓની ધારણા ચોક્કસ હતી. માત્ર ટ્રેન પર ચડી કોને લુટશે એ જ નક્કી નહોતું.

ગમે તેમ હોય, પણ ધાડ પડે એ તો ખોટું જ કહેવાય; અને તે અટકાવવાની દેખીતી ફરજ અત્યારે તેની જ હતી. બદમાશોની ઉપર સાધો હુમલો કરવામાં કાંઇ સાર નહોતો. પોતે જોકે મજબુત ગંઠાએલા શરીરનો, સરસ કુસ્તીબાજ અને જુસ્સાદાર હતો; પણ ચોર કોઇ રીતે ઉતરે એમ નહોના. અને તે પણ બે જણ, ને વળી હથી-આરબંધ!

જે કંઈ થઇ શકે તે કળ-થી જ બને તેમ હતું. તેણે મગજને કસી જોયું. ચોમેર તીણી નજર ફેરવી; એક તુક્કો સુઝયો. હતો તો બરોબર આબાદ. પણ એથી કદાચ ભયંકર પરિણામ આવે તો? ...પણ અત્યારે એ અજમાવ્યા વિના બીજો આરો પણ નહોતો.

૪

નુરાબાદ સ્ટેશનની ઑફિસ બાર ફુટ પહોળી ને ત્રીસ ફુટ લાંબી છે. દક્ષિણ તરફની બાર ફુટની બાજુ તરફ પ્લૅટફૉર્મ છે. એ બાજુએ પશ્ચિમ તરફને છેડે પ્રવેશદ્વાર છે અને ત્યાંથી અંદર દાખલ થનાર માણસ પેસતાંવેંત જ સામે, પશ્ચિમ તરફની ભીંતને અડોઅડ આ-વેલું સ્ટેશન માસ્તરનું ટેબલ જોઇ શકે છે. દાખલ થવાના બારણા સીવાય એ દક્ષિણ બાજુની દીવાલના બાકીના ભાગને રોકતી એક લાંબી ખુલ્લી બારી છે. આ બારીની નીચે તારનાં યંત્રો ગોઠવેલાં છે, એવી જ એક બીજી બારી, સામેની ઉત્તર તરફની ભીંતમાં છે. બંને બારીઓને છ છ ઈંચને અંતરે પોણો ઈંચ જાડા લોઢાના સળીઆ જડી લીધેલા છે.

પૂર્વ તરફની ભીંતે ટીકીટ આપવાની બારી છે. તીજોરી આ બારી નીચે જ રહે છે. આ સીવાય ઑફિસનો બીજો બધો ભાગ ત્રણચાર ખુરશીઓ, એક ટેબલ, સ્ટેશનનાં દફતરો વગેરે પરચુરણ વસ્તુઓથી રોકાએલો છે.

કિસનને બારણા અને સ્ટેશન માસ્તરના ટેબલની વચ્ચે, પ-શ્ચિમ તરફની દીવાલને અઢેલીને ઉભો રાખ્યો હતો. આથી તે ચોરોની બધી હીલચાલ બરાબર જોઇ શકતો હતો. આ દીવાલ-ની પાસે જ, કિસનની અને બારણાની વચ્ચે, હરીએ મુકેલી પેટી પડી હતી. ચૌધરી તીજોરી તોડી પોતાનો સળીઓ પાછો મુકતો હતો એવામાં કિસન એકાએક આશ્ચર્યચકિત થએલે અવાજે બોલી ઉઠ્યો, 'જુઓ, જુઓ!' અને ટીકીટની બારી તરફ આંગળી ચીંધી. આ જોકે બહુ જાણીતી યુક્તિ હતી—કારણકે ત્યાં કંઇ હતું નહિ—પણ બંને ચોરો આથી એકદમ પાછળ જોવા ફર્યા. આ રીતે કિસનને જોઇતી તક મળી ગઇ.

વીજળીની ચપળતાથી કિ-સને નીચા વળી હરીની પેટીનું ઢાંકણું ખોલી નાખ્યું અને ઉપરની પેલી મજબુત જાળીની તકતી લઇ પેટીને ધક્કો માર્યો. છ ધુંધવાતા, ફુંફાડા મારતા ઝેરી સર્પો અંદરથી નીકળી પડ્યા. છંછેડાએલા, ખીજાએલા એ સર્પો છુટા થતાં તેમની આડે આવતી કોઇ પણ ચીજની શી દશા થાય એ સમજી શકાય તેમ હતું. ખારાં ધુંધવાટ થએલાં ચાર મોટાં ફુંફવતાં ગુંચળાં આડાંઅવળાં ચોરો અને કિસનની વચ્ચે વેરાએલાં પડ્યાં હતાં; બીજા પેટીમાંથી નીકળતા હતા.

ક્રોધથી ફેણો પછાડતા, સુસવાટ કરતા તેઓ ચોતરફ ધસવા લાગ્યા. કિસને ભયનો લાંબો નિશ્વાસ ચોરોના મોંમાંથી નીકળતો સાંભળ્યો. એકેક કુદકે બંને બદમાશો ટીકીટની બારી પાસેના ટેબલ ઉપર ચઢી ગયા.

ઝેરી ફુંફાડા મારતા બે ભયંકર સર્પો તેમના તરફ ધસી ઉપર ચડવા પ્રયત્ન કરવા લાગ્યા. ચૌધરી અને મહતાબના તો જાણે રામ જ રમી ગયા હોય તેમ એમણે ચીસ નાખી. કિસને આ લાગ જોઇ ઝડપથી પોતાની પાસેના ટેબલ પરની બત્તીને ફૂંક મારી બુઝાવી નાખી, અને ચપળતાથી સાપવાળી પેટી ઉપર થઇને પેલી મેર કુદ્યો. એમ કરવા જતાં વચમાં તે એક સુસવતી ફેણના ઝપાટામાંથી માંડ બચ્યો. બીજે કુદકે તો તે બહાર જઇ પડયો અને ઝપાટાબંધ બારણું બંધ કરી સાંકળ ચડાવી દીધી.

એક પળ તે શ્વાસ ખાવા ઉભો. તેની છાતી ધડકતી હતી. અંદર ઑફિસમાં ગાઢ અંધકાર છવાઇ ગયો હતો. સર્પના ચળવળાટ અને ફુંફાડાઓનો મિશ્ર અવાજ બહાર કંઇક અગમ્ય ભય ઉપજાવતો હતો.

ઘડીભર તો એ બંધ ઓરડામાંથી બીજો કાંઇ અવાજ ન આવ્યો; પણ છતાં કિસન ત્યાં જ સાવધ બની ચોકી કરતો ઉભો. એવામાં એક ભયભરેલી કારમી કીકીઆરી સંભળાઈ અને લોઢાના સળીઆ સાથે કોઇ માણસના જોસભેર અથડાવાથી આખું મકાન ધ્રુજી ઉઠ્યું. સર્પના ફુંફાડા વધતા જ ચાલ્યા.

થોડો વખત થયો હશે અને બધું શાંત થયું લાગ્યું;—સંભળાતો હતો માત્ર ધીમા ફુંફાડાઓનો અવાજ. ચોરોમાં જરા હોશ આવ્યા હશે એમ જણાયું. સર્પ ટેબલ પર ચડી શક્તા ન હતા એમ લાગતું હતું, પણ બદમાશો બરાબર સપડાયા હતા. બારીના સળીઆ મજબુત હતા એટલે બહાર તો નીકળાય તેમ નહોતું; અને નીચે સર્પોની ભયંકર ચોકી હતી!

એવામાં દૂર દૂર પાટા ઉપર એકસ્પ્રેસના એન્જીન ઉપરનો આગળનો મોટો લાલ દીવો દેખાયો. ગાડીના વેગ અને વજનથી ધ્રુજતા પાટાનો રણકાર અને ટ્રેનને મોટા હાળ ચડાવતા એન્જીનનો શ્વાસોચ્છ્વાસ જેવો અવાજ કિસન સ્પષ્ટ સાંભળી શકતો હતો. હવે તો ડબાની બારીઓમાંથી પાટાની બંને બાજુએ પડતું તેજ પણ સ્પષ્ટ દેખાવા લાગ્યું; અને થોડીવારમાં ઉંઘતા મુસાફરોથી ભરેલી આખી એકસ્પ્રેસ ભવ્યતાથી, નિર્વિઘ્ને, નુરાબાદનું સ્ટેશન વટાવી ગઇ. કિસન તેને ધડકતે હૃદયે પસાર થતી જોઈ રહ્યો અને પછી સંતોષનો એક લાંબો દમ ખેંચ્યો.

ઝેરી ચોકીદારોના પહેરા નીચેની બંધ ઑફિસમાંથી દયા ઉપજાવે એવો એક કરુણ અવાજ આવ્યો, 'ભાઇ, હવે તો તારી ટ્રેન સલામત પસાર થઈ ગઇ. અમને મહેરબાની કરીને બહાર નીકળવા દઈશ ? આ પૈસા અમે ટેબલ પર મુકતા જઇશું; અને આ રહ્યાં અમારાં હથીઆરો.' અને બારીમાંથી બહારની ફરસબંધી પર પડતા બે મોટા છરાના ખણખણાટ એક પછી એક સંભળાયા.

'દયા કરીને અમને જવા દે.' ફરીથી કરગરતો અવાજ આવ્યો; 'ઇશ્વરને સાક્ષી રાખીને અમે કહીએ છીએ કે અમે તને જરાપણ હરકત નહિ કરીએ. અમે જઇએ ત્યાં સુધી બંને છરા તારા હાથમાં લઇને ઉભો રહેજે. જરા તો દિલમાં રહેમ લાવ.'

પણ કિસન તો ત્યાંથી દૂર, ગામ તરફ પોલિસને બોલાવવા રવાના થઇ ચુક્યો હતો.

(અંગ્રેજીને આધારે) ઉપેન્દ્ર ભટ્ટ

અથાણું

એક માણસ પહેલવહેલો સ્ટીમરની મુસાફરીએ જતો હતો. ઘણીવાર સ્ટીમરની હોનારતના સમાચાર સાંભળ્યા હોવાથી તે ટીકીટ લેતાં અચકાતો હતો.

સ્ટીમરની સહીસલામતીની ખાતરી કરવાના ઇરાદાથી તેણે ટીકીટકલાર્કને પુછ્યું, 'ગુરુવારે ઉપડનારી સ્ટીમર બરાબર સહીસલામત તો છે ને ?'

ટીકીટકલાર્ક (બહુ જ ઠાવકું મોં રાખીને)—હું આપને ખાતરીપૂર્વક કહું છું કે અમારી આ સ્ટીમર ઘણાં વર્ષથી ચાલે છે, અને હજી સુધી એકે ય વાર ડુબી નથી.

મુસાફરનો જીવ આથી જરા હેઠો બેઠો. તેણે કહ્યું, 'લો, ત્યારે હવે મને સેકંડ ક્લાસની ટીકીટ આપો.'

શેઠ : અલ્યા રામા, મેં તને દસ વાગે આવવા કહ્યું'તું ને ?

રામો : હા શેઠ, હું અરધો કલાક મોડો છું.

શેઠ : જા તારી ઓરડીમાં બેસી સાંકળ બંધ કરી ચાવી આપી જા!



કોને શું હોય છે ?

પ્રાણીઓને ઓળખાવનારાં અંગો

'ભાભા' થયા પહેલાં

૫
સભા

કારવારની વાત છે. એક દિવસ પિતાશ્રીએ કહ્યું, આજે સાંજે મારે સભામાં જવું છે. 'સભા' એ શબ્દ જ મારે માટે નવો હતો. મેં પુછ્યું, 'સભા એટલે શું?' પિતાશ્રીએ કહ્યું, 'મોટા મોટા લોકો ભેગા થાય છે અને ભાષણો કરે છે. બધા તે સાંભળે છે.'

'ભાષણો એટલે શું?'

'ભાષણો એટલે માણસ ઉભા થઇને મનમાં જે કંઈ આવે તે બોલી નાખે, અને લોકો બેઠા બેઠા સાંભળે.'

'ગમે તે બોલી નાખે?'

'હાસ્તો, મનમાં આવે તે જ બોલેને!'

'તો મારા મનમાં જે આવે તે હું સભામાં બોલી શકું ખરો? ગમે તે બોલું અને તે ભાષણ કહેવાય?'

'હા હા. પણ તું નાનો છે.'

મેં કહ્યું, 'મારે સભા જોવા આવવું છે.'

સાંજ પડી અને અમે સભામાં ગયા. જોયું તો સભા તો અમારી નીશાળમાં જ હતી. માત્ર બેસવા માટે અમારાં નીશાળનાં ટાટની જગ્યાએ ખુરશીઓ અને બાંકડા ગોઠવેલાં હતાં. પિતાશ્રી આગળ જઈ ખુરશી પર બેઠા. મને ઈશારો કરી દૂર બાંકડા પર બેસવાનું કહ્યું. નાનપણની અમારી માન્યતા એવી કે અંગ્રેજી ભણે તે જ બાંકડા પર બેસે. ગામઠી ભણતર તો ટાટ પર જ થાય. એટલે બાંકડા પર બેસતાં કાંઈ હક વગર અસાધારણ અધિકાર મળ્યો હોય એમ મનમાં થયું. મારા હરખનો પાર ન રહ્યો. હું બાંકડા પર બેઠો છું એ કોણ કોણ જુએ છે એ જોવા માટે હું આસપાસ જોવા લાગ્યો.

એટલામાં સભા શરૂ થઈ. એક જણ ઉભો થાય, કંઈક બોલે અને બેસી જાય. એ બોલતો હોય ત્યાં સુધી બીજા કશું બોલે જ નહિ. દેવોની પેઠે બેઠા જ રહે! અને પેલો બેસે કે તરત જ બધા તાળીઓ પાડે. મને થયું. આ મોટેરાઓને થયું છે શું કે આવી રીતે વર્તે છે? એક જણ બોલબોલ કર્યા કરે, અને બીજા એમાં કશું ઉમેરે નહિ! અને વળી તાળીઓ શા માટે પાડતા હશે? ભેગા થએલા લોકોમાં અમારા હેડમાસ્તર તો છેક એક ખુણામાં ઉંદરની જેમ ભરાઇ રહ્યા હતા. નીશાળના સમ્રાટ આજે ચોરની માફક આમ ગુપચુપ કેમ ઉભા છે? પેલા પટાવાળા કરતાં પણ વધારે શરમાળ!

વક્તાઓમાં જેમને હું ઓળખું એવા તો એક લક્ષ્મણરાવ શિરગાંવકર જ હતા. તેઓ તો આકાશ તરફ જોઇને જ બોલવા લાગ્યા. શું બોલતા હતા તે તે વખતે જ નહોતો સમજ્યો, તો આજે યાદ ક્યાંથી હોય? થોડોક વખત ગયો ને હું કંટાળ્યો. ઉઠીને આમતેમ આંટા મારવાનું મન થયું. પણ બીજા કોઈ ઉઠે નહિ. એટલે અસ્વસ્થ થઇને હું બેઠો. એક આસને બેસવાની મોટા લોકોની ધીરજ જોઇને મનમાં કંઈક કૌતુક પણ થયું.

આખરે અંધારૂં થવા આવ્યું. દીવાની કશી વ્યવસ્થા હતી જ નહિ. મારી પેઠે જ કંટાળેલો પણ વ્યવહારકુશળ કોક માણસ હશે, એણે વચમાં જ ઉઠીને દીવાની માગણી કરી. થયું, બધાનું ધ્યાન ગયું કે આપણે લાંબા વખતથી 'ભાષણો' કરીએ છીએ. જામેલો રંગ ભાંગ્યો. સૌ ઉઠ્યા. કંઈક થોડું બોલીને બહાર ચાલ્યા. મને થયું, હાશ, આપણે છુટ્યા! ફરી કોઇ કાળે સભામાં આવીએ નહિ!

મારી જીંદગીની એ પહેલી સભા હતી.

૬

પૈસા ખોયા

ખરાબ છોકરાઓ પાસેથી અમે ગંદી ભાષા શીખી લઈશું એ બીકથી જેમ અમને કોઈ કાળે ઘરમાંથી રસ્તા પર જવા દેતા નહિ, તેમ કોઈ પણ વખતે, કોઇ પણ કારણે અમારા હાથને પૈસાનો સ્પર્શ થવા દેતા નહિ. સારા ઘરના છોકરાઓને જેમ હાડકાંને કે બીડીને અડવા ન દે તેટલી જ ચોકસાઇથી અમને પૈસાની આભડછેટ રાખેલી. પૈસા કે રૂપીઆને આપણાથી અડાય નહિ એ વાત અમારી રગેરગમાં ઉતરી ગઇ હતી. છતાં એ જ કારણે ઘણીવાર ગોળગોળ સિક્કા હાથમાં લઇને રમવાનું મન થઇ આવતું ખરૂં.

એક વાર શાહપુરમાં નારાયણ મામા સાથે ગાડીમાં બેસી દાક્તરને ત્યાં ગયો હતો. પાછા આવતાં મેં મામાને કહ્યું, ' નારાયણ મામા, નારાયણ મામા, તમારી પાસે પૈસા છે તે મને જરા હાથમાં લઇને જોવા દોને. ' માગવાની હીંમત તો મેં કરી, પણ મનમાં લગભગ ખાતરી જ હતી, કે નાના છોકરાઓથી પૈસાને અડાય જ નહિ એ ચિરપરિચિત સ્મૃતિવાક્ય નારાયણ મામા મારા માથામાં મારશે. પણ એવું કશું ન બન્યું. ઉલટું તેમણે ત્રણેક આનાના પૈસા મારા હાથમાં આપી દીધા. મારા આનંદનો તો પાર ન રહ્યો. મુઠી ભરાય એટલા પૈસા હાથમાં આવ્યા એ કંઇ નાનીસુની વાત હતી ? એકએક પૈસો હાથમાં લઇને મેં ગોળગોળ ફેરવ્યો. બધા પૈસા ફરીફરી ગણી જોયા. (તે વખતે મને સો સુધી ગણતાં આવડતું હતું.) પછી પૈસા જોવાનો રસ ઉતરી ગયો. છતાં પૈસા મુઠીમાં જ રાખી, ગાડી પાછળ પગથીઆ પર કોઈ ભીખારી છોકરો બેસે નહિ એટલા માટે પાછો વળીને હાથ ગાડીમાંથી બહાર લટકાવીને હું જોવા લાગ્યો.

મારુતિના મંદિર સુધી આવ્યા હોઇશું, ત્યાં કેટલાક છોકરા મોઈદાંડીએ રમતા હતા. તે તરફ ધ્યાન ગયું એટલે મુઠી તરફનું ધ્યાન ઓછું થયું. મુઠી ઢીલી પડી અને હાથમાંના પૈસા નીચે પડી ગયા ! આ ભયંકર અકસ્માતથી હું એવો તો દિઙ્મૂઢ બની ગયો કે શું કરવું એ મને સુઝ્યું નહિ. આપણે કહે ગાડી રોકાય એ તો ધ્યાનમાં આવે એવું હતું જ નહિ. નાનાં છોકરાંઓની ઇચ્છાને માન અપાતું હોય એવું મેં કોઈ કાળે જોએલું નહિ. મામાને કહું તો તે વઢશે એની પણ મનમાં ખાતરી. એટલે ચુપચાપ બેસી રહેવું એ બીકણ બાળકોની સાર્વભૌમ નીતિ મેં અખત્યાર કરી ! મોઈદાંડીએ રમનાર છોકરાઓમાંથી એક જણે પૈસા પડતા જોયા. એ ધીમેધીમે ચાલતો રસ્તા પર આવ્યો. એણે પૈસા ઉપાડ્યા, મારા તરફ જોયું, ને પૈસા ગજવામાં નાખ્યા. મેં શૂન્ય નજરે એના તરફ જોયું. એણે એક પળવાર નજર મારા તરફ નાખી, અને પછી જાણે કશું બન્યું જ ન હોય એમ, દાવકું મોઢું કરીને ધીમેધીમે ચાલતો ચાલતો પાછો રમતમાં ભળી ગયો. આસપાસના છોકરાઓએ એના તરફ જોઇને મોં મલકાવ્યાં. એ હાસ્યમાં પોતાના દોસ્તને ઓચીંતો લાભ થયો એનું અભિનંદન અને પોતાને એ લાગ ન મળ્યો એની અદેખાઈ બંને સ્પષ્ટ દેખાતાં હતાં. મોઢા પરથી માણુસનો આટલો સૂક્ષ્મ ભાવ કળી જવા જેટલી અક્કલ મારામાં હતી. છતાં આવે પ્રસંગે કંઇક પગલું ભરવાનું હોય છે એટલું નહિ સમજવા જેટલી બાઘાઈ પણ સાથેસાથે જ હતી !

નાના છોકરા વર્ગમાં ધ્યાન ન આપે, ઝટ જવાબ ન આપે અથવા સાનમાં સમજી કશું ન કરે ત્યારે ઉકળી પડનાર શિક્ષકો અને માણુસોએ મારો આ કિસ્સો ધ્યાનમાં રાખવા જેવો છે. બાલમાનસનો વિકાસ અમુક ચોકસ ક્રમમાં થતો નથી. એમાં અનેક સંસ્કારોને લીધે મોટેરાંના કલ્પ્યામાં ન આવે એવી વિવિધતા હોય છે. આટલું પણ જો તેઓ ધ્યાનમાં રાખે તો તેઓ પુરતી ધીરજ કેળવી શકશે અને બાલદ્રોહમાંથી બચી જશે.

ગાડી ઘરને બારણે આવીને ઉભી. મામા કહે, ' દત્તુ, પૈસા લાવ જોઉં. ' દત્તુ પૈસા ક્યાંથી આપે ? એ તો ટગરટગર જોઈ જ રહ્યો. પણ કંઈક જવાબ તો આપ્યે જ છુટકો. મેં કહ્યું, ' પૈસા હાથમાંથી પડી ગયા ! '

' ક્યાં પડી ગયા ? કેવી રીતે પડી ગયા ? '

'મારુતિના મંદિર આગળ. પેલા છોકરા રમતા હતા ત્યાં.'

'ત્યારે બાઘા, મને તે જ વખતે કેમ નહિ કહ્યું?'

'પણ એક છોકરાએ એ ઉપાડી લીધા તે મેં જોયા.'

મામા તિરસ્કારથી હસ્યા. જવાબમાં મેં શરમાળ અને દીન મુદ્રા તેમને બતાવી. મામા મને વઢ્યા નહિ અને મારા દેખતાં ઘરમાં બીજા કોઇને તેઓ કહેવા પણ ન બેઠા, એ આનંદમાં મારી શરમ તો હું ભુલી જ ગયો. પોતાની માનીતી બહેનનો સૌથી નાનો ભાણો ઘેર આવ્યો છે, એને કેમ વઢાય એવો ઉદાર વિચાર કરી મામાએ મનની વાત મનમાં રાખી હશે. છોકરો સાવ બેવકુફ છે એમ એમણે તોલ બાંધ્યો હશે અને આખરે તેઓ એ વાત ભુલી પણ ગયા હશે. પણ મારી નજર આગળ તો તે દિવસનો એ બધો દેખાવ તે દિવસના જેટલો જ આજે તાજો છે. કહો તો મારુતિના મંદિર આગળની એ જગ્યા આજે પણ બરાબર બતાવું.

૭

'મને રૂકો આપો'

પૈસાની જ વાત કરૂં છું ત્યારે બીજું પણ એક સંસ્મરણ સાથેસાથે આપી દઉં. અમે કારવાર ગયા હતા. પહેલવહેલો સમુદ્ર જોવાનું કૌતક કંઈક ઓછું થયું હતું. ઉંચાંઉંચાં અને ઘટાદાર સરૂનાં ઝાડમાંથી સુસવતો પવન પણ હવે ઓળખીતો થઈ ગયો હતો. હું મરાઠી નીશાળમાં ભણવા જતો. ઘણું કરીને બીજા ધોરણમાં હોઇશ. રામભાઉ ગોડબોલે કરીને એક છોકરો અમારી સાથે ભણતો હતો. એક દિવસ એણે મને પુછ્યું, 'કેમ અલ્યા કાલેલકર, તારી પાસે પોતાના કંઈ પૈસા છે કે નહિ? મેં મુગ્ધભાવે કહ્યું, 'ના ભાઈ, છોકરાઓ પાસે પૈસા ક્યાંથી હોય? એક દિવસ લીમયેને ત્યાં હું ગયો હતો ત્યાં મને મીઠાઈ સારૂ આઠ આના આપ્યા હતા. મેં તે તરત જ ઘેર આપી દીધા.' રામભાઉ કહે, 'તેથી શું થયું? એ પૈસા કહેવાય તો તારા જ. આઈ પાસેથી માગી લેજે. આપણે બજારમાંથી કંઈક સરસ સરસ ખાવાનું લઈશું.' મેં કહ્યું, 'આપણે થોડા જ શુદ્ર છીએ કે બજારની ચીજ લઇને ખાઇએ?' પેલો કહે, 'તું કંઈ સમજતો જ નથી. પૈસા લઈ તો આવ. પછી તને શીખવીશ એ પૈસાનું શું કરવું તે. તારા પૈસા તને ન મળે એનો અર્થ શો?'

મને કાંઈ ચીજ વેચાતી લઈને ખાવાનું મન તો હતું જ નહિ. પણ ઘેરથી હું પૈસા ન મેળવી શકું એમ ગોઠીઆઓ આગળ કબુલ કેમ કરાય? એટલે મેં હા તો પાડી. છતાં રામભાઉએ કહ્યું, 'જો બા પૈસા આપવાની ના પાડે તો રડીરડીને પણ લેજે.'

આટલી શીખામણથી સજ્જ થઈ હું ઘેર ગયો. બીજે દિવસે સવારે આઈ પાસે પૈસા માગવા ગયો. મારા પૈસા મને કેમ ન મળે એ ભુત મગજમાં હતું જ. પણ આઠ આના માગવાની હીંમત કોણ કરે? મેં ફક્ત એક રૂકો માગ્યો. રૂકો એટલે અરધો પૈસો—દોઢ પાઇ. એ સિક્કો આજકાલ જોવામાં નથી આવતો. આઇએ કહ્યું. 'બાપુ, હું જ મારી પાસે પૈસા રાખતી નથી તે તને ક્યાંથી આપું? એમની પાસે જઇને માગી લેજે.'

હું સીધો પિતાશ્રી પાસે ગયો અને કહ્યું, 'મને રૂકો આપો.'

કોઇ કાળે પૈસાનું નામ ન લેનાર દીકરો આજે રૂકો કેમ માગે છે એની એમને નવાઇ લાગી. એમણે પુછ્યું. 'તારે રૂકાને શું કરવો છે?'

ગોઠીઆનું નામ તો દેવાય કેમ? બજારની ચીજ લઇને ખાવી છે એમ પણ કેમ કહેવાય? આબરૂ જ જાય. અને મારા મનમાં પણ તેમ કરવાનું તો ન ન હતું. એટલે મેં કહ્યું, 'તે નહિ કહું. મને એક રૂકો આપો.'

પિતાશ્રીએ ચોખ્ખેચોખ્ખું સંભળાવ્યું, 'શા માટે જોઇએ છે તે કહ્યા વગર મારી પાસેથી રૂકો તો શું, પાઈ પણ ન મળે.'

હું પણ જીદે ચડયો હતો. શીખામણ પ્રમાણે મેં રડવાનું શરૂ કર્યુઃ 'મને——રૂકો આ——પો, મને——રૂકો આ——પો.' સવારથી અગીઆર

વાગ્યા સુધી ચલાવ્યું. થોડા દહાડા પર મારી નાની ભાભીએ બાને મારા પિતાશ્રીને પગાર કેટલો મળે છે તે પુછેલું. બાએ કહ્યું, 'બસો.' દસ વરસની ભાભીનું કુતૂહલ જાગ્યું. બસો રૂપીઆ તે કેટલા થતા હશે? બાએ વહુના કોડ પુરવા પિતાશ્રીને ખાસ કહેલું, 'આ મહીને નોટો ન લાવતા. બધા રોકડા રૂપીઆ જ લાવજો.' રૂપીઆ આવ્યા ત્યારે એક ચાંદીની થાળીમાં પાથરી બાએ ભાભીને તે બતાવ્યા હતા. મને મનમાં થયું, 'પારકા ઘરની ભાભી માટે આટલું કરે ને મને રૂક્કો ન આપે?'

પિતાશ્રી કચેરીમાં ગયા અને હું રોતોરોતો ઉંઘી ગયો. સાંજ પડી. પાંચ વાગ્યે પિતાશ્રી ઘેર આવ્યા. મેં ફરી શરૂ કર્યું, 'મને—રૂક્કો આ—પો.' આ રૂક્કા-ગીત રાતના દસ સુધી ચાલ્યું. આખરે મારી ઇચ્છા વગર અને જાણ્યા વગર ઉંઘે મને ઘેરી લીધો અને એ કિસ્સાનો અંત આવ્યો.

બીજે દિવસે નીશાળે જવાનું મન ન થયું. રામભાઉ પુછે ત્યારે એને જવાબ શો આપવો એ એક જ વિચાર મનમાં ઘોળાતો હતો. મારૂં ચાલત તો તે દિવસે હું નીશાળે ન જ જાત. પણ હું જાણતો હતો કે જો જવાની જરા પણ આનાકાની કરી તો પટાવાળાની ખાંધે ચડીને જવું પડશે. એવું થાય એટલે બેવડી ફજેતી: કચેરીમાં પટાવાળાઓ આગળ અને નીશાળમાં આખી દુનીઆ આગળ. એટલે નીશાળે તો હું ગયો, અને રામભાઉને બધું વીતક કહી દીધું.

નવ વાગ્યે અમને એકીની રજા મળતી હતી. એ વખતે વિશ્વનાથ વકીલ નામનો એક છોકરો મારી પાસે આવ્યો. એનો ચહેરો હજી દૃષ્ટિ આગળ છે. માથાના લાંબા લાંબા વાળમાંથી એકાદ મોઢામાં લઇને ધાલવાની તેને ટેવ હતી. વિશ્વનાથ સારા ઘરનો અને રૂપાળો દેખાતો હતો. તેના કપાળ પર પરસેવાનાં સ્વચ્છ બિંદુ ચળકતાં હતાં. એણે મને એક બાજુ પર બોલાવી કહ્યું, 'ભાઇ, ગઇ કાલથી તારૂં ને રામભાઉનું જે ભાષણ ચાલે છે તે હું સાંભળું છું. રામભાઉ નઠારો છોકરો છે. એ તને આજે માગીને પૈસા લાવવાનું કહેશે. તને એને ઘેરથી ખાવાનું લાવીને ખવડાવશે. થોડા દિવસ પછી ઘેરથી ચોરી કરવાનું કહેશે. પછી તો એથી યે વધારે ખરાબ કામો કરવાનું કહેશે. તું એની સોબત રાખીશ મા.'

વિશ્વનાથની શીખામણની મારા પર ભારે અસર થઈ. મેં રામભાઉની સોબત છોડી. આજે વિચાર કરતાં લાગે છે કે ત્રીજું ધોરણ ભણનાર વિશ્વનાથની શીખામણ કંઇ એના અનુભવની તો નહિ જ હોય. ક્યાંકથી સાંભળેલું કે વાંચેલું એણે મને કહ્યું હશે. પોતાની શીખામણનો પુરેપુરો અર્થ એ ભલે ન જાણતો હોય. પણ એની શ્રદ્ધા પુરેપુરી હતી. એ વિશ્વનાથ આજે પણ દૃષ્ટિ આગળ તાજો જ છે. આજે બીચારો ક્યાં છે એ હું જાણતો નથી. એની સાથે મેં બે દિવસ દોસ્તી બાંધી ખરી, પણ એ મારા કરતાં ઉમરે બે વરસે મોટા. એટલે એ દોસ્તી બહુ પાકી નહિ.

ભલા વિશ્વનાથ, તું ક્યાં છે, શું કરે છે, એ હું જાણતો નથી. પણ તેં મારા જીવન પર જે એક જ ક્ષણમાં અસર કરી તેને માટે તને નમન જ ઘટે છે.

'મધપુડા' પાસેથી] **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**



ઓળખ

:ઇન્દ્રવજ્ર:

કેવો મજેનો ! સુખી બાલ્યકાળ !
આ મસ્તી તોફાન, જવું નીશાળ :
ફ્રીહ્રા ! થશે શું અતિ દિવ્ય એવું
નિર્દોષ આ જીવન સ્વપ્ન જેવું ?


આ કેશ કાળા સહુ શ્વેત થાય !
ને આંખ આ જો, કદિ ઝંખવાય !
આ નેત્ર તારાં, સુર સોમ ધારા—
શી રીત જાણીશ પછી હું તારાં ?

ને ચન્દ્ર તારા સહુ લે વીસામા,
ને દિગ્ગજો ધુળ ભરે દિશામાં;
આ હાથ તારો પથ દોરનારો
શી રીત જાણીશ નકી જ તારો ?

તારૂં કદી જો કની મૃત્યુ થાય,
આનંદ આ જીવનનો ય જાય;
આ આંખ ને હાથ કદિ ભુલાય
તો ના કદિ તું સ્મૃતિથી ભુંસાય.

હૈયા મહીં મૌન નિગૂઢ વ્યાપે,
ને એ મને જીવનદાન આપે;
એકાદ સારૂં વળી આંસુ છાનું,
એથી જ જીવંત તને હું માનું.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા





આફ્રીકાના પત્રો

૬

જીન્જા તા. ૧૦-૪-૨૪

મારો છેલ્લો લખેલો અહેવાલ તમને મળ્યો હશે. મારૂં ફંડનું કામ તો અહીં તળ જીન્જામાં ગયા માસની છેલ્લી તારીખોમાં શરૂ થઈ ગયું છે. જીન્જામાં થોડીએક મોટીમોટી રકમો લખાવીને અમે કંપાલા જઈ આવ્યા હતા અને ત્યાંની પણ મુખ્ય મુખ્ય રકમો ભરાવી હતી.

તળ જીન્જા વસ્તીની દૃષ્ટિથી કાંઈ મોટું શહેર ન ગણાય. પરંતુ આસપાસનાં બસો બસો માઈલ સુધીના લોકોનું મોટું મથક રહ્યું એટલે એ રીતે તેની મહત્તા ઘણી છે. જીન્જામાં ફંડ કરવું એટલે મુંબાઇ કલકત્તામાં ફંડ કરવું તેમ ન સમજતા. અહીં તો જીન્જાને કેન્દ્રસ્થાને રાખી બસો બસો માઇલના ચક્કર સુધી રખડવું અને પૈસા ઉઘરાવવા તેનું નામ ફંડ કરવું. તેમાં પણ રખડવાનાં સાધનોમાં ક્યાંક મૉટરટ્રૉલી (માલ લઇ જતી), તો ક્યાંક ડુંગી (દેશી હોડી), તો ક્યાંક નસીબયોગે બેલગાડી ! એટલે જો વગવસીલા વિનાનો માણસ ફંડ કરવા નીકળ્યો હોય તો તો મરી જ જાય. મારે તો આવી મુસાફરીમાં પણ અતિશય અનુકુળતા હતી. શેઠ નાનજી-ભાઇની બંને મોટરો હું આવ્યો ત્યારે જ બગડી ગઇ હતી એટલે રીપેરમાં છે. અમારે ફંડ માટે આસપાસનાં ગામડામાં જવું પડે તેટલા સારૂ તેમણે અમારા જવા અગાઉ બે જ દિવસે એક નવી મોટર ખરીદી છે—બે હજાર શિલિંગની.

અમે તા. ૩જીએ સાંજના ૫ વાગ્યે ઉપડ્યા—નાનજી-ભાઈના ભાઈ મથુરાદાસ, હું તથા ગૌરીશંકર. અમારી સાથે અહીંના એક પ્રસિદ્ધ વેપારી ભાઈ દામોદરદાસને પણ લી ા હતા; કારણકે ગામડાંઓમાં તેમને તેમના વસીઆતો સાથે બહુ સારો સંબંધ છે. બીજા પણ એક ભાઈ ચુનીલાલ અમારી સાથે હતા. તેઓ નાનજીભાઇ સાથે આપણા ભવન-માં આવી ગયા છે. અમારી પાંચ જણની ટોળી ઉપડી. ભાઈ



આફ્રિકાના વતનીઓનાં ઘરો : ઝંબાઓ

મથુરદાસ મોટર હાંકતા હતા.

સાંજના સાત વાગ્યે અમે ઇગાંગા પહોંચ્યા. અહીં એક લોહાણા વેપારીને ત્યા અમે ઉતર્યા અને વાળુ કર્યુ. ઇગાંગામાં હાલ ફંડ ન કરતાં પાછા ફરતાં એક મીટીંગ ભરીને ફાળો કરવો એવો ત્યાંના લોકોનો મત થયો એટલે નવ વાગ્યાને સુમારે અમે પાછા ઘોડે ચડ્યા—મોટર હાંકી.

અહીંની મોટરની સફર દિનસે તો બહુ જ મઝા આપે તેવી હોય છે. સીધા ઢોળાવવાળા સુંદર રસ્તાઓ, આસપાસ ચારે બાજુ નાનામોટા ટેકરાટેકરીઓ, રસ્તાની બંને બાજુએ ઝાડોની લાંબાલાંબી હારો અને એટલી ઉંચાઈ સુધી પણ પહોંચેલી તોરણ જેવી વેલો, વચ્ચે વચ્ચે ડોકીઆં કરતા દેશી લોકોના સાદા વિચિત્ર પણ સ્વચ્છ ઝંબાઓ, રસ્તાપરથી પસાર થતાં દેશી લોકોનાં આશ્ચર્યચકિત મોઢાં, બાળકને પાછળ બાંધીને માથે કેળાંની લુમ તથા તુંબી લઇને ચાલતી એકાદ દેશી સ્ત્રી, ઇસાઇ ધર્મમા દાખલ થઇને હેટ પહેરતા શીખેલા અનેક દેશીઓ, દિગંબર સ્થિતિમાં જેમને જરા યે સંકોચ કે લજ્જા નથી એવા પણ અનેક દેશીઓ, આ બધાંને જોતાં મોટરમાં માઈલના માઈલ સુધી જવું કોને ન ગમે ?

ઈગાંગાના નીકળ્યા અમે રાતે બાર વાગ્યે સંભારીઆ પહોંચ્યા. અહીં નાનજીભાઇનું એક સારૂં જીન છે. અને અમારી સાથે ભાઈ ચુનીલાલ હતા તે પોતે આ અને આવા બીજા ત્રણ જીનમાં નાનજીભાઇના ભાગીદાર છે. અમે જીનમાં પહોંચ્યા કે ચુનીલાલ તો જીનના રાજા. અમારા માટે મચ્છરદાનીવાળા પલંગો તૈયાર થયા, ન્હાપાણી પણ થઇ ગયાં અને અમે એક વાગ્યે સુતા. ભાઇ ચુનીલાલ બીજે દિવસે અમારી સાથે આવવાના હતા એટલે તે રાતોરાત પોતાનાં બીજાં ત્રણ જીનની તપાસ (ઈન્સ્પેકશન) માટે મોટર સાઇકલમાં ચાલી નીકળ્યા !

શનિવારની સવાર પડી. અમે તો બધા મોડા મોડા



ત્યાંની સ્ત્રીઓ બાળકોને આવી રીતે તેડે છે

ઉઠ્યા હતા. નાહીધોઇને પરવાર્યો પછી હું તો થોડાં સુંદર વૃક્ષોની છાયા નીચે કઠોપનિષદ્ લઇને ચાલ્યો ગયો હતો. અહીં બહુ જ શાન્તિ હતી. નજીકમાં થોડાં ફુલઝાડ હતાં; પાસેના પોપૈયા પર એક નાની ચકલી ચીં ચીં કરતી હતી. હું તો શાન્તિમાં ખુબ ઉંડો ઉતરી ગયો અને પાછળથી કઠોપનિષદનું વાંચન પણ બહુ જ શાન્તિથી કર્યું.

અગીઆર — સાડાઅગીઆર થયા હશે. ચુનીભાઇ આવી પહોંચ્યા એટલે અમે જમવા ગયા. આજે અમે બધા મહેમાનો હતા એટલે ચુનીભાઇએ દુધપાક કરાવ્યો હતો.

અહીં દુધ તો ભાગ્યે જ મળે છે. એટલે આ દુધપાક તો ઠારેલા દુધના ડબામાંથી દુધ કરીને બનાવ્યો હતો. મને પોતને તો આ દુધ મુળે જ પસંદ નહિ, તેમાં પણ દુધપાક ખાધો ત્યારે તો એ નાપસંદગી યથાર્થ લાગી. ક્યાં કાઠીઆવાડની ભેંશોના દુધનો દુધપાક, અને ક્યાં સ્વિટ્ઝર્લેંડનાં ખેતરોમાં ચરતી ગાયોનાં લાંબી મુદ્દત સુધી સાચવીને ઠારી રાખેલાં દુધનો આ દુધપાક !

જમીને થોડો આરામ લઇ અમે ચાલ્યા — લગભગ એક દોઢ વાગ્યે, અને કલાકમાં તો અમે નાઇલના બનેલા એક નવા સરોવરને કાંઠે આવી પહોંચ્યા. અહીં નાઇલ નદી તો જ્યાંને ત્યાં માર્ગમાં આવે છે. અને બને છે પણ એવું, કે નાઇલ હો યા બીજી કોઇ નદી હો, પણ અહીંના લોકો તો, ગમે તે મોટું ઝરણું કે તળાવ આવ્યું કે એ નાઇલ જ એમ ઠોકી બેસાડે છે ! આ ભાગને દેશી લોકો ન્યાંઝો કહે છે. અમારે મોટર સાથે આ ન્યાંઝો ઉતરવાનો હતો ! અહીં ઉતારૂઓ તેમ જ વાહનોને એક કાંઠેથી બીજા કાંઠા સુધી લઇ જવાને મોટાં પાટીઆં વાળી એક હોડી રહે છે. આજે એ હોડી તો અમારા માટે તૈયાર હતી, પરન્તુ જીલ્લાનો પોલીસનો ઉપરી ત્યાં આવવાની વકી હતી એટલે તેને લીધા વિના હોડી ઉપડી શકે તેમ નથી એમ અમને



પૂર્વ આફ્રીકાના વતનીઓ

કહેવામાં આવ્યું ! પોલીસ ઉપરી બે વાગ્યે આવવાનો હતો તેને બદલે સાડાચાર થયા, પણ તે દેખાયો નહિ. છેવટે અમે હોડીવાળાઓને સમજાવ્યા અને માંડમાંડ હોડી ચાલી. અહીંની નાની તેમજ મોટી હોડીઓ એક જ ઝાડના સળંગ થડને કોરી કાઢીને બનાવેલી હોય છે. આવી બે મોટી હોડીઓને એક સાથે બાંધી, તેના પર પાટીયાં ગોઠવીને સ્ક્રૂ મારીને એક મોટી હોડી બનાવે છે. તેના પર અમારી મોટર તથા અમે સૌ બેઠા. હોડી ચાલી. ભાઈ ગૌરીશંકરના જીવ તો હોડીમાં બેઠા ત્યારથી જ ઉડી ગયા જેવો થયે હતો ! તેમની એકબે વાતો તો મેં તમને હજી જણાવી જ નથી.

અહીં જીન્જામાં વરસાદ પુષ્કળ પડે છે તે તો તમે જાણો છો. અત્યારે જ અહીં વરસાદની મોસમ છે. ભાઇ ગૌરીશંકર અહીં હું સુઉં છું ત્યાં નથી સુતા. અહીંથી થોડે દૂર નાનજીભાઇનું એક બીજું મકાન છે ત્યાં ગૌરીશંકર, જેઠાલાલ, (નાનજીભાઇના સાળા) વગેરે સુએ છે. અહીં જીન્જામાં વીજળી અને ગડગડાટ થાય છે ત્યારે ભલભલા માણસો ચોંકી જાય એવા જોસમાં થાય છે. અમારા પ્રિઝન આઇલૅન્ડના ગડગડાટની વાત તો હું તમને લખી ચુક્યો છું. આપણા તરફ આવી ગર્જના મેં કદિ સાંભળી નથી. એક રાતે ખુબ વીજળી વગેરે થયાં એટલે ગૌરીશંકર પથારીમાંથી ઉઠ્યા અને સૌ ભાઇઓને જગાડીને કહે, 'હું તો બહાર જાઉં છું; એટલે વીજળી ઘર પર પડે તો પણ વાંધો નહિ !' અને સાથેસાથ એ બહાર ચાલ્યા ગયા ! અહીં જ્યારેજ્યારે રાત્રે વીજળી અને કડાકા થાય છે ત્યારેત્યારે, ટીટોડી આકાશ પડવાની રાહ જુએ તેમ, ગૌરીશંકરભાઇ ચિંતામાં ને ચિંતામાં ઉંઘતા પણ નથી !

આજે આ ગૌરીશંકર લાકડાના માંચડાની બનાવેલી હોડીમાં બેઠા. હોડી ક્યારે ઉંધી વળી જશે અને અમે બધા ક્યારે પાણીમાં ડુબી જઇશું એની જ એમને તો રાહ હતી. તેમનું મોઢું લેવાઇ ગયું. ભાવનગર જીવતા પહોંચશું કે કેમ તેની તેમને શંકા થવા લાગી, અને ભાવનગરનાં ઝાડવાં દેખીએ તો ૧૦૦ વિદ્યાર્થીઓને જમાડવા એવી માનતા પણ એમનાથી તો થઇ ગઈ ! હું પણ તેમની સાથે હતો, અને જરા પણ ગભરાતો ન હતો એટલું જ તેમને આશ્વાસન હતું.

તેમની આ દશા જોઇને મેં તેમને બીજી વાતે ચડાવ્યા અને એકાદ કલાકમાં તો અમે સામે કાંઠે પહોંચ્યા.

અહીંથી હવે અમે મારી મુકયાં. બરાબર સાંજ પડી ત્યારે અમે પારીશા પહોંચ્યા.

પારીશાના ઉપડ્યા રાતના સાડાદસ—અગીઆર વાગ્યે અમે મુકરા ગયા. અહીં પણ નાનજીભાઇનું જીન છે અને વલ્લભદાસ કરીને એક ભાઇ મૅનેજર અને ભાગીદાર તરીકે અહીં રહે છે. અમે પહોંચ્યા ત્યારે સૌ સુઇ ગયાં હતાં. મોટરનો ભોમનાદ થયો એટલે ભાઇ વલ્લભદાસ બહાર આવ્યા અને અમને લઇ ગયા.

અમે ઉતારો કર્યો. અમારે વાળુ કરવું હતું એટલે મહારાજને જગાડીને ઑર્ડર આપ્યો. અમે સૌ ખુરશી પર પડ્યા પડ્યા વાતો કરતા હતા; પરંતુ દરેકના હાથ કામમાં રોકાએલા હતા ! મુકરા એટલે મચ્છરનું ધામ ! આખા ઓરડામાં મચ્છરનો ગણગણાટ ચાલી રહ્યો હતો. હું જે આરામખુરશી પર પડ્યો હતો તે આરામખુરશીના કૅનવાસને વીંધીને મચ્છરો કપડાંની સોંસરા મને કરડતા હતા ! પાટલુનવાળા ગૃહસ્થોનાં પાટલુનો પણ આ મચ્છરો સામે નિરૂપાય હતાં. મોઢા પર તો હાથ ફેરવો એટલે મુઠી ભરાઇને મચ્છરો હાથમાં આવે ! અને તેટલા ફેંકી દો ત્યાં પાછો બીજી વાર હાથ ફેરવવાનો વારો આવ્યો જ છે ! આપણા ભાઈ ગૌરીશંકરને તો મોં પર તેમ જ પગ પર એટલા બધા કરડ થયા કે બે કલાકમાં સોજા ચડ્યા ! તેમણે પગમાં મોજાં પહેર્યાં હતાં તો પણ આજે કારી ફાવી નહિ. મેં તો આ પીડા થોડીઘણી જોઇ લીધી એટલે શરૂઆતથી કાચું તેલ મંગાવીને મોંએ તથા હાથેપગે ચોળી લીધેલું. આ

નુસખાથી મુકરામાં રહ્યા ત્યાં સુધી મને તો પ્રમાણમાં આરામ રહ્યો. વાળુ કરીને અમે સુતા. બધા પલંગો પર મચ્છરદાનીઓ હતી; પણ મચ્છરદાનીની અંદર ટોળાં બેઠેલાં તેનું શું? ભાઇ મથુરાદાસ અને ગૌરીશંકર તો આખી રાત પથારીમાં મચ્છર ઉડાડતા અને મારતા બેસી જ રહ્યા! સવારે જુએ તો પગ સુજી ગએલા! અમે તો સવારે નાહી-ધોઇ, ચ્હાપાણી લઇ ભાગ્યા.

દસ વાગે સરોટી આવ્યું. અહીં હરિદાસભાઇ કરીને એક લોહાણા વેપારી છે તેમને ત્યાં ઉતારો કર્યો. જમવાની વરધી આપી. મારે તો આજે, છઠ્ઠી એપ્રિલ હોવાથી રાષ્ટ્રીય સપ્તાહનો પહેલો રોજો હતો એટલે રાત્રે જમવું હતું.

થોડી વાર વિશ્રાંતિ લઇ અમે ફંડની વાત કાઢી અને હામા કરતાં આ ચતુર વાણીઆઓ પાસે રકમો ભરાવી.

બપોરના જમીને બે વાગ્યે અમે ત્યાંથી બુલાંગો જવા ઉપડયા અને પાંચ વાગે ત્યાં પહોંચ્યા. ફંડની રકમો નોંધાઇ. છ - સાડા છએ પાછા ફર્યા અને આઠ સાડા આઠે સરોટી પહોંચી વાળુથી પરવારી સુતા.

આજે સોમવાર થયો. અમે આઠ વાગ્યે સરોટી છોડી મુકરા આવીને જમ્યા. છેલ્લા બેત્રણ દિવસનો સૌને થાક લાગ્યો હતો એટલે જમીને મુકરામાં જ બપોર ગાળ્યા. રાત તો મુકરામાં ગાળવાનો કોઇનો વિચાર હોય જ શાનો? એટલે ચાર વાગ્યે મુકામ ઉપાડયો. મોટરના પૈડામાં એક બે પંકચરો પડયાં હતાં તે બધું ઠીકઠાક કરી અમે ચાલ્યા.

એક નાનો ન્યાંઝો તો ઉતર્યા, પણ જરા આગળ ચાલ્યા ત્યાં અંધારૂં થયું. પૈડામાં ફરીથી પવન ભર્યો અને મોટર ઉપાડી. મોટરની એક બત્તી તો ક્યારની ખોટી પડી ગઇ હતી. એવામાં એક ભાંગેલા નાળાપર મોટર આવી, તેવો જ એક જબરો ધક્કો લાગ્યો અને બંને બત્તીઓના પોટા નકામા થઇ ગયા! રાત પડી ગઇ હતી; ચારે તરફ અંધકાર ફરી વળ્યો હતો; માથે વરસાદ પડુંપડું થઇ રહ્યો હતો; રાની પશુઓનો ભય તો હતો જ; અને અમે સાથે રાઇફલ લેવી પણ ભુલી ગયા હતા! આટલા સંયોગોમાં ભાઇ ગૌરીશંકરના મનની દશા તો તમારે જ કલ્પી લેવી.


અમે સૌ નીચે ઉતરી બત્તીઓની ઘડભાંગ કરવા લાગ્યા. પણ બત્તી થાય નહિ અને કાંઇ દેખાય નહિ. અંધારામાં ને અંધારામાં થોડે સુધી મોટર હાંકી એટલે એક દુકાન આવી. ત્યાં ઉતરીને પાછાં બત્તીઓ માટે ફાંફાં માર્યાં. પરંતુ બત્તીના પોટાની અંદરના વાળા જ બળી ગએલા, એટલે વીજળી પ્રગટે શી રીતે? અને આ જંગલમાં નવા પોટા મળે પણ કયાંથી? એવામાં હાથ નાખતાં એક ડિમનો પોટો જડી આવ્યો. તેને મુળ બત્તીમાં જેમતેમ કરીને બેસતો કર્યો. પણ એક ડિમ બત્તીથી કાંઇ પચાસ સાઠ માઇલનો પંથ કપાય? અમે તો દુકાનવાળા પાસેથી બે હરિકેન ફાનસો માગી લીધાં, અને થોડે દૂર એક જીનવાળા મુસલમાન ગૃહસ્થ રહેતા હતા ત્યાં ગયા — એવી આશાથી કે તેની મોટરની બત્તીઓ માગી લઇશું. પણ તેની બંને મોટરો તે જ દિવસે જીન્જા ઉપડી ગએલી, એટલે નિરાશ થઈ અમે પાછા ફર્યા અને એક ડિમ બત્તી અને એક હરિકેનથી ચલાવ્યું. ભાઇ મથુરાદાસ મોટર હાંકવામાં ચાલાક અને રસ્તાના ભોમીઆ એટલે જ ચાલે; નહિતર તે રાત્રે તો જરૂર અમે રસ્તામાં જ અકસ્માત અનુભવત.


મોટરને તો મારી મુકી અને લગભગ બાર વાગ્યે પારીસા પહોંચ્યા. પારીશાવાળા ભાઇ હરગોવિંદદાસે સોમવારે બપોરના અમારી બહુ રાહ જોઇ હતી અને લાડુ વગેરે તૈયાર રખાવ્યું હતું. અમે સોમવારે બપોરે તો ન પહોંચ્યા પરતુ સાંજે પણ ન પહોંચ્યા, એટલે તે ભાઇએ અમારી આશા છોડી દીધી હતી. અમે તો રાત્રે બાર વાગ્યે પહોંચી બારણાં ખખડાવ્યાં. ભાઇ હરગોવિંદદાસે અમારો સત્કાર કર્યો, મહારાજને જગાડયો અને રસોઇની વરદી આપી.

રાતના દોઢ - બે વાગ્યે અમે વાળુ કરીને સુતા. સવારના પરવારીને જીનમાં ગયા ને ફાળો કર્યો. ભાઇ હરગોવિંદદાસ મહુવાના છે અને મારા તરફ તેમની સારી ભાવના છે એટલે ફાળો સુંદર થયો. વળી બે દિવસ પછી અમારે પારીશા જવું અને ભાઇ હરગોવિંદદાસની સાથે રહી મબાલેમાં ફરવું એવો નિર્ણય કરી અમે પારીશા છોડયું અને સંભાટીઆ આવવા નીકળ્યા.

સંભાટીઆ બપોરના એક વાગ્યે આવ્યું. આજે મંગળવાર હતો. મંગળવારની રાત્રે અમારે ઇગાંગા પહોંચવાનું હતું. સંભાટીઆ આવીને જમવાની વ્યવસ્થા કરી એટલે ચાર વાગ્યે જમીને પરવાર્યા અને રવાના થયા. સાડા સાત વાગે ઇગાંગા ગયા; આઠ વાગે સભામાં ભાષણ કર્યું અને ફંડ ઉઘરાવ્યું. સાડા દસ—અગીઆરે ઇગાંગાથી રવાના થયા. મોટરની બત્તી માટે ઇગાંગાથી એક નવો પોટો લઇ લીધો હતો એટલે મોટર પુરજોસમાં છોડી દીધી. રાતના બાર એક વાગ્યે જીન્જામાં આવ્યા. ઘર ઉઘાડયું અને સુઇ રહ્યા.

નાનાભાઇ





ગ્રહો ઉપર વસ્તી!

રાત્રે જ્યારે આપણે આકાશમાં ગ્રહો જોઈએ છીએ ત્યારે હમેશાં એક પ્રશ્ન ઉઠે છે કે ગ્રહો ઉપર વસ્તી હશે કે નહિ? ખગોળશાસ્ત્રીઓ કહે છે કે જો આપણાં દૂરબીન વધારે મોટાં હોય તો આપણને ચોક્કસ જણાય કે કોઈપણ ગ્રહ ઉજ્જડ તો નથી જ. ગુરુ અને શનિ જેવા હજી સળગતા (અરધા સૂર્ય જેવા) ગ્રહો ઉપર તો બહુ જ સૂક્ષ્મ દેહવાળાં પ્રાણીઓ રહેતાં હોવાનો સંભવ છે. પેલા તદ્દન ઠરી ગએલા યુરેનસ અને નેપ્ચ્યુન ઉપર તો જીવતાં પ્રાણી કે વનસ્પતિનું હોવું તદ્દન અશક્ય જ ભાસે છે. હવે બાકી પૃથ્વી સિવાય બીજા બે ગ્રહો રહ્યા: મંગળ અને શુક્ર. એ બંને ઉપરનું વાતાવરણ વનસ્પતિ અને પ્રાણીઓને માફક જણાય છે. ભવિષ્યમાં જ્યારે દૂરબીનો બહુ જ મોટાં અને શક્તિવાળાં બનશે ત્યારે મંગળ અને શુક્ર ઉપર જોઈને જરૂર કહી શકાશે કે ત્યાં વસ્તી છે. હા, એવું બને કે ત્યાંના જીવો આપણા વાતાવરણમાં જીવી ન શકે એવા હોય; અને આપણે પણ ત્યાં ન જીવી શકીએ. વળી જેમ ગ્રહોનાં વાતાવરણમાં ફેર, તેમ ત્યાં વસનારા જીવોના પ્રકારમાં પણ ફેર. એક ગ્રહ ઉપર વસનારા જીવો બીજા ગ્રહ ઉપરના જીવ કરતાં જુદી જ જાતના હોય.

યુરેનસ અને નેપ્ચ્યુન જેવા જે ઠરી ગએલા ગ્રહો અત્યારે વસ્તી માટે અશક્ય લાગે છે તેમના ઉપર કદાચ ભૂતકાળમાં વસ્તી હશે; અને ભવિષ્યમાં જ્યારે આપણી પૃથ્વી ઠરી જઈને એ યુરેનસ નેપ્ચ્યુનની પેઠે વસ્તી માટે અશક્ય બનશે એ વેળાએ, ગુરુ અને શનિ જેવા અત્યારે સળગતા ગ્રહો વસવાલાયક બનશે.

ચિત્તાના પંજામાં

આ ખરી બનેલી વાતને હજી પુરો દસકો પણ નથી વીત્યો.

૧૧ વરસની ડોરીન ઍશ્બર્નહામ અને ૮ વરસનો ઍન્થની ફરાર એ કૅનેડાનાં પ્રખ્યાત અંગ્રેજ કુટુંબનાં ફરજન. ૧૯૧૬ના સપ્ટેમ્બરની ૨૩મી તારીખ હતી. બપોર વેળા થઇ ગઇ હતી, એટલે આ બંને જણ દૂર ખેતરમાં પોતાના ટટ્ટુને શોધવા ગયાં. રસ્તો ખાડાટેકરા ને ઝાડીને અંગે જરા ભયંકર હતો. પણ રોજની ટેવ એટલે એ બંને બાળકોને તો એ સામાન્ય જ લાગતો.

ટટ્ટુની શોધમાં એઓ રખડતાં હતાં ત્યાં તેમણે પોતાની સામે પુર ઝડપે ધસી આવતો એક ચિત્તો જોયો. ચિત્તા જેવા ઘાતકી પ્રાણીના પંજામાં આમ અચાનક સપડાવું તે કેટલું ભયંકર હતું એ તેઓ સારીપેઠે જાણતાં હતાં. ટટ્ટુ ટટ્ટુને ઠેકાણે રહ્યું ને બંનેએ એકબીજાના હાથ પકડીને બને તેટલી ઝડપથી ઘર તરફ દોડવા માંડ્યું. પણ ચિત્તાની ઝડપ આગળ એમનું શું ચાલે ?

ઘડી બેઘડીમાં તો ચિત્તાએ આવી પહોંચીને ડોરીનના ખભા ઉપર તરાપ મારી તેને જમીન પર ફેંકી દીધી. સામાન્ય રીતે તો આઠ વરસનો છોકરો આવું જોઇને ફાટી જ પડે ! કે કાંતો જીવ લઇને નાસી જ જાય. પણ ઍન્થની તો નીડરતાથી સામે થયો. હથીઆરમાં તેની પાસે માત્ર ટટ્ટુની લગામ હતી. એક ક્ષણ પણ ખોયા વિના તેણે તે ચિત્તાના માથા ઉપર ખુબ જોસથી ફટકાવી.

આ ફટકાથી ચિત્તાએ પણ એકદમ ભયંકર રૂપ ધારણ કર્યું. ડોરીનને પડતી મુકીને તે ઍન્થની ઉપર ધસ્યો. થોડી વારમાં તો ઍન્થનીના શરીર ઉપર ઉઝરડા ઉઝરડા થઇ ગયા, ને લોહી વહેવા લાગ્યું.

ઍન્થનીના દુઃખનો પાર નહોતો. પણ એ ઘડીભર ભુલી જઇ, એણે ડોરીનને કહ્યું, 'બ્હેન, તું જલદી નાસી જા; ઝટ ઘરભેગી થા.'

પણ પોતાના ભાઇને એ ભયંકર પશુના પંજામાં રહેવા દઇ ડોરીન ચાલી જાય એ તો કેમ જ બને ? તે ઉભી થઇને ચિત્તાને મુક્કા વડે મારવા મંડી. આખરે લાગ જોઇ તેણે પોતાની કોણી ચિત્તાના મોંમાં ખોસી દીધી.



ચિત્તાએ લોહી તો ચાખ્યું હતું, એટલે તે ઝનુનથી ગાંડો બની બંને છોકરાંને પીંખવા મંડ્યો; છતા ડોરીને તેની સાથે લાંબુ યુદ્ધ ચલાવ્યું અને છેવટે લાગ આવતાં તેની એક આંખ ફોડી નાખી.

આ બનાવ ખરેખર નસીબદાર હતો. આંખ ફુટી કે તરત ચિત્તો જીવ લઇને નાઠો. પાછળથી જાણવામાં આવ્યું કે ચિત્તો એક આંખે તો પહેલેથી જ કાણો અને ઉમરે પહોંચેલો ઘરડોખખ હતો. આંધળો થવાથી બેજાર બની તે નાસી ગયો. ઘાયલ થએલાં બંને છોકરાં ઘેર પહોંચ્યાં; અને દવાદારૂથી મહીને દહાડે સાજાં થયાં.

ગામને ખબર પડી એટલે શીકારીઓ ચિત્તાની શોધમાં નીકળી પડ્યા અને તેને શોધી મારી નાખ્યો. માર્યા પછી તેનું માપ કાઢતાં તેની લંબાઇ સાત ફુટ ને નવ ઇંચ થઇ. જેમણે એ ઘાતકી પશુને જોયું હોય તેમને જ પેલાં બાળકોનાં વીરત્વનો ખરો ખ્યાલ આવે.

(અંગ્રેજી ઉપરથી) **વિદ્યાબ્હેન જોશી**

તમારૂં માથું દુખે છે?

માથું દુખવું એ આપણામાં બહુ સામાન્ય થઇ પડેલું દરદ જણાય છે, અને તેના ઉપચાર માટે સંખ્યાબંધ દવાઓ બજારમાં વેચાય છે. એના બનાવનારા દાવો કરે છે કે તેમની દવા તત્કાલ આરામ કરી દે છે. આ દવાઓ બે જાતની હોય છે:

(૧) બાહ્ય ઉપયોગની એટલે માથે ચોપડવાની દવાઓ. ઘણાએ જોયું હશે કે આ દવાઓથી જોકે ખાસ ફાયદો થતો નથી, છતાં એ નુકસાનકારક નથી હોતી.


(૨) પાણી અથવા ચાહ-કૉફી સાથે પીવાની દવાઓ. સામાન્ય રીતે આ જાતની દવાઓ જ્યારે જ્યારે લેવામાં આવે છે ત્યારે લગભગ ક્ષણવારમાં જ ચમત્કારિક રીતે દુખાવો બંધ થઇ જાય છે. પણ ઘણાનો અનુભવ હશે કે એ ચમત્કાર પાછળથી બહુ મોંઘો પડી જાય છે. એ દવા શરીરની બધી શક્તિ ખેંચી તેને કાંટામાં લાવે છે અને તાત્કાલિક આરામ કરી દે છે; પણ પાછળથી એની અસર ઉતર્યે શરીર નબળું પડી જાય છે, અને થોડા કલાક અથવા દિવસ વીત્યે દુખાવો પાછો ઉપડી આવે છે. પણ કામચલાઉ આરામ મળ્યો હોવાથી કશો ઊંડો વિચાર કર્યો વિના લોકો આવી દવાઓ બહુ વાપરે છે.

આ દવાઓમાં કેટલીક આકરી ઓષધિઓ-જેવી કે ફીનાસેટિન ઍન્ટિપાઇરિન અને કોલટારમાંથી કાઢેલા બીજા નુકસાનકારક ઝેરી પદાર્થો હોય છે. તે હૃદય ઉપર ખરાબ અસર કરે છે; માટે અનુભવી વૈદકીય સલાહ સીવાય કદિ તે વાપરવી નહિ જોઇએ. તેનો વારંવાર ઉપયોગ કરવાથી હમેશનો ફાયદો થતો નથી એટલું જ નહિ પણ ઉલટું બહુ નુકસાન થાય છે, અને ભયંકર હૃદયના વ્યાધિનાં બીજ રોપાય છે.

માથાનો દુખાવો કેમ થાય છે, અને આ ઔષધિઓ આપણા શરીર ઉપર કેવી રીતે કામ કરે છે તે જાણવું કામનું છે. પહેલું તો આપણે એ યાદ રાખવું જોઇએ કે માથાનો દુખાવો પોતે જ વ્યાધિ નથી પણ વ્યાધિનું ચિહ્ન છે. આપણા શરીરનો કોઇપણ ભાગ કામ કરે છે ત્યારે શરીરમાં કેટલોક કચરો ઉત્પન્ન થાય છે. તંદુરસ્ત હાલતમાં આ ઝેરી કચરો લોહી વાટે ખેંચાઇ જાય છે અને મુત્રાશય, પરસેવો વગેરે દ્વારા બહાર નીકળી જાય છે. જ્યારે આપણે વધુ કામ કરીએ છીએ ત્યારે તે કચરો વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે, અને પુરેપુરો બહાર નીકળી ન શકવાથી શરીરમાં એકઠો થાય છે. આ ઝેરી પદાર્થને કાઢવાના પ્રયત્નમાં હૃદય લોહીને વધારે જોરથી ધકેલે છે. જ્યારે વધુ દબાણથી લોહી મગજમાં ધકેલવામાં આવે છે ત્યારે આપણને માથામાં દુખાવો થાય છે. બજારૂ દવાઓ હૃદયને નરમ કરનારી હોય છે તેથી હૃદય ધીમેથી ચાલે છે, અને પરિણામે લોહી મગજમાં ઓછા દબાણથી વહે છે તથા દુખાવો બંધ થઈ જાય છે. પણ જે કચરાને લઇને હૃદયની ગતિ વધી તે મુળ કારણ દૂર થતું નથી. દવાથી તો ફક્ત ચિહ્નનો બંધ થાય છે. આપણને ન સમજાતી આ ખરાબી ભયંકર રૂપ ધારણ કરે છે અને છેવટે માથાનો નજીવો ગણાતો દુખાવો મહાન રોગોને જન્મ આપે છે.

આ ઉપરથી સમજાશે કે દુખાવો એ રોગ નથી. તે માત્ર ચેતવે છે કે શરીરયંત્રમાં કાંઇક બગડયું છે. બીજા સંચાઓ ઓચીંતા અટકી પડે છે, પણ આપણા શરીરનો સંચો ચેતવણી આપ્યા વગર અટકી પડતો નથી. માથાનો દુખાવો એ ચેતવણી છે.

મુખ્યત્વે કરીને માથાનો દુખાવો નીચેના ચિત્રમાં જણાવેલાં કારણોને લીધે ઉત્પન્ન થાય છે. એમાં જે જગ્યાએ માથું દુખતું હોય તે જગ્યા બતાવીને સામે તેનું કારણ લખેલું છે.



SEVEN CAUSES OF HEADACHE
माथुं दुखवानां सात कारणो

અતિ આહાર એટલે હદ ઉપરાંત ખાવાથી અથવા હોજરી બગડવાથી માથાનો દુખાવો થાય છે. આ સ્થિતિમાં ખાવાનું ઓછું કરવાથી, એકાદ આછો જુલાબ લેવાથી કે ઉપવાસ કરવાથી આરામ થઇ જશે.

આંખનો શ્રમ. ખુબ ઝીણા અક્ષરોવાળું લખાણ વાંચવાથી, ખરાબ કૃત્રિમ પ્રકાશ કે ભળભાંખળામાં વાંચવાથી, આકરા તેજમાં જોવાથી કે વારંવાર સીનેમા જોવાથી દુખાવો ઉપડી આવે છે. એ કારણ દૂર કરવાથી દરદ અટકે છે.

સુતાં કે બેસતાં તોછડી રીતે માથું રહી જવાથી, બહુ ઉંચું કે ઘણું નીચું માથું ઘાલી રાખવાથી પણ દુખાવો થાય છે, તે કારણ અટકાવવાથી દૂર થાય છે.

કામના આવેગથી કે અતિ શ્રમ લેવાથી આપણા શરીરમાં ઝેરી દ્રવ્યો ઉત્પન્ન થાય છે. તે તરત બહાર નીકળવાં

જોઈએ. ઘણી વાર અશુદ્ધ કે બંધીઆર હવાને લીધે પણ માથું દુખે છે. આવા દાખલામાં તાજી હવા અને લાંબો આરામ લેવાથી દુખાવો મટી જાય છે.

કૉફી, ચાહ, તમાકુ અને એવી બીજી કેફી ચીજોનો હદથી વધારે ઉપયોગ કરવાથી પણ માથું દુખે છે. આવા સંજોગોમાં ઉપલી ચીજો છોડી દેવાથી આરામ થઇ જશે.

કેટલીક વાર શરીરનું લોહી બગડયું હોવાથી, તો કોઇ કોઇ વાર આંખની ખામીને લીધે પણ દુખાવો ઉત્પન્ન થાય છે. તેવા પ્રસંગોમાં આંખના દક્તરની સલાહ લેવી જોઇએ અને એ ખામી દૂર કરવી જોઇએ.

યાદ રાખજો કે માથુ દુખવું એ પોતે દરદ નથી, પણ દરદની અગમચેતી છે; એટલે આપણે તેના મુળ કારણની તપાસ કરીને રોગનું મુળ દૂર કરવું જોઇએ.

ગાંડાભાઈ ઘેલાભાઈ અમથા

મોગલાઇના વખતમાં બધે અંધાધુની ચાલતી. કોઈ કોઇને ગણકારતું નહિ. જેમ બાદશાહની મરજી થાય તેમ બાદશાહ કરે. એવે વખતે એક માણસ બાદશાહને મળવા માગતો હતો, પણ વગ ન પહોંચવાને લીધે મળી શકતો ન હતો. આથી એણે એક યુક્તિ કરી.

બાદશાહ દિલ્હીમાં રહેતો અને તેની મુખ્ય કચેરી લાહોરમાં હતી. એ કચેરીનો ઘેરાવો અરધો માઇલ હતો ને એને ફરતો કોટ હતો એ કોટને એક જ દરવાજો હતો. તે દરવાજા ઉપર આ ભાઈ પોલીસનો વેશ પહેરેલા બે નોકરોને લઈ બેઠા. ત્યાંથી જે કોઈ નીકળે તેને પેલા બે નોકરો બોલાવીને કહે કે અમારા શેઠ બોલાવે છે. પેલો માણસ ત્યાં જાય એટલે આ ભાઈ કહે 'તારી અરજી ઉપર છાપ મરાવ; આ નવી ચોકી બેઠી છે તે જાણતો નથી?' એમ કહી છાપ મરાવે અને તેની ફી તરીકે એક રૂપીઓ લે. આમ એણે તો છાપ ચાલુ કરી. તે છાપ પર લખ્યું હતું : 'ગાંડાભાઈ ઘેલાભાઈ અમથા'.

કાજીએ જાણ્યું કે બાદશાહની મરજી થવાથી બાદશાહે આ ચોકી બેસાડી હશે. એને એમ વિચાર ન આવ્યો કે બાદશાહે મને ખબર આપ્યા વગર કેમ બેસાડી? કારણ તે વખતે અંધાધુની ચાલતી. એટલે એણે તો ચોકી રહેવા દીધી. પછી તો ધીમે ધીમે દરવાનો પણ ગાંડાભાઈની છાપ વગર કોઇને કચેરીમાં જવા દેતા નહિ; એટલે ગાંડાભાઈનું કામ જોસબંધ ચાલ્યું!

પણ એક દિવસ એક ડોસો બાદશાહનો ખરીતો લઇને આવ્યો. તેણે છાપ પડાવવાની ના પાડી, કારણ કે તેણે વિચાર્યું કે આટલા ૩૦-૪૦ વરસમાં આ ચોકી ન હતી અને હમણાં એકબે વરસમાં ક્યાંથી આવી? એટલે એણે તો છાપ પડાવ્યા વિના આગળ ચાલવા માંડયું. પણ દરવાન કંઈ છોડે? એટલે એ તો પાછો ગયો અને બાદશાહને અરજ કરી કે તમે લખી આપેલો કાગળ ગાંડાભાઈની છાપને અભાવે બનાવટી ઠર્યો છે!

બાદશાહ તો આશ્ચર્યચકિત થયો! તેણે ગાંડાભાઇને પકડી મંગાવ્યા અને તેને ફાંસીની સજા ઠરાવી! પછી પુછ્યું તારે કંઈ કહેવું છે? ત્યારે ગાંડાભાઇએ કહ્યું, 'શું આ તમારૂં રાજ ચાલે છે? આજે બે વરસ થયાં મેં ચોકી માંડી છે પણ તેની કોઇને ખબર પણ છે? અને આ તો ઉલટી મેં તમને પૈસા વધારવાની રીત બતાવી છે. તમે એ ચોકી આગળ ચલાવો. આમાં કમાણી ઓછી નથી.' એમ કહી તેણે બે વરસમાં મેળવેલા ૬૦ હજાર રૂપીઆનો ત્યાં ઢગલો કર્યો. બાદશાહ તો દિંગ થઇ ગયો. ગાંડાભાઇએ આગળ ચલાવ્યું, 'જો મને ફાંસી દેવો હોય તો ભલે તેમ, પણ મારી એક અરજ મંજુર રાખો. આ ચોકી આગળ ચલાવો ને તેના પર પેલા ચતુર ડોસાને નીમો કે જેણે આ મારી યુક્તિ બહાર પાડી.

પણ બાદશાહ તો આ ખુલાસો સાંભળીને ખુશ ખુશ થયો. એણે ગાંડાભાઇને દીવાનની પદવી આપી અને પેલા ડોસાને પેલી ચોકીનો ઉપરી બનાવ્યો!

હજી પણ પેલી છાપ લંડનના મ્યુઝીઅમમાં છે અને તેના ઉપર લખ્યું છે કે 'ગાંડાભાઇ ઘેલાભાઇ અમથા.'

શંકર દત્તાત્રેય કાલેલકર

રસોઈઓ—બાઇ, આજે શાક કેટલું લાવું?

બાઇ—રોજ લાવે છે તેટલું—ત્રણ શેર. કેમ વળી?

રસોઇઓ—પણ બાઇ આજ મારા ત્રણ ભાઇ બહારગામથી મહેમાન આવનાર છે.

ઉગતી પ્રજા

યજ્ઞ મંડાયો છે. યજ્ઞ કરનાર કે કરાવનારા, ઋચાઓ ગાનાર કે આહુતિ આપનારા ગમે તે આવો,—સુરેન્દ્રનાથ, અરવિંદ, ટીળક કે ગાંધી આવો,—નવી રીતિઓ, નવી વાંછનાઓ ને નવી ક્રિયાઓ લઈને આવો,—પરંતુ આહુતિની વસ્તુ તો એકની એક જ; બલિદાનની વસ્તુ કદિ બદલે નહિ; જ્યારે હાકલ કરો ત્યારે જ્વાળામાં ઝંપલાવવા તત્પર; માત્ર આદેશની જ રાહ જુએ; ભુલો નેવા ન થંભે: ફીટી જવું એ જ એમના જીવનની સિદ્ધિનો સરવાળો. એ આહુતિ તે કોણ ? દેશનો વિદ્યાર્થીવર્ગ.

બંગભંગનું સ્વદેશી આંદોલન—એમાં યે વિદ્યાર્થી દોડ્યો હતો. અરવિંદની હાકલ પડી—વિદ્યાર્થી દોડ્યો. ખુનામરકીના મામલા મચ્યા—માતૃભૂમિને નામે કૉલેજોમાંથી ખુદીરામો દોડ્યા, માર્ગ ભૂલીને, પતંગીઆં બનીને દોડ્યા ને ફાંસીની દોરીને વરમાળ કરી પહેરી. અસહકાર મંડાયો—વિદ્યાર્થી ગાંડોતુર બની ધસી પડ્યો. આજ સુધી પણ અસહકારની અગ્નિશિખાઓ માત્ર એના એકનાં જ હાડચામ વડે સળગતી રહી છે. સરસ્વતીના સુકુમાર પુત્રોની એવી અલૌકિક સાધના !

અને બીજા ક્યા દેશમાં એ સમુદાયની સરફરોશી વિના સ્વાધીનતા જીતાયલી છે ? આયર્લંડના યજ્ઞનો બલિ હતો વિદ્યાર્થી અને શિક્ષકવર્ગ. એ જ વર્ગના રૂધિરમાંથી આજે નૂતન ચીન જન્મી રહ્યું છે. અને કેમ્બ્રિજ-ઑકસફર્ડની વિદ્યાપીઠોમાં પણ એ મૉન્ટેગુ જેવાઓની જ તરવીરો ભાવનાની શિખાઓ સરખી ઝળહળી રહી છે.

વડા હીંદી પ્રધાન બર્કનહેડે કહ્યું કે ચીન ઇજીપ્ત અને હીંદુસ્તાનના વિદ્યાર્થીઓ એ બ્રિટિશ સામ્રાજ્યના દુશ્મનો છે ! બર્કનહેડનાં મસ્તક જગતના એ વીર વિદ્યાર્થી સમુદાયને વંદન કરી ન શક્યાં. બર્કનહેડોનું એ કમભાગ્ય છે. (સૌરાષ્ટ્ર)

અમદાવાદમાં વિદ્યાર્થીસંઘ

રાષ્ટ્રીય ને સરકારી શાળા-પાઠશાળાઓના વિદ્યાર્થીઓએ અમદાવાદમાં ભેગા થઇ એક વિદ્યાર્થીસંઘ કાઢવાની ગોઠવણ કરી છે. લૉર્ડ બર્કનહેડે હમણાં જ ઉચ્ચારેલા શબ્દોના જવાબમાં જાણે આ પ્રવૃત્તિ ન ઉદ્ભવી હોય એમ લાગે છે ! વાદવિવાદ, વાચન, વ્યાખ્યાનો, અરસપરસ સહવાસ તથા જ્ઞાનચર્ચા ને સેવા એ આ સંઘના ઉદ્દેશો જણાય છે અને તેથી અમે આ પ્રવૃત્તિને આવકારલાયક લેખીએ છીએ.

પ્રો. મઝુમદારે, બંગાળની આવી વિદ્યાર્થી સમિતિઓનો ઈતિહાસ આ સંઘની પ્રથમ સભામાં કહ્યો હતો અને આચાર્ય ગીદવાણીજીએ જણાવ્યું હતું કે અતિ વિવેક અને ગંભીરાઇ એ યુવકોનો ગુણ નથી; એ તો ઘરડાંઓને ઘટે. તમે તો બહાદુર, ઉત્સાહી અને સાહસિક બનો એ હું ઇચ્છું. રાજકીય વિષયો તમારે છોડી દેવાના ન હોય. ચીનમાં વિદ્યાર્થીઓ શું કરી રહ્યા છે તે જુઓ. રાજકીય ઉપરાંત સમાજિક અને ધાર્મિક વિષયોમાં પણ તમારે વિપ્લવ કરવાનો છે. યુવકવર્ગ પર દેશની બહુ આશા છે અને તમે યાહોમ કરીને ઝુકાવો.

ગુજરાતની રાજકીય, સામાજિક, સાહિત્યવિષયક અને આરોગ્યને લગતી તમામ પ્રવૃત્તિઓમાં નવું જુસ્સાદાર લોહી જોઇએ છે. દેશસેવકોને પણ સેવા અર્થે નિઃસ્વાર્થ અને શૂરા સામંતોની જરૂર છે. અમે આશા રાખીએ છીએ કે આ વિદ્યાર્થીસંઘ જલદી પોતાના કર્ત્તવ્યકર્મમાં પ્રવૃત્ત થાય.

અમદાવાદની ગુજરાત કૉલેજ

ગુજરાતના દાનવીર મર્હુમ સર ચીનુભાઈની સખાવતમાંથી જન્મી છે, અને ત્યાંથી ગુજરાતની સંસ્કૃતિનું ખુબ પોષણ અને પ્રચાર થવાની હરકોઇ આશા રાખી શકે. છતાં આજ સુધી એ સંસ્થા સરકારના એક હથીઆર તરીકે જ, જાણે, વપરાતી આવી છે. ગુજરાતના હજારો ગ્રૅજ્યુએટો આ સંસ્થામાંથી નીકળ્યા છે, છતાં કોઈના ઉપર ' ગુજરાતી ' તરીકેની છાપ પ્રબળપણે પડી નથી. જે રીતે પુનાની ફર્ગ્યુસન કૉલેજ મહારાષ્ટ્રની સંસ્કૃતિને મદદકર્તા થઈ પડી તે રીતે ગુજરાત કૉલેજની પ્રતિમા ગુજરાતમાં ઉતરી નથી જ.

આનું કારણ એ કૉલેજના પ્રિન્સિપાલો પણ હોઈ શકે. ગુજરાતના આંતરજીવનના ઉચ્ચ સંસ્કારો માટે તેમને માન ભાવ કે લાગણી ન હોય તો વિદ્યાર્થીઓમાં તે ભાવના કોણ ઉતારે ? આજ સુધી એમ જ લાગતું કે ગુજરાત કૉલેજ, ત્યાંના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો જાણે કોઈ જુદા જ સંસ્થાનના વતનીઓ છે.

પણ હમણાં થોડા વખતથી એ લક્ષણ બદલાતું જાય છે. એનું કારણ એ સંસ્થાના નાયક ગુજરાતી પ્રિન્સિપાલ પણ હોય.

પ્રિન્સિપાલ મીત્રમિત્ર ત્રિવેદી આ વિદ્યાર્થીઓની દરેક હીલચાલમાં ખુબ રસ લેતા જણાય છે. તેને પરિણામે જલસાઓ, પ્રદર્શનો, અખાડાઓ, સંગીતમંડળ, કલામંડળ વગેરે પ્રવૃત્તિઓ કૉલેજીઅનોમાં ખીલવા માંડી છે. પ્રો. કાંગા,

પ્રો. ઠાકર વગેરે તરફથી ગુજરાતી પ્રજાને ઘણાં ઉપયોગી વ્યાખ્યાનો મળવાનો પણ સંભવ છે. પણ આ બધું સરકારી નીતિ નીભાવી શકે ત્યાં સુધી.

ગઇ ૨૯ મી તારીખે કૉલેજના સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓનું સંમેલન થયું હતું અને પ્રો. માધવલાલ શાહ જેઓ લંડનની ડિગ્રી લેવાને થોડા વખતમાં જનાર છે તેમની વિદાયગીરીનાં માનવચનો પણ તે જ વખતે અપાયાં હતાં.

પ્રો. માધવલાલ શાહ એકલી ડિગ્રીઓ લેવાના જ હેતુથી ઇંગ્લંડ નથી જતા. તેઓ ત્યાં જઇને રોજનો થોડો વખત કાચનાં કારખાનાંમાં જઈ, વિજ્ઞાનના રસાયણી પ્રયોગો માટે જોઇતો કાચનો સામાન બનાવવાનું પણ શીખવાના છે. એકેએક રસાયણી ઉદ્યોગમાં આવા સામાનની ખાસ અગત્ય પડે છે અને એ માગ આપણાં ઘણાં નાણાં પરદેશ જાય છે. પ્રો. શાહે આ વસ્તુસ્થિતિ સમજીને એ સામાન હીંદમાં જ બને તેવા પ્રયત્નો કરવાનો સંકલ્પ કર્યો છે.

આ વિજ્ઞાન-સંમેલનને પ્રસંગે વિદ્યાર્થીઓએ 'જ્યૉર્જ હૉલ'માં કેટલાક રસાયણના પ્રત્યક્ષ પ્રયોગો કરી બતાવ્યા હતા. કૉલેજના પ્લૅટફૉર્મ માટે એ બહુ સાદા ગણાય. રસાયણોથી પાણી રંગી નાખવાં, કે ક્ષારોનાં ઝાડ ઉગાડવાં વગેરે પ્રાથમિક શાળામાં બતાવવા જેવા એ પ્રયોગો હતા. એમ છતાં કૉલેજના પ્રયોગભુવનમાં વિદ્યાર્થીઓ વનસ્પતિ-વિદ્યાના પ્રયોગો ક્રમસર રજુ કરતા હતા તે તો બહુ જ અસરકારક હતા. વીજળી અને પ્રકાશનાં આંદોલનો સમજાવનારાં અનેક નાનાંમોટાં યંત્રો આ પ્રયોગભુવનમાં છે.

ગુજરાત કૉલેજનું પ્રયોગભુવન આખા મુંબાઈ ઈલાકામાં વખણાય છે અને વિદ્યાર્થીઓને યુરોપ-અમેરિકા જેટલાં જ સાધનો અને તક અહીં મળી શકે એમ છે; એટલે કોઇ પણ પ્રતિભાસંપન્ન વિદ્યાર્થી ધારે તો આ પ્રયોગભુવનની મદદથી દેશને ઘણે પ્રકારે જ્ઞાન અને શોધ આપી શકે.

વળી આ સંમેલનને પ્રસંગે, કૉલેજના વિદ્યાર્થીઓના ફોટોગ્રાફી અને ચિત્રકળાનાં મંડળો તરફથી એક નાનું પ્રદર્શન પણ થયું હતું. આવાં પ્રદર્શનોની અસર વિદ્યાર્થીઓના જીવન-સંસ્કરણમાં સુંદર થતી લાગે છે. આપણા ઘણા યે વિદ્યાર્થીઓ કૉલેજમાં અનેક વર્ષો ગુજારી રહ્યા છતાં સંસ્કાર અને સભ્યતામાં મોટે ભાગે પાછળ જણાય છે; પદાર્થો, સામાન કે ચિત્રોની વ્યવસ્થામાં, સુંદર ગોઠવણ કે સુઘડતામાં તેઓ બહુ બેદરકાર હોય છે. એવા વિદ્યાર્થીઓ આવાં પ્રદર્શનોનાં કામકાજમાં ભાગ લેતા થાય તો ઘણું શીખી શકે.

આટલા આધુનિક સંસ્કાર કૉલેજમાં બધી રીતે આવકારલાયક હતા જ; તેમાં છેલ્લા એક પ્રસંગે ગુજરાત કૉલેજમાં નવું વાતાવરણ ઉપજાવ્યું જણાય છે.

ભાઇ ઝવેરચંદ મેઘાણી લોકગીત અને લોકકથાના પરમ ભક્ત અને પ્રચારક તરીકે હવે તો ગુજરાતમાં જાણીતા થઇ ગયા છે. એક સબળ કલાકારની કુશળતાથી પોતાની કૃતિ અને વાણીમાં એ રસ જમાવી શકે છે હમણાં જ એમની એક બેઠક ગુજરાત કૉલેજમાં થઇ ગઇ. એ વેળા માત્ર યુરોપીય સાહિત્ય જ ભેજામાં ભરી રહેલા વિદ્યાર્થીઓને દેશની અમૃતધારા મળ્યા જેટલો આનંદ થઇ ગયો હતો. જે સાહિત્યે તેમના દેશનાં લાખો માણસોને સંસ્કાર અને સભ્યતા શીખવ્યાં, જે તેમના જીવનના પાયામાં બાપદાદા તરફથી ઉતર્યું હતું તેનો સાક્ષાત્કાર કૉલેજજીવનમાં દુર્લભ હતો. એ સાંભળીને તેમનાં મગજમાંના પરદેશના ઇતિહાસો અને પ્રેમકાવ્યો ઝાંખાં અને સુકાં બની ગયાં હશે, અને દેશજ સંસ્કાર, સાહિત્ય અને ઇતિહાસ પ્રત્યેના ઉમળકા ઉલટયા હશે.

ગુજરાત કૉલેજનું અંતર આ રીતે ગુજરાતની સંસ્કૃતિને વધાવી રહ્યું છે એ બીના આખા ગુજરાતને માટે શુભ ચિહ્ન છે. કૉલેજના નિયામકો પણ કૉલેજની અંદર અને બહાર ગુજરાતના સુંદર સંસ્કારોનો પ્રચાર કરી વિદ્યાર્થીઓને એ દીક્ષા આપતા થાય એ ઇચ્છવા જેવું છે. કૉલેજની ભીંતો ઉપર ગુજરાતના ઇતિહાસના ભવ્ય પ્રસંગોનાં, મહાન ગુજરાતીઓનાં, ગુજરાતના અદ્ભુત સુંદર સ્થાપત્યનાં, ગરવી ગુજરાતના મનોરમ સૌન્દર્ય દશ્યોનાં ચિત્રો, પુતળાં અને સંગ્રહ હોય તો આ સંસ્કરણને ઘણી સહાય મળશે. જ્યૉર્જ હૉલમાં સર ચીનુભાઇની એક મોટી છબી હોય તો દરેક વિદ્યાર્થી એ દાનવીર ગુજરાતીમાં ગુજરાતના સંસ્કાર યાદ કરી શકે.

આ રીતે ગુજરાતી કૉલેજો ગુજરાતનાં સાહિત્ય, કલા, લોકસંસ્કાર, ઇતિહાસ વગેરે માટે પ્રેમભક્તિ અને મમત્વ ધરાવતા થાય તો એટલું યે ઇચ્છવા જોગ છે.

અથાણું

મોહન મનસુખાજી હમેશાં હાથમાં લાકડી રાખતા. જરા હતા પણ ભેજાગેપ. મારા એક મિત્ર એક દહાડો એમની જોડે કંઇક વાતો કરતા હતા એવામાં હું જઇ ચડયો.

'આ મનસુખાજી હમેશાં લાકડી હાથમાં ને હાથમાં જ રાખે છે; તે શા માટે, તમને ખબર છે?' મને મારા મિત્રે પુછયું.

મેં કહ્યું. 'ના'

'અક્કલ પોતાની પાસે ન આવે એટલા માટે. આવે કે તરત મારવા થાય!'

નલિની

: કટાવ :

ઉગતા તારા - કણની માળા
નિર્ઝરતી નવ નેહ નલિની :

ઉષાનું કિરણ્ કે। ફુટયું !
કે ફુટી અમૃતની ધારા !
નિર્જન વન ફળદ્રુપ થયું શું !
ફુટયા ચેતનના ફુવારા : — ઉગતા૦

કુસુમ સુરભિ ત્યાંત્યાં સરતી
જ્યાંજ્યાં તારા બોલ પડે;
રૂપાની ધીરી ઘંટડી વાગી
વ્યોમ–વીણાથી સૂર સરે ! — ઉગતા૦

ઇશ્વર સન્મુખ જ્ઞાનીમાની
દેવી તું તો વાત કરે :
મોહમહીં રઝળે આ અવની
તેની શી અવગણના કરે ! — ઉગતા૦

નાની નો યે લલિત ગુલાબી,
ચંદાને અંબાર ઝબોળી;
ગોરી ગોરી ચંપકવર્ણી
દેવી તું કો ફુલકળી : — ઉગતા૦

ફરતા તારી સંગે તારા,
જીવનપંથ બતાવી ન્યારા;
ભાવિમાં શાં ચિત્ર પુરીને
ઉર્જ્વળ કરશે કુળના ક્યારા: — ઉગતા૦

શીલ અને સુંદરતાના શાં
લલાટ માંહીં તિલક કર્યા !
વખત જશે ને જોશે દુનીઆ
જીવિતમાં શાં તેજ ભર્યાં ! — ઉગતા૦

ઉગતા તારા - કણની માલા
નિર્ઝરતી નવ નેહ નલિની.

એક બાળક-કન્યાને જોઇને] **'મોહિનીચંદ્ર'**

દીવાળી ઉપર ભેટ

આપવા જેવાં બહુ ઓછાં પુસ્તકો આપણે ત્યાં બહાર પડે છે. ઉપયોગી, સુઘડ અને સોંઘાં પુસ્તકો કરતાં વધુ સુંદર ભેટ બીજી કોઈ હોઇ શકે ? હમણાં જ એવાં થોડાં પુસ્તકો બહાર પડયાં છે.

તમારાં નાનાં ભાંડુઓ કે ભાઇબંધોને તમે દીવાળીને ટાંકણે ભેટ આપી જ્ઞાન અને આનંદ બંનેની લ્હાણ દઈ શકો એવું

બકુલ

સુરતના ગાંડીવ સાહિત્યમંદિરે બહાર પાડયું છે. એમાં બાળકોને મઝા પડે એવી ટુંકી ટુંકી વાર્તાઓ છે; એના કાગળ મજબુત અને જાડા છે; છપાઇ સુઘડ છે; પુંઠું સુંદર રંગીન છે; દેખાવે રૂપાળું છે; અને કીમત જુઓ તો ફક્ત છ આના

સામાજિક ટુંકી વાર્તાઓ

નામનું એ જ જાતનું એક બીજું પુસ્તક અમદાવાદમાંથી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે બહાર પાડયું છે. તમારાથી દૂર વસતી મોટી બહેનો વગેરેને ભેટ આપવા જેવો ૬૬ ટુંકી વાર્તાઓનો પોણા છસો પાનાંનો આ દળદાર અને સુંદર સંગ્રહ બે રૂપીઆની કીંમતમાં જરા યે મોંઘો ન કહેવાય. એ ઉપરાંત સ્ત્રીઓને જ માટે ભેટ આપવા સારૂ જોઇએ તો

રાસતરંગિણી

નામનો સ્વ. કવિ બોટાદકરના ૩૩ રસભર્યા રાસનો સંગ્રહ હમણાં ફરીથી દસ આનાની કીંમતે બહાર પડયો છે. બોટાદકરના નામથી કોણ અજાણ્યું છે ? પણ સૌથી આકર્ષક વાત તો એ છે કે એ જ કવિનાં બાકીનાં કાવ્યોનો પાંચમો સંગ્રહ જે

શૈવલિની

ના નામથી બહાર પડવાનો હતો તે પણ આની સાથે જ બહાર પડયો છે. સાક્ષરશ્રી નરસિંહરાવભાઇએ એની લાંબી પ્રસ્તાવના લખી છે. એક રૂપીઆની કીમતે એ શ્રી અમૃતલાલ દાણી પાસેથી, ભાવનગર મહિલા વિદ્યાલયમાંથી મળશે.

વીરની વાતો

વાંચવી કોને ન ગમે ? અને તે પણ આજના જેવા જમાનામાં, જ્યારે આપણા જીવનમાંથી સાહસ અને પરાક્રમ ઓસરી ગયાં છે ત્યારે. એવી વાર્તાઓના આપણા જાણીતા લખનાર ભાઇ તારાચંદ્ર પોપટલાલ અડાલજાએ પોતાની એવી નાની મોટી રસભરી ૧૦ વાર્તાઓનો ત્રણસોએક પાનાંનો પુષ્કળ રંગબેરંગી ચિત્રોવાળો સુંદર સંગ્રહ અઢી રૂપીઆની કીંમતે હમણાં બહાર પાડયો છે. એ વાંચવાની બલામણ છે. 'કોઠી પાસે વડોદરા' એ સરનામે લેખકને લખવાથી મળશે.

એ ઉપરાંત

શ્રી મુળજી નાથજી કોઠારીએ, નં. ૯૫,૯૯ ભુલેશ્વર, મુંબાઇ એ ઠેકાણેથી રૂા. ૩–૮–૦ની કીંમતે, વેપારની નજરે ઘણું ઉપયોગી લાગતું એક દળદાર પુસ્તક પ્રગટ કર્યું છે. એ

મુંબાઇનો વ્યાપારી અનુભવ

ભવિષ્યમાં મહાન વેપારી થવાની મહત્વાકાંક્ષા ધરાવનાર ઉગતી પ્રજાએ એકવાર જોઈ તો જવું જ જોઇએ. અને **શ્રી** કરણસિંહ લાલસિંહ ઠાકોરનું લખેલું એક રૂપીઆની કીંમતે અમદાવાદના વિશ્વવિહાર કાર્યાલયે બહાર પાડેલું પુસ્તક

વ્રજવિહાર અથવા મથુરાની તીર્થયાત્રા

પણ ફુરસદે વાંચી જવા જેવું ઉપયોગી જ્ઞાન વાળું લાગે છે.

ઈનામી હરીફાઇ

હું 'કુમારનો' ગ્રાહક કેમ થયો ?

એ પ્રશ્નનો ઉત્તર ટુંકામાં વિગતવાર લખી મોકલનાર માટે ગયા ફાગણ માસના અંકમાં અમે ઇનામ જાહેર કરેલું, અને ઈનામ વૈશાખ માસમાં બહાર પડશે એમ ઠરાવેલું. સાથે, એ જાતના એવા એક પત્રનો નમુનો પણ આપેલો. વૈશાખ માસ સુધી રાહ જોઇ પણ એ ઇનામ માટે વધારે જવાબો ન આવ્યા. આજ સુધીમાં ઘણા થોડા ઉત્તરો મળ્યા છે. તેમાંથી નીચેનો જવાબ લખી મોકલનાર ભાઇ દિનકરરાય કાલિદાસ ભટ્ટ (ભાવનગર)ને ઈનામ મળે છે. ઈનામ એમને મોકલી દેવામાં આવ્યું છે. દરેક ગ્રાહકને ભાગ લેવા માટે આ હરીફાઇ ખુલ્લી જ છે. પોતે ' કુમાર 'ના ગ્રાહક કેમ થયા તેનો નોંધવાલાયક અનુભવ હોય તો જરૂર લખી મોકલવો. લખાણ 'કુમાર'ના એક કૉલમની પંદર લીટી કરતાં વધારે ન થવું જોઇએ. આવતું પરિણામ કારતક માસના અંકમાં બહાર પડશે.

' હું ઘણા વખતથી 'કુમાર' તરફ આકર્ષાયો હતો, અને આ વર્ષે તે મંગાવવાની ઇચ્છા પાર પડી છે. બીજાં અસંખ્ય માસિકો બહાર પડે છે, પણ ગમે તે કારણથી મને તે બધાંમાંથી 'કુમાર' જ પસંદ પડે છે...

મેં 'કુમાર'નો દીવાળીનો (૧૦ મો) અંક એક લાયબ્રેરીમાં વાંચેલો. તે પછી અગીઆરમો અંક પણ ત્યાં જ વાંચેલો. ત્યાર પછી દસ આનાની ટીકીટો મોકલીને બારમો અંક મંગાવ્યો. ત્રણે અંકો વાંચતાં માલુમ પડયું કે દરેક અંક એકબીજાથી ચડીઆતો હતો. ત્યાર પછી તે જ લાયબ્રેરીમાંથી ' કુમાર 'ની ગયા આખા વર્ષની ફાઇલ લઈ આવ્યો. તે પહેલેથી છેલ્લે સુધી ધ્યાનપૂર્વક વાંચી ગયો: તેનાં સુંદર ચિત્રો, બોધક વાર્તાઓ, પ્રેરક જીવનચરિત્રો તથા લેખો ઘણા જ પસંદ પડવાથી તેના ગ્રાહક થવા મેં નિશ્ચય કર્યો અને તરત જ નામ નોંધાવી મંગાવવું શરૂ કર્યું છે. 'કુમાર' અમારા કુટુંબમાં સધળાંને પસંદ પડયું છે, અને સૌ તે નિયમિત વાંચે છે.'

ભાવનગર] દિનકરરાય કાલિદાસ ભટ્ટ

જ્ઞાનલીલા

અધધધ! આ વખતે તો જ્ઞાનલીલાના કાંઇ ઉત્તરો આવ્યા છે, કાંઇ ઉત્તરો! મને લાગે છે કે જ્ઞાનલીલા માટે જ લોકો 'કુમાર' વાંચતા હશે.—અને માનશો? એક જણ તો એવું કહેનારો પણ નીકળ્યો કે હું તો 'કુમાર' આવે કે તરત ઉઘાડીને પહેલું અથાણું વાંચી જાઉં છું, અને પછી જ્ઞાનલીલા! જ્ઞાનલીલામાં લોકોને આટલો બધો રસ લેતા જોઇને, અમે બને ત્યાં સુધી દર મહીને એ વિભાગ ચાલુ રાખવાનું ઠરાવ્યું છે. સાથે એમ પણ ઠરાવ્યું છે કે જેમ જ્ઞાનલીલાના ખુલાસા મોકલનારને ઇનામ અપાય છે તેમ **સારા બુદ્ધિચાતુર્યયુક્ત જુદીજુદી જાતના નવા સવાલો શોધી મોકલનારને પણ હવેથી ઈનામ આપવાં.** એ નવા સવાલ મોકલનારે સ્વચ્છ અક્ષરે સવાલ અને તેની સામે તેનો ખુલાસો બંધ કાગળમાં બીડીને ઉપર એક ખુણે ' જ્ઞાનલીલા માટે' એટલું લખીને મોકલવા.

આ વખતે જે થોકડાબંધ ઉત્તરો મળ્યા છે તેમાં ઉત્તરો મોકલનારાઓએ કોઇ પણ જાતની વ્યવસ્થા નથી રાખી. ખરાબ અક્ષરો, અનિયમિત અને નકામાં લંબાણવાળાં લખાણ, કોઇ કાર્ડમાં તો કોઇ લાંબા લાંબા કાગળમાં, એમ ચિત્રવિચિત્ર રૂપે અમને ઉત્તરો મળે છે. આ અટકાવવાને અમારે નીચેના નિયમો કરવા પડયા છે. (૧) ઉત્તરો ફુલ્સકેપ આડા પા કાગળમાં, હાંસીઓ પાડીને, શાહીથી, નંબરવાર લખવા. (૨) ફક્ત ઉત્તર જ લખવા; તેને સમજાવવા માટે નકામું પિષ્ટણ કે બીજું કાંઇ લાંબું લખવું નહિ. (૩) એ કાગળને ઉપરને જમણે ખુણે મોકલનારનું પુરૂં નામ-સરનામું, ઉમર અને અભ્યાસ લખવાં. (૪) ઉત્તરો બંધ કવરમાં જ મોકલવા; અને કવર ઉપર, ઉપલે ડાબે ખુણે ' જ્ઞાનલીલાના ઉત્તરો' એવું લખવું. **ઉપલા નિયમો નહિ પાળ્યા હોય તેના ઉત્તરો તપાસવામાં નહિ આવે.**

ભુલ

ગયા માસની જ્ઞાનલીલાના પ્રશ્નોમાં શબ્દસાંકળીમાં સાત શબ્દોના અર્થ આપીને આઠ શબ્દની સાંકળી ગુંથવાનું કહ્યું છે તે ભુલ છે. સાંકળી, અર્થ પ્રમાણે સાત જ શબ્દની જોઇએ.

શ્રાવણની જ્ઞાનલીલાનું પરિણામ આવતે મહીને પ્રગટ થશે. આ નીચેના નવા પ્રશ્નોનું પરિણામ કારતકના અંકમાં.

ગણિતગમ્મત

ત્રણ ચોરોએ એક શાહુકારની દુકાનમાંથી રૂપીઆની એક થેલી ચોરી જંગલમાં સંતાડી હતી. તેમાંનો એક ચોર તે રૂપીઆના ત્રણ ભાગ કરી પોતાનો એક ભાગ લઇ ગયો; એવામાં બીજો ચોર આવ્યો તેણે બાકી રહેલા રૂપીઆના

ત્રણ ભાગ કરતાં એક રૂપીઓ વધ્યો, તે એક ભાગ અને વધેલો રૂપીઓ લઇ ગયો; અને ત્રીજો ચોર આવ્યો તે બાકી રહેલા બધા રૂપીઆ લઇ ગયો. તપાસ કરતાં ત્રણે જણને ભાગે સરખા રૂપીઆ આવેલા જણાયા. તો તે રૂપીઆ કેટલા હશે ?

સો નંગની સાત ગાંસડી એવી રીતે બાંધો કે ૧ થી ૧૦૦ નંગ સુધી, જેટલાં નંગ ઘરાક માગે તેટલાં ગાંસડી તોડયા સીવાય આપી શકાય. (ન. રે. શુકલ)

માત્ર એકથી નવ સુધીના જ આંકડા વાપરીને તેમને નવ હારમાં એવી રીતે ગોઠવો કે જેથી દરેક હારનો, તેમજ દરેક કર્ણનો સરવાળો ૪૫ થાય.

શબ્દફેરવણી

વ	સં	ત
—	—	—
મા	ળ	ણ

ડાબી બાજુએ બતાવેલા કોઠા મુજબ, દર વખતે એકેક અક્ષર ફેરવીને, માત્ર પાંચ ફેરફાર કરીને ' વસંત 'ની ' માળણ ' બનાવી દો.

શબ્દગોઠવણ

(૧) જમણી બાજુએ ગોઠવેલા આંકડાઓના આકાર અને નંબર પ્રમાણે શબ્દો ગોઠવવાથી નીચે મુજબના અર્થો નીકળે છે. એ શબ્દો શોધી કાઢીને ગોઠવી મોકલો. ૧=એક કાગળ: ૨, ૩, ૪,=એક પક્ષી: ૫, ૬, ૭ ૮, ૯=મોહ પમાડનાર: ૧૦, ૧૧, ૧૨=આણુ: ૧૩=એક સંખ્યા: ૪, ૮, ૧૨=સગપણ; ૧, ૩, ૭, ૧૧, ૧૩= ઉચ્ચારણ.

```
        ૧
    ૨   ૩   ૪
૫   ૬   ૭   ૮   ૯
    ૧૦  ૧૧  ૧૨
        ૧૩
```

(૨) બાજુએ બતાવેલા નમુના મુજબ નીચે આપેલા અર્થોવાળા શબ્દો ક્રમસર ગોઠવી આપો. જ્યારે એ બધા શબ્દો ખરેખરા ગોઠવાઇ ગયા હશે ત્યારે ચોકડી બતાવેલી લીટીમાં એક ગરવા ગુજરાતીનું નામ બની જશે.

```
    .  .  ×
    .  ×  .
.  .  ×  .  .  .  ×
.  ×  .     .  ×  .
×  .  .  .  ×  .  .
    .  ×  .
    ×  .  .
```

(૧) ઉપલો ચોરસ: પહેલી હાર=આછો પટ દેવો તે; બીજી હાર=દિવસનો ચોથો ભાગ; ત્રીજી હાર=કિસ્મત (૨) ડાબી બાજુનો ચોરસ: પહેલી હાર=બેઠક; બીજી હાર અને ત્રીજી હારના અર્થો એક બીજાના વિરોધી છે; (૩) જમણી બાજુનો ચોરસ: પહેલી હાર=ખુરાઓ; બીજી હાર=એક આર્ય વૈદ્યનું નામ; ત્રીજી હાર=નમતું (૪) નીચલો ચોરસ: પહેલી હાર=કેર; બીજી હાર=નવાઇ; ત્રીજી હાર=દાબી દેવું તે.

શબ્દશિરચ્છેદ

એ પણ શબ્દોના જ એક રમત છે. કોઇ પણ શબ્દનું શિર, એટલે તેનો પહેલો અક્ષર તેમાંથી કાપી નાખીએ, અને છતાં બીજા અર્થ વાળો એક શબ્દ બાકી રહે એવા શબ્દો શોધી કાઢવા. દાખલા તરીકે એક કંદ એવું છે કે જેનું માથું કાપી નાખીએ તો બાકી રેતીનું મેદાન રહે. જવાબ સુરણ—(સુ)રણ. આ પ્રમાણે નીચેના ઉત્તરો આપો:

ગણગણાટનો શિરચ્છેદ કરીએ તો માણસ જન્મે છે; મૂલ્યનું માથું વાઢતાં અભિપ્રાય મળ્યો. એક સુંદર ફુલનું માથું કાપ્યું તો બાકી મેલ રહ્યો. કીડાનો શિરચ્છેદ કર્યો તો એક તોલું રહ્યું. બચાવનું માથું કાપ્યું તો પળ રહી. એ બધાં શું ?

શબ્દચોરસ

મે દા ન
દા ન વ
ન વ લ


બાજુ ઉપર બતાવેલો નમુનો ત્રણ અક્ષરના શબ્દચોરસનો છે. તે મુજબ નીચે આપેલા અર્થ પ્રમાણેના, ચાર અક્ષરનો એક, એવા ચાર શબ્દોનો, એવો શબ્દચોરસ બનાવો કે જેને ઉભી રીતે વાંચતાં અનુક્રમે જે શબ્દો આવે તે જ આડી રીતે વાંચતાં પણ આવે. એના પહેલા શબ્દનો અર્થ બીજું નામ એવો થાય છે; બીજો શબ્દ પારકાનું ભલું કરનાર છે; ત્રીજો શબ્દ હીંદુસ્તાનનું એક શહેર અને ચોથો શબ્દ વહીવટ કરનાર સ્ત્રી છે.

ઓળખી કાઢો

એવી કઇ વસ્તુ છે કે જેનું નામ ઉચ્ચારતાં જ તેનો નાશ થાય છે? (જ. ર. સંપટ)

શ્રેષ્ઠ કયાં

'કુમાર'માં આ બીજા વર્ષમાં આવેલાં પૈકી, તમને સૌથી શ્રેષ્ઠ લાગેલાં ત્રણ ચિત્રો, ત્રણ વાર્તાઓ, ત્રણ લેખો અને ત્રણ કાવ્યોનાં નામ, તેમની શ્રેષ્ઠતાના ક્રમમાં લખી મોકલો.



રંગોળીની ઈનામી હરીફાઈ

ભુલી તો નથી ગયા ને? મુદત લંબાવી છે. ધોળા જાડા કાગળ પર, શાહીથી, રંગથી કે ચાકથી, કયાંયથી નકલ કરી લાવેલી નહિ પણ પોતાની જ કલ્પેલી, નવીનતા વાળી રંગોળીની આકૃતિઓ પોતાનું નામ, ઉમર, સરનામું અને અભ્યાસ લખીને દીવાળી સુધીમાં 'કુમાર કાર્યાલય'માં મોકલો.



માધુકરી

હોય વિલંબ હવે શો ઠાલો ?
ધપતા ધપતા આગળ ચાલો, અમ રહી ઘુમવું છે આજ;
ધ્વજ રહી છે આ તમ કરમાં, ને ભારતની અમુલખ લાજ !
એ ગુજરાત ! એ ગુજરાત !

કોણ વિકટ પથ કહી ડરાવે ?
પર્વત પરથી કૂદી હાવે, સાગરને બાંધીશું બાથ:
જંગલ તોડી મંગલ કરશું, બતાવશું બળવંતા હાથ !
એ ગુજરાત ! એ ગુજરાત !

કુંકુમથાળ અનેરા લાવો !
પત્નીઓ, પુત્રીઓ આવો ! માતાઓ ભગિનિઓ સર્વ !
અમ પડખે ઉભીને રાખો ગરવી ગુજરાતણનો ગર્વ !
એ ગુજરાત ! એ ગુજરાત !

કવિ ખબરદાર

એ નરવીર

એ કોઈ અજબ પુરુષ છે. એનામાં રણવીર અને રાજ-પુરુષનો સુંદર સંગમ થયો છે. યુરોપની રણભૂમિ પર યુદ્ધ ખેલી આવેલા એ મશહૂર યોદ્ધા છે; અને ભાવનગર કાઉન્સિલના મુખ્ય મંત્રીની પદવીને દીપાવતા સાચા રાજપુરુષ છે. એમની રગેરગમાં દેશભક્તિ ઉભરાય છે. દેશનો સાદ પડ્યે, એ લડવૈયાઓના સરદાર બનીને જંગો જીતી આવે એવા છે; ને દેશ ને કોમની સેવાને અર્થે ભેખ લઇને શાંત સેવાકાર્યમાં પણ આખી જીંદગી સમર્પી દેવાની એમનામાં તાકાત છે.

અને આવી તેજસ્વિતા તો ત્રણ પેઢી થયાં એમના કુટુંબમાં ચમકે છે. ભાવનગર રાજ્યના તે અતિ નિકટના ભાયાત છે. તેમના ગીરાસનું ગામ ભોજપુરા. ત્યાંથી આવી એમના પિતામહ જસાભાઇએ અને જસાભાઈના પુત્ર હરિસિંહજીએ ઉંચી પદવીના રાજપુરુષ તરીકે ભાવનગરની રાજસેવા કરી છે. એવા પિતામહ અને પિતાના વારસદાર આ તેજસ્વી નરનો જન્મ સં. ૧૯૩૯ના ફાગણ માસમા થયો. પીરસલાની નીશાળમાં, રાજકોટની રાજકુમાર કૉલેજમાં અને ભાવનગર શામળદાસ કૉલેજમાં શિક્ષણ મેળવ્યું. પછી દેહ-રાદુન કેડેટ કોરમાં લશ્કરી શિક્ષણ માટે ગયા. ત્યાંથી શાહી કમિશન અને લેફ્ટેનન્ટની પદવી પામી પાછા ફર્યા અને ભાવનગર લૅન્સર્સના કમાન્ડિંગ ઑફિસર થયા, અને બીજી તરફથી કૉલેજમાં બી. એ. નો અભ્યાસ શરૂ કર્યો.

કુટુંબમાં દુઃખદાયી મરણો થયાં, બીજી અનેક મુશ્કેલીઓએ તેમનો માર્ગ ઘેર્યો, છતાં તેમણે અભ્યાસ પુરો કરી બી. એ. ની પદવી લીધી. ત્યાર પછી થોડી મુદતે ભાવનગરના મિલિટરી સેક્રેટરી અને પછી નાયબ દીવાન થયા. ત્યાર પછી પન્નામાં દીવાન તરીકે જઇ એ રાજ્યને સમૃદ્ધ બનાવ્યું. બુંદેલખંડને બહારવટીઆઓના ત્રાસથી મુક્ત કરી એ પ્રજાની દુવા લીધી. અત્યારે ભાવનગર કાઉન્સિલના મુખ્ય મંત્રી તરીકે એ રાજ્યની સેવા કરે છે.

પણ એમના જીવનનો સૌથી વિશેષ અગત્ય ધરાવતો બનાવ—એમને મસ્તકે કીર્તિમુકુટ પહેરાવનારો બનાવ—તો આ પહેલાં બની ગયો. યુરોપમાં જાદવાસ્થળી જામી. એ મહાયુદ્ધમાં ભાવનગર લૅન્સર્સના કમાન્ડર તરીકે એ યુદ્ધવાટ સીધાવ્યા. ત્યાં ઇજિપ્તનાં મેદાનોમાં અને પૅલેસ્ટાઈનની રણભૂમિમાં અજબ કુશળતા બતાવી તેમણે અંગ્રેજોને કાઠીઆવાડી ક્ષત્રીવટનો પરિચય કરાવ્યો. એમનાં એ પરાક્રમોની કદર તરીકે એમને મિલિટરી ક્રોસ મળ્યો. એ લશ્કરી માન મેળવનાર તે પહેલા હીંદી છે.

આ દરમ્યાન એમણે ઇજિપ્તની શહેનશાહી લશ્કરી કૉલેજમાં મશિનગન ચલાવવાની યુદ્ધકળાનો અભ્યાસ કર્યો, અને એની પરીક્ષામાં ૮૦૦માંથી ૭૯૮ માર્ક મેળવી પહેલે નંબરે પાસ થયા; એટલું જ નહિ પણ એમનો પરીક્ષકવર્ગ એમના જ્ઞાનથી એટલો મુગ્ધ થયો કે લૉર્ડ કિચનર પાસે

સીધી માગણી કરીને એમને એ જ શાળાના શિક્ષક નીમાવ્યા. અહીં એમણે મશિનગનનો વિશેષ ત્વરાથી ઉપયોગ કરવાની એક નવી શોધ કરી, જેની આજે આખું મિત્ર-લશ્કર કદર કરી રહ્યું છે. સાતસો યુરોપીઅન અમલદારોને મશિનગનની કળા શીખવવાનું માન આ કાઠીઆવાડી ક્ષત્રિયને મળ્યું. આવું અપૂર્વ રણકૌશલ બતાવી એ હીંદ પાછા આવ્યા.



એમની યુદ્ધની આખી કારકીર્દિ જ્વલંત હતી. એમના સેનાધિપતિઓ તો એમના ઉપર આફરીન હતા. યુરોપી અમલદારોને શરમાવે એવી રીતે એમણે પોતાની ફરજો બજાવેલી; આ બધું છતાં પણ એ હીંદી છે તેથી અંગ્રેજ લશ્કરના ઉપરી તે ન થઇ શકે એવો જાતિદ્વેષ એમની સામે પણ થયો. આની સામે એમણે ખુબ લડત ચલાવી અંતે ૧૯૧૭માં પોતાનો હક લીધો. લેફ્ટેનન્ટ પછી એ કૅપ્ટન થએલા. અને હજી હમણાં થોડા જ દિવસ પહેલાં એ મેજર થયા. આમ હીંદીઓના હક માટે સરકાર સામે લડવામાં પણ તે કદિ ડગ્યા નથી.

અસહકારનાં પાણી હજી આટલાં નહોતાં ઉતરી ગયાં ત્યારે નાગપુરમાં રાષ્ટ્રધ્વજની રક્ષા માટે યુદ્ધ મચ્યું હતું. મહાસભાએ રાષ્ટ્રધ્વજના ઉત્સવનો એક દિવસ નક્કી કરી તે દિવસે સૌ પોતપોતાના ઘર ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવે એવી આજ્ઞા કરી હતી.

આ આજ્ઞા મુજબ કાઠીઆવાડનાં દેશી રાજ્યોમાં એ ઉત્સવ ઉજવવો કે નહિ એ વિચારણામાં ભાવનગરના આગેવાનો હતા. અંગ્રેજ સરકારની અને બ્રિટિશ સામ્રાજ્યની યુદ્ધસેવા કરી તેના માનચાંદો અને ખિતાબો પામનાર શાહી લશ્કરી અમલદાર, અને ભાવનગર રાજ્યના અગ્રગણ્ય જવાબદાર અધિકારી આ નરવીરે તો એકદમ નિર્ણય કરી નાખ્યો કે રાષ્ટ્રધ્વજને નકશાની લાલ પીળી લીટી ન સ્પર્શી શકે. હું પહેલો મારા મકાનપર રાષ્ટ્રધ્વજ ફરકતો મેલું છું.

ત્યાર પછી એમની જીવનકળા ઓર ખીલી છે. દેશ-પ્રેમની પ્રબળ ધગશ એમના અંતરમાં રગરગે છે. કાઠીઆ-વાડી ક્ષત્રીવટની કંગાલીઅત જોઈ એમના હૈયામાં હોળી સળગે છે. કોમસેવા, નગરસેવા અને દેશસેવાના ક્ષેત્રમાં હમણાં હમણાં તો એમણે ખુબ કામ કરવા માંડ્યું છે.

જીવનમાં જેણે સદા આગેકદમ કુચ જ કરી છે, અને પગલે પગલે જેણે વિજયનાં પુષ્પો જ પથરાએલાં જોયાં છે એવો એ વિજયી નરવીર કોણ છે?

મેજર જોરાવરસિંહજી. ('સૌરાષ્ટ્ર'પરથી)

જમણા વિ૦ ડાબો

જમણા અને ડાબા હાથ વચ્ચે કેમ ભેદ પડ્યો હશે, ડાબે હાથે કેટલાંક કામ ન જ લેવાય, કેટલાંક જમણે હાથે જ લેવાય, એ પ્રથા ક્યારે પડી હશે, એ કોઇ નિશ્ચયપૂર્વક નથી કહી શકતું. પણ પરિણામ તો આપણે જાણીએ છીએ, કે ઘણાં કામો કરવામાં ઉપયોગને અભાવે ડાબો હાથ નકામો થઇ રહે છે, ને હમેશાં જમણા કરતાં એ નબળો પણ રહે છે.

જાપાનમાં એવું નથી. ત્યાંના લોકોને બંને હાથનો એક-સરખો ઉપયોગ બચપણથી જ શીખવવામાં આવે છે. એથી તેમનાં શરીરની ઉપયોગિતા આપણાં શરીરો કરતાં વધી પડે છે.

આ વિચારો મારા ચાલુ અનુભવને અંગે હું વાંચનારના લાભ અર્થે મુકું છું. જાપાનની વાત વાંચ્યાને મને વીસથી વધારે વરસ થયાં છે. જ્યારે મેં એ વાત સાંભળી, ત્યારે ડાબે હાથે લખવાનો અભ્યાસ પાડવાનું મેં શરૂ કર્યું, ને સામાન્ય ટેવ પાડી લીધી. મને અવકાશ નથી એમ માનીને મેં જમણા હાથના જેટલી જ ઝડપ ન મેળવી લીધી તેનો હવે પશ્ચાત્તાપ થાય છે. મારો જમણો હાથ હવે મારી ઇચ્છા મુજબ લખવાનું કામ નથી આપતો. ઘણું લખવાથી તેમાં દર્દ થાય છે. હાથે લખવાની શક્તિ જાળવી શકાય ત્યાં લગી જાળવવાનો લોભ છે. તેથી મેં ફરી ડાબા હાથનો ઉપયોગ શરૂ કર્યો છે. મને હવે એટલો અવકાશ તો નથી જ કે જેથી હું ડાબા હાથે જ બધું લખું ને જમણાના જેટલી ઝડપ મેળવું. છતાં તે મને કઠિન સમયે કામ આપી રહેલ છે તેથી મારો અનુભવ વાંચનારની સમક્ષ રજુ કરૂં છું.

જેને અવકાશ ને ઉત્સાહ હોય તે ડાબા હાથને પણ કેળવે. વખત જતાં તેની ઉપયોગિતા સૌ સિદ્ધ કરી લેશે.

કેવળ લખવાનો જ નહિ પણ બીજી ક્રિયાનો અભ્યાસ પણ ડાબે હાથે કરવામાં લાભ છે જ. જમણા હાથને કંઇક

થતાં ડાબે હાથે ખાવાનું સુદ્ધાં નથી કરી શક્તા એવા કેટલાયનો અનુભવ કોને નહિ થયો હોય? ડાબા હાથને સરખી તાલીમ દેવા પાછળ કોઇ ઘેલા બને એવો સાર તો આ લખાણમાંથી કોઇ ન જ ખેંચે. સહેજે ડાબા હાથને જેટલો અભ્યાસ આપી શકાય તેટલો આપવાની સલાહ દેવા જેટલો જ આશય આ નોંધનો છે. **મો. ક. ગાંધી** (નવજીવન)

ફોટોગ્રાફીનું શિલ્પ

આપણે તો ફોટોગ્રાફીની વિદ્યાને માત્ર લોકોની છબીઓ લેવાનું જ સાધન માનીએ છીએ, અને તેને એક જાતનો ખર્ચાળ શોખ ગણી તે તરફ બેદરકાર છીએ. જ્યારે આ જમાનાના દરેક કેળવાએલા દેશમાં ફોટોગ્રાફી તો જનસમાજનું ઉપકારક અંગ થઈ પડ્યું છે. માત્ર છબી તરીકે પણ તે માણસો, દેખાવો, મકાનો, મોટા બનાવો વગેરેની જે આબેહુબ ચિત્રનોંધ કરી આપે છે તેમાં જ તેની કીંમત પાર વગરની છે; ઉપરાંત વિજ્ઞાનમાં, શિક્ષણમાં, દફતરો રાખવામાં તેના ઉપયોગ બેશુમાર છે. ચિત્રો અને ફોટોગ્રાફોના રંગીન અને સાદા બ્લૉકો બનીને તે આબેહુબ ચોપાનીઆમાં છપાતા થયા એ પણ ફોટોગ્રાફીનો જ પ્રતાપ. જર્મનીમાં તો છીંટ છાપવાના નાનામોટા બ્લૉકો જેવા જોઇએ તેવા ફોટોગ્રાફીથી જ બને છે. સીનેમૅટોગ્રાફનો આજની દુનીઆનો મોટો ધીકતો ધંધો નરી ફોટોગ્રાફી જ છે. વર્તમાનપત્રો, જાહેરખબરો, નકશાઓ, ચિત્રો વગેરે ફોટોગ્રાફીની મદદથી જ આજ આટલો રોફ મારી શકે છે.

આટલી બધી ઉપયોગી બાબતોમાં પોતે હાથ બતાવ્યે છતાં પણ જાણે સંતોષ ન હોય તેમ 'સબમેં મેરી લગતી' કરતો એ ફોટોગ્રાફીનો કૅમેરા હવે મૂર્તિકારના સ્ટુડીઓમાં પેઠો છે, અને તેના કામમાં અતિ આશ્ચર્યકારક પરિણામ આણી ચુક્યો છે. દિવસોના દિવસો સુધી ટાંકણાં મારી-મારીને મહામહેનતે મૂર્તિઓ કોરનાર શિલ્પી હવે ફોટોગ્રાફીની મદદથી માત્ર થોડા જ વખતમાં શિલ્પકામ કરી શકે છે.

એની રીત આ છે. જેની મૂર્તિ કોરવી હોય તે આદમીની સામે કૅમેરા ગોઠવાય છે અને પછી એક જોરદાર રોશની તેના ઉપર પ્રકાશ નાખે છે. આથી તેના ચહેરા ઉપરથી અનેક કિરણો છુટી કૅમેરાની અંદરના એક કાચ ઉપર સાફ સમાંતર રેખાઓ પાડે છે. આ લીટીઓને કૅમેરાની અંદરથી જુઓ તો તે ચહેરાના દરેક ઉપાડ, ઢાળ અને વળાંક પ્રમાણે જ ઉંચીનીચી પડેલી લાગે છે. આ લીટીઓ આ જ પ્રમાણે બરોબર નેગેટિવ પર ઉતરી આવે છે.

પછી એક ખાસ બનાવટનું કોતરનારૂં યંત્ર આ નેગેટિવ કાચને જોડવામાં આવે છે. એ યંત્ર પોતાનો એક અણીદાર સળીઓ આ નેગેટિવની રેખાઓ મુજબ પથ્થર ઉપર ઉંચો નીચો ચલાવે છે. એ સળીઆને છેડે તીક્ષ્ણ સારડી હોય છે. યંત્ર ચાલે છે એટલે સળીઓ ફરે છે, અને તેને લીધે પેલી સારડી કાચ પરની ઉંચીનીચી રેખાઓની પ્રમાણે જ પથ્થર ઉપર ખરખરખર ફરીને મૂર્તિ કોતરી કાઢે છે. નેગેટિવના વળાંકો, ઢાળ કે ઉંડાઈ મુજબ જ એ કોતરણી થાય છે; એમાં લેશમાત્ર ફરક કે અચોકસાઇ રહેતાં નથી.

માણસની છાતીસમી મૂર્તિ, અથવા અરધી ઉપસાવેલી છાપ, નાની કે મોટી, પથ્થરમાં, ત્રાંબામાં, પ્લાસ્ટરમાં, સોના, રૂપા, કે ગમે તે જાતના મિશ્રણની ધાતુમાં, હાથીદાંતમાં —જેમાં કહો તેમાં આ ફોટોગ્રાફિક શિલ્પની મદદથી અસલ મુજબ જ, ઘણા ટુંકા વખતમાં ઉતારી શકાય છે. વળી આ નેગેટિવના કાચ સંઘરી પણ શકાય છે, એટલે ભવિષ્યમાં ગમે ત્યારે તે ઉપરથી, મૂર્તિકાર યંત્રની મદદથી બીજી મૂર્તિ પણ કોતરી શકે છે. આવી રીતે કૅમેરાની મદદથી આરસમાં કોરેલી થોડી મૂર્તિઓના ફોટોગ્રાફ આ નીચે આપ્યા છે.



કુમારો! ફોટોગ્રાફી માત્ર પૈસા બગાડનારી વસ્તુ નથી, પણ ગહન અભ્યાસનો વિષય છે. દેશના ઉદ્યોગોને સુધારવા અને ખીલવવાનું એ એક અતિ ઉપયોગી સાધન છે.

બાલાજી આબાજી ચીટણીસ

રામપુર શહેર સીદી લોકના તાબામાં હતું. શિવાજીએ તેને ઘેરો ઘાલ્યો અને ઘણાક શ્રીમાન સીદીઓને લુટી લીધા. આ શહેરમાંથી મહારાજને બાલાજી આબાજી નામનો બુદ્ધિશાળી પુરુષ મળ્યો.

બાલાજીના પિતા આબાજી જંજીરાના સીદી રાજાના દીવાન હતા. પણ પાછળથી ઇતરાજી થતાં સીદી રાજાએ આબાજીના બધા ભાઇઓને મારી નખાવ્યા અને તેનાં વહુ-છોકરાંને તરાપામાં બેસાડી ગુલામો તરીકે વેચાવા મોકલી દીધાં. પણ બાલાજીની માતા પક્કી અને પ્રપંચી હતી. તેણે ખલાસીઓને સમજાવ્યા અને રામપુરમાં વેચવા જણાવ્યું. રામપુરમાં બાલાજીનો મામો મોટો વેપારી હતો. તેણે અજાણ્યા માણસ તરીકે બ્હેનભાણેજને ખરીદ્યા.

અહીંથી બાલાજીએ પોતાની ગરીબાની વાત શિવાજી મહારાજને કાગળમાં લખી. મરોડદાર અને ચોખ્ખા અક્ષરો જોઇને શિવાજી મહારાજને આ માણસ માટે માન થયું. રામપુર કબજે કરીને મહારાજ તેને મળ્યા. બાલાજીની માતા પણ શિવાજીને પગે પડી કાલાવાલા કરવા લાગી. શિવાજીએ કહ્યું કે જેવા એ તમારા ત્રણ દીકરા છે તેવો જ ચોથો મને ગણજો. મહારાજે ત્રણે ભાઇઓને સારી નોકરીઓ આપી.

બાલાજી ઉપર મહારાજની વિશેષ કૃપા હતી. મહારાજ પ્રત્યેક ગુપ્ત કામ પ્રથમ તેને કહેતા. તે ઘણો પ્રમાણિક અને સ્વામીનિષ્ઠ હોવાથી મહારાજનો તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. વિશેષ મહત્વના પત્રો અને ખરીતા તેઓ હમેશાં તેની પાસે જ લખાવતા. તે ઉત્તમ લેખક હતો અને પ્રબંધનો ક્રમ બરોબર ગોઠવતો, તેથી તેને કોઈ પણ વિષય સંબંધી થોડીક સુચના આપવાથી પુરતું થઈ પડતું.

સવારીમાં ફરતાં એક સમયે મહારાજે તેને પોતાની પાસે બોલાવી ખરીતો લખવાની સુચના આપી હતી.

પરંતુ દિવસ આખામાં એક પછી એક કામ નીકળ્યાથી ખરીતો લખવાનો તેને અવકાશ મળ્યો નહિ. રાતે મહારાજે તેને બોલાવી ખરીતો લખવા સંબંધી પુછ્યું. એ સાંભળતાં જ બાલાજી ગભરાઈ ગયો. તેને ખાતરી હતી કે ના કહેવાથી આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા થશે. માટે સમયોચિત વર્તવું જોઇએ. એવો વિચાર કરી તેણે ઉત્તરમાં હા કહી. મહારાજે આજ્ઞા કરી કે ખરીતો કેવી રીતે લખ્યો છે તે મને વાંચી સંભળાવો. બાલાજીએ તરત જ દફતર છોડી તેમાંથી એક કોરો કાગળ હાથમાં લીધો અને જરા પણ અટક્યા વગર તે કાગળ કડકડાટ વાચવા માંડ્યો! આખો ખરીતો વાંચી સંભળાવ્યાથી મહારાજ ઘણા ખુશી થયા અને ક્રમવાર ખરીતો લખવા માટે બાલાજીનાં વખાણ કર્યાં.

બાલાજીના પાસે એક નોકર દીવો ધરીને ઉભો હતો. તેણે તેની ચતુરાઈ જોએલી હોવાથી તેને હસવું આવ્યું. મહારાજે તેને હસવાનું કારણ પુછ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો કે 'મહારાજ, બાલાજીએ હમણાં જે કાગળ વાંચ્યો છે તે તદ્દન કોરો છે. તે ઉપર કાંઇ પણ લખ્યું નથી.' બાલાજીની ચોરી પકડાઇ જતાં તેણે મહારાજ સમક્ષ પોતાનો અપરાધ કબુલ કર્યો અને ખરીતો લખવાનો સમય કેવી રીતે મળ્યો નહિ તેનું કારણ કહી સંભળાવ્યું. તેની આવી સમયોચિત બુદ્ધિશક્તિ જોઇ મહારાજ અતિશય પ્રસન્ન થયા. ('શ્રી શિવાજી છત્રપતિ' નામના ગ્રંથમાંથી)

વિજ્ઞાનથી જ સ્વરાજ આવી શકે. ભૂતકાળની આપણી જાહોજલાલી વીશે ગાથાઓ ભણ્યા કરીએ તેથી કંઇ સ્વરાજ ઉતરી આવવાનું નથી. વિજ્ઞાનમા આપણે પ્રગતિ કરીશું તો જ આપણા દેશને જગતમાં યોગ્ય સ્થાન અપાવી શકીશું. તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કરો. આજે જણાતી ખાલી ઓરડીઓમાં તમે તમારી પ્રયોગશાળાઓ રચો; તેમાં તમે વીજળીના પંખાની જરૂરીઆત જોતા નહિ, કારણકે તમારે તો સુરજના પ્રખર તડકામાં કામ કરવાનું છે. તમે તમારા દેશની જ પ્રયોગશાળાઓમાં રહો, અભ્યાસ કરો અને વિજ્ઞાન મેળવો. **ડૉ. જગદીશચંદ્ર બોઝ**

આખા હાંદમાં આમલી પાકે છે છતાં એક બે જણ સીવાય કોઈ તેનો ટારટરિક ઍસિડ બનાવતું નથી અને વીલાયતી ટારટરિક ઍસિડ, ઍન્ટિમની ટારટરેટ વગેરે મંગાવી વાપરે છે. લીંબુ હાંદ આખામાં પાકે છે છતાં કોઇ સાઇટ્રિક ઍસિડ બનાવતું નથી ને વીલાયતી જ મંગાવી વાપરે છે. અંજીર સુકવવાના ઉદ્યોગની સવિસ્તર માહિતી 'ઍગ્રીકલ્ચરલ જરનલ ઑફ ઇંડીઆમાં આપવામાં આવી છે. અંજીર પુનામાં ઢગલા પાકે છે છતાં કોઈ સુકવવાનું ચાલુ કરતું નથી અને દૂર દેશાવરથી મંગાવી ખાય છે! આવી એક હજાર ને એક બાબતો નોંધી શકાય એમ છે. પણ એદી હાંદીવાન છાતીપર પડેલા બોરને પોતાને હાથે ઉચકી મોંમાં મુકતો નથી અને ઉંટ પર બેઠેલા સવારને કહે છે કે એ બોર મારા મોંમાં નાખ! (ગુ. કેસરી)

ફ્રાન્સના નૌકાખાતાના સત્તાવાળાઓએ એવી શોધ કરી છે કે બિસ્કેના અખાતનું તળીઉં દિનપ્રતિદિન ઉપસતું જાય છે! એવું માનવામાં આવે છે કે આ તળીઉં થોડાક વખતમાં જ પાણીની સપાટી સુધી ઉપસી આવશે. એ જાપાનના ધરતીકંપને પરિણામે ઉપસી રહ્યું છે, એમ લોકો માને છે. નૌકાખાતાનું પ્રધાનમંડળ આ વાત સાંભળીને ચિંતામાં પડ્યુ છે. આ તળીઉં ઉપસતું ઉપસતું સપાટી સુધી આવી રહે તો ફ્રાન્સના વહાણવટાને ભારે નુકસાન પહોંચે.(કર્મભૂમિ)



રામચંદ્ર કેરડે નામના ભરૂચના એક વિદ્યાર્થીએ ઇન્ટરમાં નાપાસ થવાથી ફાંસે ખાઇ આપઘાત કર્યો! કોડીની યે કીંમત નહિ એવી કેળવણી માટે આવો ભોગ! અને તે પણ બેશુમાર ખરચ કર્યા બાદ! આપણા જુવાનોની નબળાઇ તો જુઓ.

ક્રિસ્ટો ફલોરો નામના ફ્રાન્સના એક શોધકે વીજળીની મદદથી પાક ઉગાડવામાં અદ્ભુત વધારો કર્યો છે. હવા, પૃથ્વી અને સૂર્યના પ્રકાશમાંની વીજળીનો ઉપયોગ કરી તેણે વાંઝીઆં ઝાડને ફળફુલવાળાં બનાવ્યાં છે અને સાદાં ઝાડની પેદાશ વધારી છે.

અમેરિકાની પિટર્સબર્ગ યુનિવર્સિટીએ ત્રણ કરોડ રૂપીઆ ખર્ચીને બાવન માળની ૬૮૦ ફુટ ઉંચી ઈમારત બાંધવાનું ઠરાવ્યું છે. એ મકાનમાં બાર હજાર વિદ્યાર્થીઓ રહી શકશે.

કાબુલમાં આવેલા હિરતમાં પેટ્રોલ વગેરેના કુવાની શોધ થઇ છે. આથી તેની ખોલવણી માટે ત્યાંની અફઘાન સરકારે ૪૦૦ વિદ્યાર્થીઓને જર્મની તેનુ શિક્ષણ લેવા મોકલ્યા છે. ટુંક સમયમાં ગઇ કાલનું અભણ અફઘાનિસ્તાન સ્વતંત્રતાને યોગ્ય માર્ગે પળ્યું છે. હજી પણ હીંદી જુવાનોની આંખો નહિ ઉઘડે ?

સ્વાતંત્ર્યમૂર્તિ, પરાક્રમી, રાજ્યકાર્યકુશળ ઇંદોરનાં મહારાણી અહલ્યાબાઇ હોલ્કરના જન્મ દિવસ નિમિત્તે ગઈ તા. ૧૮મીએ મહારાષ્ટ્રનાં નાનાંમોટાં ઘણાં ગામોમાં ઉત્સવ પાળવામાં આવ્યો હતો. અહલ્યાબાઈ ગરીબ કુળમાં જન્મીને પોતના લોકોત્તર ગુણોથી શ્રેષ્ઠ ઠર્યાં હતાં. હિમાલયથી રામેશ્વર પર્યંત હીંદના દરેક પવિત્ર ક્ષેત્રમાં તેમનાં દાનશૂરપણાનાં સ્મારક છે. તેમનું ચરિત્ર એકંદર બોધપ્રદ છે. આવાં સ્ત્રીરત્નો ભાગ્યે જ પાકે છે. (ગુ૰ કેસરી)

કલકત્તા યુનિવર્સિટીની સેનેટે ઠરાવ કર્યો છે કે, શાળાઓમાં કોઇ પ્રકારની શારિરીક કસરત ફરજીઆત ઠરાવવી તથા કૉલેજના વિદ્યાર્થીઓ માટે લશ્કરી તાલીમ ફરજીઆત ઠરાવવી. અને શાળાના સત્તાવાળાઓએ વિદ્યાર્થીઓને બરાબર ખોરાક મળે તે ઉપર ધ્યાન આપવું.

મુંબાઇ મ્યુનિસિપાલિટીએ કરેલા ઠરાવને અનુસરીને મુંબાઈની શાળાસમિતિએ આવતી તા. ૧-૪-૧૯૨૬થી મફત અને ફરજીઆત શિક્ષણ આપવાની ગોઠવણ કરી છે.

ધોળકામાં ચોરોનો ત્રાસ વધી પડવાથી ત્યાંના કુમારોએ સૈન્ય ઉભું કરી ચોકી કરવા માંડી. આથી ચોરીનો ત્રાસ ઘટતો જતો જણાયો છે.

લીલો મેવો

રેલ ગાડીમાં બેઠા બેઠા આપણી રેલ ગાડીની ઝડપ કેટલી હશે તે માપી લેવાનો સરળ ઉપાય એ છે કે રેલ ગાડીનાં પૈડાં જ્યારે બે પાટાના સાંધાપરથી પસાર થાય છે ત્યારે જે ખટ ખટ અવાજ થયાં કરે છે તે ૨૦ સેકંડમાં કેટલીવાર થયો તે ગણવું. વીસ સેકંડમાં જેટલીવાર એ અવાજ સંભળાય તેટલા માઇલ દર કલાકના સમજી લેવા.

આગમાં એકદમ સળગી ન ઉઠે એવાં કાગળ અને કપડાં બનાવવામાં આવે છે. એ જોઈ લોકોને ચમત્કાર લાગે છે. કાગળને એવો બનાવવા માટે ફટકડીના પાણીમાં બોળી સુકવી લેવો. એમ ત્રણવાર ભીંજવી ત્રણવાર સુકવવો. એ કાગળ દીવાપર પણ એકાએક સળગશે નહિ. એ જ મુજબ કપડાને કે રૂમાલને પણ જો ટંકણખાર (પાટીયા સુવાગી, સુહાગા)ના પાણીમાં બોળી સુકવીને આગપર ઝાલ્યો હોય તો નહિ સળગે, અને ચમત્કાર જણાશે.

લીંબુ, આમલી, કુસ, કાચ, એવા એવા હજારો ઉદ્યોગો પર સરકારે પુસ્તકો લખાવ્યાં છે અને તેનું લિસ્ટ ડિરેકટર ઑફ કમર્શીઅલ ઇન્ટેલિજન્સ કલકત્તા, અથવા સુપરિન્ટેન્ડન્ટ ગવર્નમેન્ટ પ્રેસ કલકત્તા એ શરનામે લખવાથી મળી શકે છે. અથવા દરેક પ્રાંતના ઉદ્યોગોની માહીતીનાં પુસ્તકો તે પ્રાંતના મુખ્ય શહેરના ગવર્નમેન્ટ પ્રેસના વ્યવસ્થાપકને લખવાથી મળે છે. શા માટે આપણા જુવાનો એ સાહિત્યનો ઉપયોગ કરતા નથી અને વહાલાવહાલીની નવલકથાઓ વાંચ્યા કરે છે? (ગુ. કેસરી)

દિલ્હી પાસે એક ટેકરી છે તેને લોકો 'પહાડી' કહે છે. અંગ્રેજો તેને કંઇ નામ ન આપતાં પહાડીનું અંગ્રેજી ધિ રિજ નામથી ઓળખવા લાગ્યા. દિલ્હીના લોકો પણ તેને ધિ રિજ કહેતા. ધીરેધીરે ધિ રિજ માંથી ધીરજ થઇ ગયું, અને આજે ધીરજ ટેકરી અથવા પહાડી ધીરજ નામથી તે ટેકરી ઓળખાય છે! આવી જ રીતે મદ્રાસમાં એક હેમિલ્ટન સાહેબના નામ ઉપરથી હૅમિલ્ટન બ્રિજ નામનો પુલ છે. તેને મદ્રાસીઓ હમ્બટન (ત્યાંની ભાષામાં હજામ) બ્રિજ કહેવા લાગ્યા. આ ઉપરથી તે પુલનું નામ અંગ્રેજીમાં બાર્બર્સ બ્રિજ પડ્યું!

પેરીસનું ઈફીલ ટાવર માત્ર ૯૮૫ ફુટ ઉંચું છે!

દર વર્ષે લંડન રૂ. ૨૨૫૦૦૦૦૦ નાં સફરજન ખાઈ જાય છે!

ચીનની પેલી પ્રખ્યાત દીવાલની બધી લંબાઇ બહુ બહુ તો ૩૯૩૦ માઇલ હશે!